અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 14 ઓગસ્ટ 2026 શુક્રવાર
વિક્રમ સંવત 2082, શ્રાવણ સુદ -2


વર્ષ : 18
અંક : 46

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ


કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3 
ઈરાનના ટાર્ગેટ પર હતા ડોનાલ્ડ ટ્રમ્પ: તુર્કીયેમાં હોટલના કયાં ફ્લોર પર રોકાયા છે તે પણ ખબર હતી, છેલ્લી ઘડીએ...

4 
ક્લાઈમેટ ઈમર્જન્સી : શાંઘાઈથી સિડની સુધી ચારે તરફ કુદરતનો કેર!

6 
હૈવાનમાં અંધ સૈફ અલી ખાન હૈવાનની શોધ કરશે, પ્રિયદર્શને જોરદાર ટીઝરથી ઝલક આપી

7 
મહિને 25000 પગાર હશે તો પણ મળશે પેન્શન!: ATMથી ઉપાડી શકશો PFના પૈસા, EPFOના નિયમોમાં બદલાવ


## પ્રતિબંધિત પદાર્થોની થશે તપાસ

# ગાંજા કાંડ બાદ ગ્રૂપના તમામ પાયલટોના ફરજિયાત સ્ક્રિનિંગનો એર ઈન્ડિયાનો આદેશ

■ દિલ્હી-ફુકેત ફ્લાઈટ AI2379માં થયેલી ઘટના, જ્યાં એક પાયલટ કોકપિટના ફ્લોર પર પડેલા જોવા મળ્યા હતા અને ૧૫થી વધુ લોકો ઘાયલ થયા હતા, તે પછી આ પગલું લેવાયું

**નવી દિલ્હી, તા.13**

એર ઈન્ડિયાએ 'ગાંજા કાંડ' બાદ પોતાના ગ્રૂપના તમામ પાયલોટોના ફરજિયાત સ્ક્રિનિંગનો આદેશ આપ્યો છે. નિયમો હેઠળ પ્રતિબંધિત પદાર્થો અને દવાઓની તપાસ કરવામાં આવશે. એર ઈન્ડિયાનો દાવો છે કે, ટ્રેનિંગ અને ઉડાન બાદ પાયલોટોની તપાસ થશે. ગુરુગ્રામ એકેડેમી, ફ્લાઈટ બ્રીફિંગ સેન્ટર અને બેઝ લોકેશન પર આ સ્ક્રિનિંગ હાથ ધરાશે. એર ઈન્ડિયાના જણાવ્યા અનુસાર, DGCAના નિયમો યુરોપ અને અમેરિકાના ધોરણો સમાન છે.



એર ઈન્ડિયાનું કહેવું છે કે, તે પહેલેથી જ DGCAના તમામ નિયમોનું પાલન કરે છે, પરંતુ હવે કંપનીએ સુરક્ષા માટે નિયમોથી એક ડગલું આગળ વધીને તમામ પાયલોટોનું સ્ક્રિનિંગ કરાવવાનો નિર્ણય લીધો છે. કંપનીએ જણાવ્યું છે કે, આ પગલાનો હેતુ મુસાફરોની સુરક્ષા અને એર ઈન્ડિયા પર લોકોનો વિશ્વાસ જાળવી રાખવાનો છે.

4 ઓગસ્ટના રોજ દિલ્હી-ફુકેત ફ્લાઈટ નંબર AI2379માં ટર્બ્યુલન્સ(હવાનો તીવ્ર આંચકો) થયો હતો. સૂત્રોએ જણાવ્યું કે ફુકેતથી દિલ્હી પરત ફરતી વખતે વિમાન અચાનક લગભગ 300 ફૂટ નીચે આવી ગયું હતું. આ દરમિયાન મુખ્ય પાયલોટ કોકપિટના ફ્લોર પર પડેલો હોવાની બાબત સામે આવી હતી. આ ઘટનામાં 15થી વધુ લોકો ઘાયલ થયા હતા. એરક્રાફ્ટ અકસ્માત તપાસ બ્યુરો(AAIB) આ મામલે તપાસ કરી રહ્યું છે. એવો દાવો કરવામાં આવ્યો છે કે પાયલોટે ગાંજો પીધો હતો. ક્રૂ મેમ્બરે પોતે આ અંગે ફરિયાદ કરી હતી. આ સાથે જ સૂત્રોના જણાવ્યા અનુસાર, સીટ સંબંધિત પ્રોટોકોલને લઈને પાયલોટ અને કેબિન ક્રૂના એક સભ્ય વચ્ચે બોલાચાલી થઈ હતી. ફુકેત પહોંચ્યા પછી પણ બંને વચ્ચેનો તણાવ પૂરો થયો ન હતો.

11 ઓગસ્ટના રોજ એર ઈન્ડિયાના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર(CEO) કેમ્પબેલ વિલ્સને એરલાઈનના વરિષ્ઠ અધિકારીઓ સાથે નાગરિક ઉડ્ડયન સચિવ સમીર કુમાર સિંહા અને અન્ય અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે, નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ફ્લાઈટ AI2379ની ઘટના બાદ એરલાઈનના ત્રણ વરિષ્ઠ અધિકારીઓને બેઠક માટે બોલાવ્યા હતા.

## મુશ્કેલીઓ સામે હાર ન માનો : વડાપ્રધાન

# મોદીએ સંસ્કૃત શ્લોક દ્વારા આપ્યો દેશવાસીઓને પ્રેરણાદાયક સંદેશ

■ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પ્રેરક સંસ્કૃત સુભાષિત શેર કર્યું

**નવી દિલ્હી, તા.13**

નવી દિલ્હી: વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પ્રેરક સંસ્કૃત સુભાષિત શેર કર્યું છે. આ સુભાષિત દ્વારા તેમણે દ્રઢ સંકલ્પ, અથાગ મહેનત અને પુરુષાર્થનું મહત્વ સમજાવ્યું છે. તેમણે શેર કરેલા શ્લોકમાં મુશ્કેલ પરિસ્થિતિઓ સામે હાર ન માનવા અને સતત પ્રયાસ કરતા રહેવાનો સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે.

પીએમ મોદીએ પોતાની પોસ્ટમાં લખ્યું હતું: દૈવ પુરુષકારેણ યઃ સમર્થઃ પ્રબાધિતુમ | ને દૈવેન વિપન્નાર્થઃ પુરુષઃ સોઽવસીદતિ || આ સંસ્કૃત શ્લોકનો અર્થ છે કે જે વ્યક્તિ પોતાના દ્રઢ સંકલ્પ, અથાગ પરિશ્રમ અને પુરુષાર્થથી પ્રતિકૂળ પરિસ્થિતિઓને પણ અનુકૂળ બનાવવાની ક્ષમતા ધરાવે છે, તે જીવનમાં આવતી મુશ્કેલીઓથી ક્યારેય હાર માનતો નથી. તે સતત પ્રયાસ કરતો રહે છે અને અંતે



સફળતા પ્રાપ્ત કરે છે.

આ સંદેશ દ્વારા વડાપ્રધાને સમગ્ર દેશવાસીઓને, ખાસ કરીને યુવાનોને, મુશ્કેલીઓને પડકાર તરીકે સ્વીકારીને આગળ વધવાની પ્રેરણા આપી છે. આ પહેલાં બુધવારે પણ વડાપ્રધાન મોદીએ 'ઠ' પર એક અન્ય સુભાષિત શેર કર્યું હતું. તેમાં તેમણે દેશના યુવાનોને ભારતનું ભવિષ્ય જ નહીં, પરંતુ વર્તમાનની સૌથી મોટી શક્તિ ગણાવી હતી.

પીએમ મોદીએ લખ્યું હતું કે, "આપણા યુવા સાથીઓ દેશનું ભવિષ્ય જ નહીં, પરંતુ વર્તમાનની સૌથી મોટી શક્તિ પણ છે. તેમણે પોતાની સંવેદનશીલતા, સેવાભાવ અને સામર્થ્યથી સમગ્ર વિશ્વમાં અલગ ઓળખ બનાવી છે." સાથે જ તેમણે બીજો સંસ્કૃત શ્લોક પણ શેર કર્યો હતો: "ચક્ષુષા મનસા વાચા કર્મણા ચ ચતુર્વિધમ્ | પ્રસાદયતિ યો લોકં તં લોકોઽનુપ્રસીદતિ |"

આ શ્લોકનો અર્થ છે કે જે વ્યક્તિ પોતાની દૃષ્ટિ, વિચારો, વાણી અને કર્મો દ્વારા લોકોનું હૃદય જીતી લે છે, તે લોકોના વિશ્વાસ, સન્માન અને સદભાવનો હકદાર બને છે. વડાપ્રધાન મોદીની તાજેતરની આ સતત પોસ્ટ્સમાં સારા વિચારો, સદાચાર, મહેનત, સંકલ્પ અને સમાજ પ્રત્યેની જવાબદારી જેવા વિષયો પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. તેમના ગુરુવારના સંસ્કૃત સુભાષિતનો મુખ્ય સંદેશ પણ સ્પષ્ટ છે કે મુશ્કેલ પરિસ્થિતિઓ સામે નમવાને બદલે પુરુષાર્થ અને સતત પ્રયાસના બળથી આગળ વધવું જોઈએ. આ પ્રેરક સંદેશો દેશના યુવાનો અને સમગ્ર નાગરિકોમાં હિંમત અને આત્મવિશ્વાસ જગાવવાનું કામ કરી રહ્યા છે.

## વારંવાર રજૂઆત છતાં કોઈ મારી વાત નહોતું સાંભળતું...,

# હરભજન સિંહે જણાવ્યું AAP છોડવાનું કારણ

**નવી દિલ્હી, તા.13**

પૂર્વ ક્રિકેટર અને રાજ્યસભા સાંસદ હરભજન સિંહે પંજાબના મુખ્યમંત્રી પર રમતગમતને પ્રોત્સાહન આપવામાં કોઈ રસ ન દાખવવાનો અને ક્યારેય મુલાકાતનો સમય ન આપવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. તેમણે આમ આદમી પાર્ટી (AAP) છોડીને ભાજપમાં જોડાવા માટે પંજાબના મુખ્યમંત્રીને જવાબદાર ઠેરવ્યા છે. વર્ષ 2022માં આમ આદમી પાર્ટી તરફથી રાજ્યસભામાં ગયેલા હરભજન સિંહે અન્ય 6 સાંસદો સાથે એપ્રિલ 2026માં ભાજપમાં પ્રવેશ કર્યો હતો.

હરભજન સિંહે જણાવ્યું કે, જ્યારે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનએ તેમને પાર્ટીમાં જોડાવા કહ્યું હતું, ત્યારે તેમનો મુખ્ય હેતુ રમતગમતના મુદ્દાઓને વાચા આપવાનો હતો. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, તેઓ માત્ર રમતગમત પર જ વાત કરશે અને રાજકારણથી દૂર રહેશે. પંજાબ તેમજ રાષ્ટ્રીય સ્તરે રમતગમતને પ્રોત્સાહન આપવાની તક મળી રહી હોવાથી તેઓ પાર્ટીમાં જોડાયા હતા.

ભાજપમાં જોડાવાનું ખરું કારણ આપતા તેમણે ઉમેર્યું કે, પાર્ટીમાં રજૂ કરેલા તેમના વિચારો અને વિઝનને સતત નજરઅંદાજ કરવામાં આવ્યા હતા. તેમના



સૂચનો પર કોઈ ધ્યાન આપવામાં આવતું નહોતું. જો તેમના સૂચવેલા માર્ગ પર એક નાનું કદમ પણ ઉઠાવવામાં આવ્યું હોત, તો તેઓએ આજે પાર્ટી છોડી ન હોત. જે કામ માટે તેઓ જોડાયા હતા તે કામ ન થતાં આખરે કંટાળીને તેમણે આ નિર્ણય લીધો હતો.

તેમના ઘર બહાર થયેલા વિરોધ પ્રદર્શન અને પૂતળા દહનની ઘટના પર તેમણે કહ્યું કે, પ્રદર્શનકારીઓ કોણ હતા અને ક્યાંથી આવ્યા હતા તે સૌ કોઈ જાણે છે. દેશની જનતા તેમને ક્રિકેટના કારણે પ્રેમ કરે છે, તેથી સામાન્ય જનતા તેમનો વિરોધ ન કરે. તેમણે સવાલ ઉઠાવ્યો કે, પંજાબની જનતા સાથે કરેલા મોટા-મોટા વાદાઓનું શું થયું? વાસ્તવિકતામાં ગદ્દાર કોણ છે?

પોતાના પર લાગેલા આક્ષેપોનો જવાબ આપતા તેમણે સ્પષ્ટ કર્યું કે, કોઈના કહેવાથી તેઓ ગદ્દાર કે, ચોર બની જતા નથી. તેમનું દિલ ભારત અને પંજાબ માટે ધડકે છે અને તેમની દેશભક્તિ સાબિત કરવા માટે તેમને કોઈના પ્રમાણપત્રની જરૂર નથી. આવી બાબતોથી ધ્યાન ભટકાવ્યા વિના તેઓ પોતાનું કામ ચાલુ રાખશે.

# 'સરકારી બાબુઓના રૂમમાં AC, અમને પંખો પણ નથી મળતો!', અમેઠીમાં Gen Alphaનો અડધી રાત્રે ભારે હોબાળો

**લખનઉ, તા.13**

ઉત્તર પ્રદેશના અમેઠી જિલ્લામાં સેઠા રોડ પર આવેલી જવાહર નવોદય વિદ્યાલયમાં મંગળવારે મોડી રાત્રે જબરદસ્ત હંગામો અને વિરોધ જોવા મળ્યો હતો. હોસ્ટેલમાં ખરાબ ભોજન, પાણીની અછત અને સુવિધાઓના અભાવથી કંટાળીને નવોદય વિદ્યાલયના સેંકડો 'Gen Alpha' (ધોરણ 6 થી 12ના વિદ્યાર્થીઓ) રસ્તા પર ઉતરી આવ્યા હતા, અને રાત્રે જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. મંગળવારે રાત્રે 8 વાગ્યે શરૂ થયેલું વિદ્યાર્થીઓના આ ધરણાં મોડી રાત્રે લગભગ 1 વાગ્યા સુધી ચાલ્યા હતા. આખું પરિસર 'ટીચર ગો બેક' અને અન્ય નારાઓથી ગુંજી ઊઠ્યું હતું.

ગુસ્સે ભરાયેલા વિદ્યાર્થીઓએ શાળા તંત્રની પોલ ખોલતા ગંભીર આક્ષેપો કર્યા છે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે, મેસમાં મળતું ભોજન એટલું ખરાબ હોય છે કે, સિનિયર વિદ્યાર્થીઓ અવારનવાર રાત્રે ભૂખ્યા જ ઊંઘી જાય છે. દૂષિત ખોરાક ખાવાથી ઘણા બાળકો બીમાર પણ પડી ચૂક્યા છે, પરંતુ સારવારની કોઈ વ્યવસ્થા નથી. નાસ્તામાં અવારનવાર માત્ર 'ફ્રાય રાઈસ' આપી દેવામાં આવે છે.



જ્યારે વિદ્યાર્થીઓ આ અંગે ફરિયાદ કરે છે, ત્યારે જવાબદારો સુધારો કરવાને બદલે ટોણાં મારે છે કે, 'પસંદ ન હોય તો પોતાના ઘરે જતા રહો, ત્યાં સારું ભોજન મળશે.'

વિદ્યાર્થીઓએ એ પણ જણાવ્યું કે, હોસ્ટેલમાં પાણીની ભારે અછત છે, ઉપરના માળના બાથરૂમ ટપકે છે, અને ઉનાળામાં પંખા એટલા ધીમા ચાલે છે કે, ઊંઘવું પણ મુશ્કેલ બની જાય છે. એક વિદ્યાર્થીએ પોતાનું દુઃખ ઠાલવતા કહ્યું, 'અધિકારીઓની ઓફિસોમાં તો એર કન્ડીશનર (AC) લાગેલા છે, અને અમારા રૂમના પંખા હવા પણ આપતા નથી!' આ ઉપરાંત, પુસ્તકો વગર અભ્યાસ કરાવવાનો અને સવાલ પૂછવા પર શિક્ષકો દ્વારા અસભ્ય ભાષાનો ઉપયોગ કરવાનો પણ આરોપ લાગ્યો છે.

હંગામાની જાણ થતાં જ SDM ગૌરીગંજ દિશા શ્રીવાસ્તવ, SDM મુસાફિરખાના, CO ગૌરીગંજ અને કોતવાલી પોલીસના અધિકારીઓ વિદ્યાલય પહોંચ્યા હતા. રાત્રે જ અધિકારીઓએ વિદ્યાર્થીઓ સાથે સીધી વાત કરી હતી, અને તેમની માંગણીઓનું લેખિત મેમોરેન્ડમ લીધું હતું. નિષ્પક્ષ તપાસ અને તાત્કાલિક કાર્યવાહીના નક્કર આશ્વાસન બાદ જ રાત્રે આશરે 1 વાગ્યે વિદ્યાર્થીઓ શાંત થયા હતા, અને પોતાના રૂમમાં પરત ફર્યા હતા.

મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બુધવારે જિલ્લા મેજિસ્ટ્રેટ (DM) સંજય ચૌહાણ, SP સરવણન ટી અને SDM દિશા શ્રીવાસ્તવે નવોદય વિદ્યાલયની મુલાકાત લીધી હતી. DM અને SPએ પોતે મેસમાં જઈને બાળકો સાથે જમીન પર બેસીને લંચ કર્યું હતું, અને ભોજનની ક્વોલિટીની સમીક્ષા કરી હતી.

DM સંજય ચૌહાણે કહ્યું, 'માહિતી મળતા જ મેં જાતે વિદ્યાલય પરિસરની મુલાકાત લીધી હતી. મેનેજમેન્ટ અને વિદ્યાર્થીઓ બંને સાથે વાતચીત કરીને સમસ્યાઓ સાંભળી છે. સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ માટે SDM દિશા શ્રીવાસ્તવના અધ્યક્ષપદે 5 સભ્યોની કમિટી બનાવવામાં આવી છે. તાત્કાલિક ઉકેલી શકાય તેવી સમસ્યાઓને તુરંત પૂરી કરવાના નિર્દેશ આપવામાં આવ્યા છે, અને જર્જરિત ઈમારતોના સમારકામ માટે બજેટની માંગ મોકલવાનો આદેશ આપ્યો છે.'

## મેસીના ભારત પ્રવાસ પાછળ મોટું કૌભાંડ?

# કેરલમમાં ગરબડ અને GST ચોરીની તપાસ શરુ

**તિરુવનંતપુરમ, તા.13**

લિયોનેલ મેસી અને આર્જેન્ટિના ફૂટબોલ ટીમને કેરળ લાવવાના નિષ્ફળ આયોજન અંગે અગાઉની ડાબેરી(LDF) સરકારના સમયગાળા દરમિયાન થયેલી ભારે ગેરરીતિઓ સામે આવ્યા બાદ રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. સ્પોર્ટ્સ ડિપાર્ટમેન્ટ દ્વારા તૈયાર કરાયેલા સ્પેશિયલ ઈન્ક્વાયરી રિપોર્ટના આધારે મુખ્યમંત્રી વી.ડી. સતીશને ગંભીર પ્રક્રિયાગત ક્ષતિઓ, GST ફ્રોડ અને સ્પોન્સર પસંદગીમાં અનિયમિતતાઓ હોવાની બાબતને ગંભીરતાથી નોંધવામાં આવી હોવાનું સ્પષ્ટ કર્યું છે.

સ્પોર્ટ્સ ડિપાર્ટમેન્ટના સ્પેશિયલ સેક્રેટરી એન. પ્રશાંત દ્વારા તૈયાર કરવામાં આવેલા તપાસ રિપોર્ટ અનુસાર, ખાનગી સ્પોન્સર 'રિપોર્ટર બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન'ની પસંદગી અત્યંત અપારદર્શક અને મનસ્વી રીતે કરવામાં આવી હતી. નિયમોનું ઉલ્લંઘન: સ્પોન્સર પસંદ કરતી વખતે કોઈ એક્સપ્રેસન ઑફ ઈન્ટરેસ્ટ, ફંડિંગ સોર્સની ચકાસણી કે કંપનીની નાણાકીય ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું નહોતું. શંકાસ્પદ સેલ કંપનીઓ: ઘટનાની સરકારી રજૂઆતના ગણતરીના 20 દિવસ પહેલાં જ બનેલી 'GoatAd



Global Limited' નામની કંપનીનું આ સમગ્ર ડીલમાં જોડાણ સામે આવ્યું છે. રિપોર્ટમાં આ બંને કંપનીઓની મિલકતો અને સંબંધો અંગે સીરિયસ ફ્રોડ ઈન્વેસ્ટિગેશન ઑફિસ અને રજિસ્ટ્રાર ઑફ કંપનીઝ દ્વારા તપાસની ભલામણ કરાઈ છે. અગાઉની સરકાર દ્વારા એવો દાવો કરવામાં આવ્યો હતો કે મેસીની ટીમને લાવવા અંગે AFA સાથે કરાર થયો હતો, પરંતુ તપાસ રિપોર્ટમાં સણસણતો ખુલાસો થયો છે: સરકારી ફાઈલમાં AFA કે લિયોનેલ મેસીની ભારત યાત્રા અંગેનો કોઈ જ કાનૂની કે આખરી કરાર હતો જ નહીં.

જે દસ્તાવેજ રજૂ કરાયો હતો તે માત્ર એક પ્રોમોશનલ બ્રોશર અને કોમર્શિયલ શરતોનું પત્રક હતું. આ કાગળને ફાઈનલ કન્ફર્મેશન ગણીને આગળ વધવું સંપૂર્ણપણે ખોટું અને અસત્ય હતું. આ ઉપરાંત, ફિફા કે ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનની કોઈ જ મંજૂરી મેળવવામાં આવી નહોતી. કોચીના જવાહરલાલ નેહરુ ઈન્ટરનેશનલ સ્ટેડિયમની ફાળવણી અંગે પણ ગંભીર સવાલો ઊભા થયા છે.




# પૂર્વ અધિક કલેક્ટરના અમદાવાદમાં બે આલિશાન ફ્લેટ અને કરોડોનો બંગલો

## 24 બેંક એકાઉન્ટ પૈસાથી છલોછલ, પિતાના કર્મકાંડના કામમાં આવક બતાવતી, કેતકી વ્યાસ પર ACBનો સકંજો

**અમદાવાદ, તા.13**

આણંદના બહુચર્ચિત તત્કાલીન નિવાસી અધિક કલેક્ટર (RAC) કેતકી વ્યાસની અપ્રમાણસર મિલકત (Disproportionate Assets) ના ગંભીર કેસમાં અમદાવાદના શેલા વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી છે. આણંદ કલેક્ટર કાર્યાલયમાં સ્પાય કેમેરા અને હનીટ્રેપ કાંડ બાદ સમગ્ર રાજ્યમાં વિવાદોમાં ઘેરાયેલા અને હાલ ફરજ મોકૂફી હેઠળ રહેલા વર્ગ-૧ ના સિનિયર મહિલા અધિકારી સામે એન્ટી કરપ્શન બ્યૂરો (ACB) દ્વારા કાયદેસરનો ગુનો નોંધવામાં આવ્યો હતો. સેશન્સ કોર્ટ તેમજ ગુજરાત હાઈકોર્ટ દ્વારા તેમની આગોતરા જામીન અરજીઓ ફગાવી દેવામાં આવ્યા બાદ તેઓ સતત ધરપકડથી બચવા નાસતા ફરતા હતા. આખરે અમદાવાદ ક્રાઈમ બ્રાંચની મદદથી મળેલી ચોક્કસ બાતમીના આધારે શેલા સ્થિત તેમના બહેનના ઘરે દરોડો પાડીને તેમની અટકાયત કરવામાં આવી હતી અને ત્યારબાદ સત્તાવાર ધરપકડની આગળની કાર્યવાહી માટે એસીબીના હવાલે કરવામાં આવ્યા હતા.



એસીબી દ્વારા વર્ષ ૨૦૨૩માં મળેલી એક ફરિયાદના આધારે સામાન્ય વહીવટ વિભાગની મંજૂરી મેળવીને તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન મહિલા અધિકારીની આવક અને ખર્ચના હિસાબોનું ઝીણવટભર્યું ઓડિટ કરવામાં આવતાં ચોંકાવનારા આંકડા સામે આવ્યા હતા. તપાસના અંતે બહાર આવ્યું કે તેમણે પોતાની સરકારી સત્તાનો દુરુપયોગ કરીને કાયદેસરના પગાર અને આવકના સ્ત્રોતો કરતાં ૩.૫૬ કરોડથી પણ વધુની અપ્રમાણસર મિલકતો વસાવી હતી. આ ગેરકાયદેસર કમાણી તેમની સત્તાવાર આવક કરતાં અનેક ગણી વધુ હોવાનું સ્પષ્ટ થતાં એસીબીએ ભ્રષ્ટાચાર નાબૂદી અધિનિયમ હેઠળ તેમની સામે ગુનો નોંધીને કાયદાકીય શિકંજો કસ્યો હતો.

એસીબીની ઊંડાણપૂર્વકની તપાસમાં એવો પણ સ્ફોટક પર્દાફાશ થયો છે કે કેતકી વ્યાસે પોતાની કાળા નાણાંની કમાણીમાંથી મોટાભાગની સ્થાવર અને જંગમ મિલકતો પોતાના વિરમગામ ખાતે રહેતા માતા-પિતાના નામે ખરીદી હતી. આ કેસમાં ચોંકાવનારી બાબત એ છે કે તેમના પિતા વિરમગામમાં કર્મકાંડ તથા પૂજા-વિધિના કામકાજ અને એક નાનો બુકસ્ટોલ ચલાવવા જેવા સામાન્ય વ્યવસાય સાથે સંકળાયેલા હોવા છતાં, તેમના નામે કરોડો રૂપિયાની આલીશાન સંપત્તિઓ વસાવવામાં આવી હતી. પોતાની કાળી કમાણીને કાયદેસર ઠેરવવા માટે તેમણે માતા-પિતાની આવક વધુ દર્શાવવાનો પ્રયાસ કર્યો હોવાનું પણ તપાસ એજન્સીની નજરે ચડ્યું છે. તપાસ દરમિયાન સામે આવેલી અપ્રમાણસર સંપત્તિમાં અમદાવાદના પોશ વિસ્તારોમાં ફ્લેટ અને બંગલા, વિરમગામમાં કોમર્શિયલ મિલકતો, મોંઘા વાહનો તેમજ વિવિધ બેંક ખાતાઓમાં જમા રકમોનો સમાવેશ થાય છે. સરકારી હોદ્દાનો દુરુપયોગ કરીને જમીન, મકાન અને વાહનોનું મોટું સામ્રાજ્ય ઊભું કરનાર આ મહિલા અધિકારીના પરિવારની પૃષ્ઠભૂમિ પણ વર્ગ-૧ સમાન રહી છે, કારણ કે તેમના પતિ ભાસ્કર વ્યાસ પોતે પોલીસ વિભાગમાં છે અને હાલ પોરબંદર ખાતે ડીવાયએસપી (DySP) તરીકે ફરજ બજાવી રહ્યા છે. કેતકી વ્યાસની સરકારી સેવાકીય સફર પર નજર કરીએ તો, તેઓ વર્ષ ૨૦૦૧ માં ચીફ ઓપરેટર તરીકે સરકારી સેવામાં જોડાયા હતા. ત્યારબાદ સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરીને વર્ષ ૨૦૦૫ માં મામલતદાર બન્યા હતા અને સમયાંતરે નાયબ કલેક્ટરથી લઈને આણંદના નિવાસી અધિક કલેક્ટર (RAC) જેવા સિનિયર સ્કેલના વર્ગ-૧ હોદ્દા સુધી પ્રમોશન મેળવ્યા હતા. જોકે, ઊંચા હોદ્દાઓ પર રહ્યા દરમિયાન તેમની કામગીરી ભ્રષ્ટાચારના વિવાદોથી ઘેરાયેલી રહી હતી. જ્યારે તેમની સામે અપ્રમાણસર મિલકતનો કેસ નોંધાયો ત્યારે તેમણે ધરપકડથી બચવા માટે સેશન્સ કોર્ટ અને બાદમાં ગુજરાત હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજીઓ દાખલ કરી હતી. જોકે, બંને અદાલતોએ કેસની ગંભીરતા અને પ્રાથમિક પુરાવાઓને ધ્યાનમાં રાખીને તેમની જામીન અરજીઓ ફગાવી દીધી હતી. જામીન રદ થયા બાદ તેઓ એસીબી સમક્ષ હાજર થવાને બદલે ભૂગર્ભમાં ઊતરી ગયા હતા. આખરે ટેકનિકલ સર્વેલન્સ અને ગુપ્ત બાતમીના આધારે અમદાવાદ ક્રાઈમ બ્રાંચે તેમની લોકેશન ટ્રેસ કરીને શેલામાંથી અટકાયત કરી એસીબીને સોંપ્યા છે. એસીબી દ્વારા હવે તેમની સત્તાવાર ધરપકડ કરીને કોર્ટમાંથી રિમાન્ડ મેળવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

# અમદાવાદના થલતેજમાં AMCની ટીમ પર પથ્થરમારો, 4 વાહનોમાં તોડફોડ, 25થી વધુ લોકોએ સ્ટાફને માર્યો

**અમદાવાદ, તા.13**

અમદાવાદમાં રસ્તા પરના દબાણો દિવસેને દિવસે વધી રહ્યા છે. તેની સાથે જ દબાણો હટાવવા માટે જતા મ્યુનિસિપલના એસ્ટેટ વિભાગની ટીમ સાથે ફેરિયાઓના ઘર્ષણની ઘટનાઓ પણ વધી છે. ત્યારે મેયરના વોર્ડ થલતેજમાં દબાણ હટાવવા ગયેલી મ્યુનિસિપલના એસ્ટેટ વિભાગની ટીમ પર પથ્થરમારો થયો હતો. જેના કારણે ચારેક વાહનોમાં કાચ તૂટી જવા સહિતનું નુકસાન થયું હતું. આ ઘટના અંગે મ્યુનિસિપલે પોલીસને જાણ કરી છે. પરંતુ ઘટનાના 24 કલાક પછી પણ સત્તાવાર રીતે એફઆઈઆર નોંધાઈ નથી.




અમદાવાદના થલતેજ વોર્ડમાં જૂના ગામ વિસ્તારમાં મેટ્રોલાઈન પર લારી-પાથરણાના દબાણોના કારણે ટ્રાફિક સમસ્યા પેદા થઈ રહી છે. જેના પગલે ગઈકાલે (12મી ઓગસ્ટ) સાંજે મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગની ટીમ દબાણ હટાવવા પહોંચી હતી. પહેલાં ફેરિયાઓને રસ્તો ખાલી કરવાની તાકીદ કરાઈ હતી. પરંતુ ફેરિયાઓ માન્યા નહોતા. પરિણામે એસ્ટેટ ખાતાના સ્ટાફે લારીઓ ઉઠાવવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન બોલાચાલી અને ઘર્ષણ થયું હતું. જોતજોતામાં મામલો વધારે ઉગ્ર બનતા 25થી વધુ લોકોના ટોળાએ પથ્થરમારો શરૂ કર્યો હતો. આ ઉપરાંત દબાણ ખાતાના મજૂરને માર પણ માર્યો હતો.

પથ્થરમારાના કારણે બે દબાણ વાન અને બે એન્ફોર્સમેન્ટ વાન મળીને કુલ ચાર વાહનના કાચ તૂટી જવા સહિતની નુકસાની થઈ હતી. ઉત્તર પશ્ચિમ ઝોનના ડે.એસ્ટેટ ઓફિસરે આ અંગે જણાવ્યું છે કે, ભૂતકાળમાં પણ બે-ત્રણ વખત અહીં આવી ઘટનાઓ બની ચૂકી છે. ગઈકાલે અસામાજિક કૃત્ય થયા બાદ મ્યુનિસિપલનો સ્ટાફ સ્થળ પરથી પરત ફરી ગયો હતો. આ અંગે પોલીસને સત્તાવાર રીતે જાણ કરી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ખુદ મેયરના વોર્ડમાં આટલી ગંભીર ઘટના ઘટી હોવા છતાં બનાવના 24 કલાક પછી પણ સત્તાવાર રીતે એફઆઈઆર નોંધાઈ નથી! બે દિવસ પહેલાં સિંધુ ભવન રોડ પર પણ આવી રીતે જ શાબ્દિક ટપાટપી થઈ હતી.

# 390% નફાની લાલચ આપી ₹19 લાખથી વધુની ઠગાઈ: 'ઓપરેશન મ્યુઅલ હન્ટ 2.0' હેઠળ ઇન્વેસ્ટમેન્ટ ફ્રોડનો મુખ્ય આરોપી ઝડપાયો

**સુરત, તા.13**

સુરત સાયબર ક્રાઈમ સેલે સાયબર ગુનાખોરી અને બેંક ખાતાઓના ગેરકાયદેસર નેટવર્ક સામે લાલઆંખ કરીને શરૂ કરેલા 'ઓપરેશન મ્યુઅલ હન્ટ ૨.૦' અંતર્ગત એક મોટી સફળતા મેળવી છે. સાયબર સેલે દરોડો પાડીને શેરબજારમાં રોકાણના નામે ૧૯.૬૦ લાખની છેતરપિંડી આચરવાના ગુનામાં લાંબા સમયથી ફરાર મુખ્ય આરોપી વિવેક દામજીભાઈ બેલડીયાની ધરપકડ કરી લીધી છે. આ આરોપીએ પોતાના અન્ય સાગરીતો સાથે મળીને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વોટ્સએપ ગ્રુપ અને બનાવટી ટ્રેડિંગ વેબસાઈટ મારફતે લોકોને ટૂંકા સમયમાં ૩૯૦ ટકા સુધીના જંગી વળતરની લાલચ આપીને ઠગાઈનું જાળ બિછાવ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપીના સાયબર લિંક્ડ બેંક ખાતામાંથી ટૂંકા સમયગાળા દરમિયાન ૨.૭૨ કરોડથી વધુના શંકાસ્પદ નાણાકીય વ્યવહારો થયા હોવાનો સ્ફોટક ખુલાસો થયો છે.




આ સમગ્ર સાયબર ફ્રોડની વિગત એવી છે કે ઠગોની ટોળકીએ ભોગ બનનાર વ્યક્તિના પુત્રનો સંપર્ક કરીને તેને 'Brp Fund 100- Day Wealth Leap Program' માં રોકાણ કરી ટૂંક સમયમાં તગડો નફો કમાઈ લેવાની મોહક લાલચ આપી હતી. ગ્રાહકોનો વિશ્વાસ કેળવવા માટે તેમણે 'BRP Fund-Grow Together-008' નામનું એક ખાસ વોટ્સએપ ગ્રુપ બનાવ્યું હતું અને તેમાં બનાવટી સફળ રોકાણકારોના મેસેજ દર્શાવીને પીડિતને જાળમાં ફસાવ્યો હતો. ત્યારબાદ તેને એક બોગસ ટ્રેડિંગ વેબસાઈટ પર લોગિન કરાવીને તેના વર્ચ્યુઅલ ખાતામાં ખોટો આભાસી નફો બતાવવામાં આવતો હતો. આ નફાની લાલચમાં આવીને પીડિત પાસેથી તબક્કાવાર અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ ૧૯,૬૦,૦૦૦ ટ્રાન્સફર કરાવી લેવામાં આવ્યા હતા. જ્યારે પીડિતે પોતાના નાણાં પરત મેળવવાનો પ્રયાસ કર્યો ત્યારે છેતરપિંડીનો અહેસાસ થતાં તેમણે તાત્કાલિક ૧૯૩૦ રાષ્ટ્રીય સાયબર હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે સાયબર સેલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

સુરત સાયબર ક્રાઈમની ઊંડાણપૂર્વકની તપાસમાં બહાર આવ્યું છે કે દેશભરમાં ચાલતા આંતરરાજ્ય સાયબર ફ્રોડ માટે બેંક ખાતાઓ (મ્યુઅલ એકાઉન્ટ્સ) પૂરા પાડવાનું એક મોટું કમિશન નેટવર્ક કાર્યરત હતું. આ કેસની કડીઓ જોડતાં પોલીસે અગાઉ સત્યજીત માંજરીયા અને પંકજકુમાર રામાણી નામના બે આરોપીઓની અટકાયત કરી હતી. તપાસમાં ખુલાસો થયો હતો કે સત્યજીતના નામે ખોલાવવામાં આવેલું ICICI બેંકનું કરન્ટ એકાઉન્ટ પંકજકુમારે કમિશન મેળવીને વિવેક બેલડીયાને સોંપ્યું હતું, અને વિવેકે આ ખાતું આગળ મુખ્ય સાયબર ઠગોને કમિશનના બદલામાં વાપરવા આપી દીધું હતું.


આરોપી દ્વારા સપ્લાય કરવામાં આવેલા આ એક જ ICICI બેંક ખાતાની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવતાં જાણવા મળ્યું હતું કે ખૂબ જ ટૂંકા સમયમાં તેમાંથી ૨.૭૨ કરોડથી વધુ રકમના શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન કરવામાં આવ્યા હતા. આ બાબતે નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (NCRP) પર ડેટા ક્રોસ ચેક કરવામાં આવતાં સામે આવ્યું કે આ ચોક્કસ બેંક ખાતા વિરુદ્ધ દેશના વિવિધ રાજ્યોમાંથી કુલ ૩૭ જેટલી અલગ-અલગ સાયબર છેતરપિંડીની ફરિયાદો પહેલાથી જ નોંધાયેલી છે. હાલ સાયબર ક્રાઈમ સેલે મુખ્ય આરોપી વિવેક બેલડીયાની ધરપકડ કરીને આ નેટવર્કમાં જોડાયેલા અન્ય મુખ્ય સૂત્રધારો અને વિદેશથી ચાલતી સાયબર ગેંગ સુધી પહોંચવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. ગ્રાહકોનો વિશ્વાસ કેળવવા માટે તેમણે 'BRP Fund-Grow Together-008' નામનું એક ખાસ વોટ્સએપ ગ્રુપ બનાવ્યું હતું અને તેમાં બનાવટી સફળ રોકાણકારોના મેસેજ દર્શાવીને પીડિતને જાળમાં ફસાવ્યો હતો. ત્યારબાદ તેને એક બોગસ ટ્રેડિંગ વેબસાઈટ પર લોગિન કરાવીને તેના વર્ચ્યુઅલ ખાતામાં ખોટો આભાસી નફો બતાવવામાં આવતો હતો.

## સગીરાના 29 સપ્તાહના ગર્ભપાતનો હાઈકોર્ટનો ઈનકાર, મેડિકલ રિપોર્ટ પ્રતિકૂળ

# ખેડાની દુષ્કર્મ પીડિતાની પ્રસૂતિ સહિત 6 મહિનાનો ખર્ચ સરકાર ભોગવશે, સગીરાની ઈચ્છા હશે તો બાળક એડોપ્શન એજન્સીને સોંપાશે

**અમદાવાદ, તા.13**

ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ખેડા જિલ્લાની એક સગીર વયની દુષ્કર્મ પીડિતાના ૨૯ સપ્તાહના વિકસિત ગર્ભનો ગર્ભપાત કરાવવાની પરવાનગી મેળવવા અંગે અત્યંત સંવેદનશીલ અને મહત્વપૂર્ણ અરજી કરવામાં આવી હતી, જેને હાઈકોર્ટે કાયદાકીય તથા તબીબી પાસાઓને ધ્યાનમાં રાખીને ફગાવી દીધી છે. આ મામલાની ગંભીરતાને સમજીને અદાલતે અગાઉ અમદાવાદની અસારવા સ્થિત સિવિલ હોસ્પિટલના અનુભવી અને નિષ્ણાત ડોક્ટરોની મેડિકલ કમિટીને સગીરાની શારીરિક તથા માનસિક સ્થિતિની ઊંડાણપૂર્વક તપાસ કરીને વિગતવાર તબીબી રિપોર્ટ રજૂ કરવાનો આદેશ આપ્યો હતો. સિવિલ હોસ્પિટલના મેડિકલ બોર્ડ દ્વારા અદાલત સમક્ષ સોંપવામાં આવેલા રિપોર્ટમાં સ્પષ્ટપણે ટાંકવામાં આવ્યું હતું કે ગર્ભનો સમયગાળો ૨૯ સપ્તાહ એટલે કે સાત મહિના કરતાં પણ વધુ થઈ ગયો હોવાથી આ તબક્કે ગર્ભપાતની જટિલ પ્રક્રિયા હાથ ધરવી એ માતાના ગર્ભમાં ઉછરી રહેલા ભ્રૂણ અને સગીર માતા બંનેના જીવન તથા શારીરિક તંદુરસ્તી માટે અત્યંત જોખમી અને



જટિલ સાબિત થઈ શકે તેમ છે. તબીબી સમિતિનો આ અહેવાલ ગર્ભપાત માટે સંપૂર્ણપણે નકારાત્મક આવ્યો હોવાથી હાઈકોર્ટે સગીરાના આરોગ્ય અને નવજાત બાળકના જીવવાના અધિકારને પ્રાથમિકતા આપતાં ગર્ભપાત કરવાની મંજૂરી આપવાનો સ્પષ્ટપણે ઈનકાર કરી દીધો છે.

અદાલતે આ મામલે અત્યંત માનવીય અભિગમ અપનાવીને પોતાના વ્યાપક હુકમમાં ખાસ નિર્દેશ આપતાં નોંધ્યું છે કે ખેડા જિલ્લામાં આવેલી સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, ડાકોરના રેડિયોલોજી વિભાગના મેડિકલ ઓફિસર દ્વારા પીડિતાની સુરક્ષિત અને સફળ પ્રસૂતિ ન થાય ત્યાં સુધી તેના સમગ્ર સ્વાસ્થ્યની સતત યોગ્ય કાળજી લેવામાં આવશે અને સમયાંતરે તબીબી ફોલો-અપ લેવામાં આવશે. આ ઉપરાંત, પ્રસૂતિ બાદ જન્મનારા નવજાત શિશુના ઉત્તમ શારીરિક વિકાસ અને સ્વાસ્થ્ય સુરક્ષાને ધ્યાનમાં રાખીને તેને જરૂરી એવી પ્રકારની આધુનિક નિયોનેટલ કેર સહિતની સુવિધાઓ અને ખાસ તબીબી સારવાર પૂરી પાડવાનો પણ કડક આદેશ કરવામાં આવ્યો છે. પ્રસૂતિની આખી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પીડિતા તેમજ નવજાત બાળકની સમયસર ડાક્તરી ચકાસણી હાથ ધરાશે, અને પીડિતાની પોતાની ઈચ્છા તથા બાળકની શારીરિક સ્થિતિની સંપૂર્ણ ખાતરી કર્યા બાદ ચાઈલ્ડ વેલ્ફેર કમિટીની સીધી દેખરેખ હેઠળ તે બાળકને ખેડા સ્થિત સ્પેશિયલાઈઝ્ડ એડોપ્શન એજન્સીને આગળની કાયદેસરની દત્તક પ્રક્રિયા માટે સુપ્રત કરવામાં આવશે.

દુષ્કર્મ પીડિત સગીરાના ભવિષ્ય, માનસિક પુનર્વસન અને સામાજિક સુરક્ષા અંગે પણ હાઈકોર્ટે પોતાના આદેશમાં ગંભીરતા દાખવી છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે જો પીડિતા બાળકને જન્મ આપ્યા બાદ પોતાના પરિવાર સાથે રહેવા માગતી ન હોય અથવા તો તેને કોઈ સામાજિક મુશ્કેલી હોય, તો તેની અંગત ઈચ્છા અને સંમતિ જાણીને તેને ખેડાના નારી સંરક્ષણ ગૃહમાં આશ્રય આપવાની તમામ પ્રક્રિયા હાથ ધરવા સંબંધિત તપાસ અધિકારીને સૂચના આપવામાં આવી છે. નારી સંરક્ષણ ગૃહમાં આશ્રય દરમિયાન પીડિતા પોતાની જિંદગીમાં આગળ વધી શકે અને આત્મનિર્ભર બની શકે તે માટે તેની રુચિ અનુસાર તેના આગળના સારા અભ્યાસ, શિક્ષણ અથવા તો રોજગારલક્ષી વ્યાવસાયિક તાલીમ (વોકેશનલ ટ્રેનિંગ) ની તમામ વ્યવસ્થા કરવાનો પણ નિર્દેશ આપ્યો છે. આ સિવાય, રાજ્ય સરકાર દ્વારા સગીરાની પ્રસૂતિનો તમામ હોસ્પિટલ ખર્ચ, પીડિતા અને નવજાત શિશુની સંપૂર્ણ સારવાર તથા યોગ્ય પોષણનો ખર્ચ અને પ્રસૂતિ પછીના ૬ મહિના સુધીનો તમામ જરૂરી દવાનો તથા દેખભાળનો ખર્ચ સરકારી તિજોરીમાંથી ભોગવવામાં આવશે.

કાનૂની અને નાણાકીય રાહત સંદર્ભે હાઈકોર્ટે ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસીસ ઓથોરિટી (DLSA) ને પીડિતા માટે 'વિક્ટિમ કમ્પેન્શેશન સ્કીમ' (પીડિત વળતર યોજના) હેઠળ નિયમાનુસારની તમામ પ્રક્રિયાઓ ઝડપથી પૂરી કરીને તેને વહેલી તકે વચગાળાનું નાણાકીય વળતર ચૂકવી આપવા માટે આદેશ કર્યો છે. આ સાથે જ, ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસીસ ઓથોરિટીના સચિવને અદાલત દ્વારા આપવામાં આવેલા આ તમામ નિર્દેશોનું ચુસ્તપણે પાલન થાય તેની ખાસ જવાબદારી અને દેખરેખ સોંપવામાં આવી છે.

# સુરતનું અનોખું ઇચ્છાનાથ મહાદેવ મંદિર: વડના ઝાડ નીચે પ્રગટ થયા હતાં મહાદેવ, ભક્તોની દરેક મનોકામના થાય પૂરી છે, પોલીસ કરે છે સંપૂર્ણ વહીવટ

**સુરત, તા.13**

પવિત્ર શ્રાવણ માસનો શુભ પ્રારંભ થતાં જ ડાયમંડ સિટી સુરતના તમામ શિવાલયો 'હર હર મહાદેવ' અને 'ઓમ નમઃ શિવાય'ના નાદથી ગુંજી ઉઠ્યા છે. અઠવા લાઈન્સમાં આવેલું પ્રખ્યાત 'ઈચ્છાનાથ મહાદેવ મંદિર' શ્રદ્ધાળુઓ માટે વિશેષ આસ્થાનું કેન્દ્ર છે. શ્રાવણના પ્રથમ દિવસે જ વહેલી સવારથી મહાદેવના દર્શન માટે શિવભક્તોની લાંબી કતારો જોવા મળી. સમગ્ર મંદિર પરિસરમાં ભક્તિમય અને મંત્રમુગ્ધ કરી દેનારું વાતાવરણ સર્જાયું છે.

ઈચ્છાનાથ મહાદેવ મંદિરની સૌથી અનોખી અને ખાસ વાત એ છે કે તે સમગ્ર ગુજરાતમાં એકમાત્ર એવું ધાર્મિક સ્થળ છે, જેનો સંપૂર્ણ વહીવટ ખાનગી ટ્રસ્ટ કે સંસ્થા દ્વારા નહીં, પરંતુ સુરત શહેર પોલીસ કરે છે.

લોકવાયકા મુજબ અંદાજે 150 વર્ષ પહેલાં અઠવા લાઈન્સના આ સ્થળ પર એક ઘટાદાર વડનું ઝાડ હતું. આ ઝાડ નીચે એક નાની દેરીમાં ભગવાન ઈચ્છાનાથ બિરાજમાન હતા. ત્યારબાદ 1947માં આ મંદિરનો પ્રથમ



જીર્ણોદ્ધાર કરાયો અને 1984માં અહીં વિશાળ મંદિરનું નિર્માણ કરાયું. ભક્તોમાં એવી દ્રઢ શ્રદ્ધા છે કે ભગવાન ઈચ્છાનાથ પાસે માંગવામાં આવતી દરેક મનોકામના ભોળાશંભુ અવશ્ય પૂર્ણ કરે છે.

ઈચ્છાનાથ મહાદેવ મંદિરની સુચારૂ દેખરેખ માટે એક વિશેષ કમિટી બનાવવામાં આવી છે. સુરત શહેર પોલીસ કમિશનર હોદ્દાની રૂએ આ મંદિરના મુખ્ય ટ્રસ્ટી ગણાય છે. કમિટીમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને નિવૃત્ત પોલીસ કર્મચારીઓ પિતૃવત સેવા આપે છે. ખાસ પ્રસંગો પર ઉચ્ચ અધિકારીઓ જાતે પૂજા-અર્ચના કરે છે, અને સાંજે પોલીસ કમિશનર પણ મહાદેવના દર્શનાર્થે પહોંચી મહાઆરતીનો લાભ લેતા હોય છે.

મંદિરના પૂજારીના જણાવ્યા મુજબ, આ ધામ 75 વર્ષથી પણ વધુ જૂનો સત્તાવાર ઈતિહાસ ધરાવે છે. તહેવારો અને શ્રાવણ માસ દરમિયાન ભક્તોની ભારે ભીડને નિયંત્રિત કરવા તેમજ સેવાપૂજામાં સહયોગ આપવા માટે 25થી 30 જેટલા પોલીસ કર્મચારીઓ સતત તૈનાત રહે છે.

# મેડિકલ કોલેજમાં અચાનક પ્રગટ થયા ડીન: જયેશ બ્રહ્મભટ્ટે કહ્યું-'જીવતેજીવ ડો.હર્ષ પંડ્યાની કોઈ ફરિયાદ મળી ન હતી, રેગિંગથી આપઘાત કર્યો છે કે નહીં તે અસ્પષ્ટ'

**સુરત, તા.13**

સુરતની નવી સિવિલ ગવર્નમેન્ટ મેડિકલ કોલેજના પ્રથમ વર્ષના રેસિડેન્ટ ડોક્ટર હર્ષ પંડ્યાના ચકચારી આપઘાત કેસમાં એક અત્યંત મહત્વનો અને મોટો વળાંક આવ્યો છે. આ દુઃખદ ઘટના બાદ સમગ્ર હોસ્પિટલ તંત્ર, મેડિકલ કોલેજ અને શિક્ષણ જગતમાં ભારે ખળભળાટ મચી ગયો છે. આવી ગંભીર અને દબાણયુક્ત પરિસ્થિતિ વચ્ચે સિવિલ મેડિકલ કોલેજના ડીન ડોક્ટર જયેશ બ્રહ્મભટ્ટ, જેઓ અચાનક રજા પર ઉતરી ગયા હોવાની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી હતી, તેઓ ફરી માધ્યમો સામે સત્તાવાર રીતે પ્રગટ થયા હતા અને સમગ્ર મામલે તંત્રનો પક્ષ સ્પષ્ટ કરીને સ્થિતિની ગંભીરતા દર્શાવી હતી. ડીન ડોક્ટર જયેશ બ્રહ્મભટ્ટે માહિતી આપતા વિગતવાર જણાવ્યું હતું કે, આ આખી ઘટનાક્રમ સંબંધિત તમામ બાબતો, અત્યાર સુધી કોલેજ પ્રશાસન દ્વારા હાથ ધરવામાં આવેલી શિસ્તભંગની આકરી કાર્યવાહી અને તંત્ર દ્વારા લેવાયેલા નિર્ણયોનો એક અત્યંત વિગતવાર અને સત્તાવાર અહેવાલ તૈયાર કરીને રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ, સંલગ્ન યુનિવર્સિટી, નેશનલ મેડિકલ કમિશન (NMC) અને ગુજરાત મેડિકલ કાઉન્સિલને આગળની કાયદેસરની કાર્યવાહી અર્થે સુપરત કરી દેવામાં આવ્યો છે. આ સંવેદનશીલ કેસની તપાસ માટે રચવામાં આવેલી વિશેષ તપાસ કમિટી સામે ઉપલબ્ધ થયેલા તમામ દસ્તાવેજો, વિદ્યાર્થીઓના નિવેદનો અને પ્રાથમિક પુરાવાઓની ગહન ચકાસણી કરતાં પ્રાથમિક દ્રષ્ટિએ મૃતક વિદ્યાર્થી સાથે માનસિક અને શારીરિક રીતે અમાનવીય રેગિંગ થયું હોવાનું સ્પષ્ટપણે ફલિત થયું છે. જિલ્લા કલેક્ટર અને કોલેજ તંત્ર સમક્ષ ૯ જેટલા અન્ય રેસિડેન્ટ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલી કથિત રેગિંગની ગંભીર લેખિત ફરિયાદોને અત્યંત ગંભીરતાથી ધ્યાનમાં રાખીને એન્ટી-રેગિંગ કમિટીના તમામ સભ્યોએ સર્વાનુમતે આરોપીઓ સામે સખત પોલીસ ફરિયાદ



(FIR) નોંધાવવાનો દ્રઢ નિર્ણય કર્યો હતો, જેથી કાયદાકીય તપાસ અને ફોજદારી કાર્યવાહીનો માર્ગ ઝડપથી મોકળો થઈ શકે.

ડીનના જણાવ્યા અનુસાર, સ્વર્ગસ્થ ડોક્ટર હર્ષ પંડ્યા તરફથી પોતાના જીવતેજીવ અગાઉ ક્યારેય પણ એન્ટી-રેગિંગ સ્ક્વોડ કે સંસ્થાની કમિટીને રેગિંગ, માનસિક ત્રાસ કે હેરાનગતિ અંગેની કોઈ લેખિત કે મૌખિક ફરિયાદ સત્તાવાર રીતે મળવા પામી ન હતી. જોકે, તેમના કમનસીબ અને આઘાતજનક મૃત્યુ બાદ તે જ દિવસે સાંજે ૬ વાગ્યે અન્ય ૯ પીડિત રેસિડેન્ટ વિદ્યાર્થીઓ તથા હર્ષના પિતા તરફથી આ સમગ્ર મામલે નિષ્પક્ષ અને તટસ્થ તપાસ કરવાની વિધિવત અરજીઓ કોલેજ પ્રશાસનને મળી હતી. આ તમામ ફરિયાદોની ગંભીરતાને સમજીને તાત્કાલિક ધોરણે ઉચ્ચ સ્તરીય એન્ટી-રેગિંગ તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી અને તેના આધારે જ આગળના તમામ કડક નિર્ણયો લેવામાં આવ્યા હતા. જ્યારે માધ્યમો દ્વારા એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો કે શું ડોક્ટર હર્ષે સિનિયરોના રેગિંગના અસહ્ય ત્રાસથી કંટાળીને જ આ આત્યંતિક પગલું ભર્યું છે, ત્યારે ડીને અત્યંત જવાબદારીપૂર્વક સ્પષ્ટતા કરી હતી કે આ સમગ્ર બાબત હાલ પોલીસ તપાસ હેઠળ છે. પોલીસની ટીમ દ્વારા તમામ પાસાઓની ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે અને તપાસના અંતે જે આખરી તારણો, પુરાવાઓ અને અવલોકનો સામે આવશે, તેના આધારે જ આપઘાતનું સાચું અને ચોક્કસ કારણ સ્પષ્ટપણે કહી શકાશે. આ સાથે સંસ્થા દ્વારા ભવિષ્યમાં કોઈ પણ મેડિકલ કે જુનિયર વિદ્યાર્થી સાથે આવી દૂષણભરી, ગેરકાયદેસર કે અમાનવીય ઘટનાઓ ન બને તે માટે અત્યંત આકરા નિયમો, કડક સૂચનાઓ અને નવા માર્ગદર્શક પરિપત્રો બહાર પાડવામાં આવ્યા છે. કોલેજના તમામ વિભાગીય વડાઓ (HODs) ને સતત સજાગ રહેવા અને ભવિષ્યમાં નાની-મોટી કોઈપણ અપ્રિય ઘટના કે ફરિયાદ સામે આવે તો તાત્કાલિક ચોક્કસ મિકેનિઝમ દ્વારા કચેરીને જાણ કરવા આદેશ આપી દેવામાં આવ્યા છે.

પોતાની રજા અંગે શહેરમાં ચાલી રહેલી વિવિધ અફવાઓ અને વાતો પર સ્પષ્ટતા આપતાં ડીન ડોક્ટર જયેશ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, તેમની તબિયત છેલ્લા કેટલાક દિવસોથી નાદુરસ્ત ચાલી રહી હતી અને તેઓ ડાક્તરી સલાહ મુજબ રજા પર જવાનું વિચારી રહ્યા હતા. પરંતુ સંસ્થા પર આવી પડેલી પરિસ્થિતિની ગંભીરતા, કામનું જંગી ભારણ અને આ દુઃખદ ઘટના સંદર્ભે તાત્કાલિક જરૂરી કાનૂની તથા વહીવટી કાર્યવાહી હાથ ધરવાની હોવાથી તેમણે પોતાની રજાનો વિચાર રદ કર્યો હતો અને પોતાની ફરજ પર હાજર રહીને સમગ્ર તપાસ પ્રક્રિયાનું જાતે સંચાલન કર્યું છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ઈરાનના ટાર્ગેટ પર હતા ડોનાલ્ડ ટ્રમ્પ: તુર્કીયેમાં હોટલના કયા ફ્લોર પર રોકાયા છે તે પણ ખબર હતી, છેલ્લી ઘડીએ પ્લાન બદલ્યો ને ખતરો ટળ્યો, રિપોર્ટમાં દાવો

**તહેરાન, તા.13**

ઈરાની એજન્ટોને ખબર હતી કે 7 જુલાઈએ તુર્કીના અંકારામાં યોજાયેલી નાટો સમિટમાં ટ્રમ્પ કઈ બિલ્ડિંગમાં રોકાયા હતા.

ધ ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે અમેરિકી ગુપ્તચર એજન્સીએ આ આકારણી કરી છે. ઈરાનને એ પણ ખબર હતી કે ટ્રમ્પ બિલ્ડિંગના કયા માળે રોકાયા હતા. આ માહિતી મળ્યા બાદ ટ્રમ્પને તુર્કીથી બીજા વિમાનમાં લઈ જવામાં આવ્યા હતા.

મંગળવારે ટ્રમ્પે પણ ઈરાનના ડરથી વિમાન બદલવાની વાત સ્વીકારી હતી. પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યું કે તેઓ જે પ્લેનથી નાટો સમિટમાં ભાગ લેવા ગયા હતા, તેના પર હુમલાનો સૌથી વધુ ખતરો હતો.

ટ્રમ્પે એ પણ જણાવ્યું કે તેમને સુરક્ષા કારણોસર એરપોર્ટના કેટરિંગ ટ્રકમાં બેસાડીને બીજા વિમાન સુધી લઈ જવામાં આવ્યા હતા.

રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે ટ્રમ્પને લઈ જઈ રહેલા કોઈપણ વિમાન પર જમીનથી હવામાં માર કરતી મિસાઈલથી હુમલો કરી શકાય છે.

અમેરિકી ઈન્ટેલિજન્સને જાણવા મળ્યું કે નાટો શિખર સંમેલનની આસપાસ એક વ્યક્તિ ખભા પરથી છોડવામાં આવતી મિસાઈલ સાથે પણ જોવા મળ્યો હતો.

આ પછી સિક્રેટ સર્વિસ અને વરિષ્ઠ પ્રશાસનિક અધિકારીઓએ ટ્રમ્પને તુર્કીથી બહાર કાઢવા માટે ઓપરેશન તૈયાર કર્યું.

આ પહેલા વોશિંગ્ટન પોસ્ટે દાવો કર્યો હતો કે 8 જુલાઈએ અંકારાથી રવાના થતી વખતે ટ્રમ્પ કેમેરા સામે બોઈંગ 747-8 એર ફોર્સ વનમાં સવાર થયા હતા. આ વિમાન તેમને કતરે ગિફ્ટ કર્યું હતું.

આ પછી એરપોર્ટ પર સામાન અને ભોજન પહોંચાડતી કેટરિંગ ગાડીની મદદથી તેમને ચૂપચાપ અમેરિકી વાયુસેનાના વીઆઈપી સૈન્ય વિમાન C-32A સુધી લઈ જવામાં આવ્યા.

અમેરિકી રાષ્ટ્રપતિ જ્યારે પણ કોઈ પ્રવાસે જાય છે, ત્યારે તેમની સાથે કેટલાક પત્રકારો પણ મુસાફરી કરે છે. સુરક્ષા કારણોસર દરેક માહિતી સાર્વજનિક કરવામાં આવતી નથી, પરંતુ આ પત્રકારોને એટલું ચોક્કસ ખબર હોય છે કે રાષ્ટ્રપતિ કયા વિમાનમાં છે અને ક્યાં જઈ રહ્યા છે.

તુર્કીથી ઉડાન ભરતી વખતે પત્રકારોને લાગ્યું કે ટ્રમ્પ પણ તે જ



જૂના એરફોર્સ વનમાં છે, પરંતુ હકીકત અલગ હતી.

ઉડાન દરમિયાન પત્રકારોને તેમની બારીઓના શેડ નીચે રાખવા માટે કહેવામાં આવ્યું. એટલે કે તેમને બહાર જોવાની પરવાનગી નહોતી.

આવી સાવચેતી સામાન્ય રીતે ત્યારે રાખવામાં આવે છે, જ્યારે વિમાન કોઈ જોખમી વિસ્તારમાંથી પસાર થઈ રહ્યું હોય.

બાદમાં પત્રકારોએ ટ્રમ્પને પૂછ્યું કે બારીઓના શેડ બંધ રાખવાનું શા માટે કહેવામાં આવ્યું હતું. ટ્રમ્પે કહ્યું, "કદાચ અમે એક ખતરનાક ફ્લાઈટ પર હતા. તેમની યાદીમાં મારું નામ સૌથી ઉપર છે. જો હું મરીશ, તો તમે પણ મરશો.'

ટ્રમ્પને લઈને નાનું C-32A વિમાન રાત્રે લગભગ 10:20 વાગ્યે બ્રિટનના RAF મિલ્ડેનહોલ એરબેઝ પહોંચ્યું. તેના થોડી મિનિટો પછી જૂનું એરફોર્સ વન પણ ત્યાં પહોંચી ગયું. આ વિમાનમાં પત્રકારો સવાર હતા.

ત્યારબાદ તેમને ચૂપચાપ જૂના એરફોર્સ વનમાં લાવવામાં આવ્યા. થોડી વાર પછી તેઓ તે જ વિમાનમાંથી ઉતરતા દેખાયા, જેનાથી પત્રકારોને લાગ્યું કે તેઓ આખી યાત્રા તે જ વિમાનમાં કરી રહ્યા હતા.

જોકે, તે સ્પષ્ટ નથી કે C-32A માંથી ઉતર્યા પછી ટ્રમ્પ જૂના એરફોર્સ વન સુધી કેવી રીતે પહોંચ્યા. ટ્રમ્પે પત્રકારો તરફ હાથ હલાવ્યો, પરંતુ તેમની સાથે વાત ન કરી.

ત્યારબાદ તેઓ ફરીથી સત્તાવાર પ્લેન એટલે કે એરફોર્સ વનમાં બેસી ગયા અને તે જ વિમાનથી અમેરિકા પહોંચ્યા.

રાષ્ટ્રપતિને ખતરાથી બચાવવા માટે તેમની અસલી યાત્રા છુપાવવાની રીત નવી નથી. વર્ષ 2000માં રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન પાકિસ્તાન ગયા હતા. ત્યારે તેમને એક એવા સરકારી વિમાનથી મોકલવામાં આવ્યા હતા, જેના પર રાષ્ટ્રપતિના વિમાનની કોઈ ઓળખ નહોતી.

જ્યારે, તેમનું અસલી એરફોર્સ વન બીજા રસ્તેથી મોકલવામાં આવ્યું હતું, જેથી લોકોને ખબર ન પડે કે રાષ્ટ્રપતિ કયા વિમાનમાં છે.

અમેરિકી અધિકારીઓ અનુસાર, ઈરાનથી મળેલા વિશ્વસનીય ખતરાના ઈનપુટ પછી આ આખું સુરક્ષા ઓપરેશન થોડા જ કલાકોમાં તૈયાર કરવામાં આવ્યું હતું. જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફના ચેરમેન જનરલ ડેન કેન અને રક્ષા મંત્રી પીટ હેગસેથ સહિત કેટલાક પસંદગીના અધિકારીઓ તેમાં સામેલ હતા.

ટ્રમ્પ જે બોઈંગ 747-8 વિમાનથી તુર્કી પહોંચ્યા હતા, તે કતારના શાહી પરિવારે ગયા વર્ષે અમેરિકાને આપ્યું હતું. અમેરિકન ડિફેન્સ કંપની L3 હેરિસ ટેક્નોલોજીસે તેને રાષ્ટ્રપતિની મુસાફરી માટે તૈયાર કર્યું છે.

ટ્રમ્પે પહેલીવાર આ વિમાનનો ઉપયોગ 1 જુલાઈએ નોર્થ ડાકોટા જવા માટે કર્યો હતો. થોડા દિવસો પછી તેઓ આ જ વિમાનથી તેમની પ્રથમ વિદેશ યાત્રા પર તુર્કી પહોંચ્યા.

આ વિમાનની સુરક્ષાને લઈને પહેલાથી જ સવાલો ઉઠતા રહ્યા છે. અમેરિકન મીડિયાના રિપોર્ટ અનુસાર, જૂના એરફોર્સ વનમાં રાષ્ટ્રપતિને હુમલાથી બચાવવા માટે કેટલાક ખાસ સુરક્ષા પ્રબંધો છે, જે કતારથી મળેલા વિમાનમાં નથી અથવા તેમની ક્ષમતા અલગ છે.

# અમેરિકામાં ભારતીય પરિવારની નિર્દય હત્યા: 17 વર્ષના પુત્રે માતા-નાના ભાઈને પતાવી દીધા

## ChatGPTમાં હત્યાની કાલ્પનિક સ્ક્રિપ્ટ લખતો, બેઝમેન્ટ અને પહેલા માળેથી મળ્યા મૃતદેહ


**મેસેચ્યુસેટ્સ, તા.13**

અમેરિકાના મેસેચ્યુસેટ્સ રાજ્યમાં ભારતીય મૂળના 17 વર્ષીય અર્જુન અરવિંદ પર પોતાની માતા અને નાના ભાઈની હત્યાનો આરોપ લાગ્યો છે. પોલીસે તેને બુધવારે સવારે ધરપકડ કરી.

અધિકારીઓના જણાવ્યા મુજબ, તેણે પોતાની 45 વર્ષીય માતા સુધા વેંકટેશન અને 14 વર્ષીય ભાઈ સિદ્ધાર્થ અરવિંદની હત્યા કરી. તેની વિરુદ્ધ હત્યાના બે કેસો ઉપરાંત પરિવારના સભ્યો પર હુમલો, મારપીટ અને મંજુરી વગર માતાની કાર લઈને ફરાર થવા સહિતના અન્ય ઘણા આરોપો પણ લગાવવામાં આવ્યા છે.

તપાસ દરમિયાન સામે આવ્યું કે અર્જુન છેલ્લા કેટલાક સમયથી ઈન્ટરનેટ અને ChatGPT પર પોતાના પરિવારની હત્યા સંબંધિત કાલ્પનિક કહાનીઓ અને આવા વિષયો પર માહિતી શોધી રહ્યો હતો. પોલીસ હવે તેની ઓનલાઈન હિલચાલને પણ તપાસનો ભાગ માનીને તપાસ કરી રહી છે.

ઘટનાનો ખુલાસો ત્યારે થયો જ્યારે મંગળવારે સાંજે લગભગ સાડા છ વાગ્યે એક ટ્યુટર ભણાવવા માટે ઘરે પહોંચી. ઘણી વાર સુધી દરવાજો ન ખુલ્યો તો તેણે અર્જુનના પિતાને ફોન કર્યો. પિતા પણ પત્ની અને પુત્રનો સંપર્ક કરી શક્યા નહીં.



ત્યારબાદ તેમણે પોલીસને ઘરે જઈને ખબર પૂછવા કહ્યું.

પોલીસ જ્યારે ઘરે પહોંચી ત્યારે બેઝમેન્ટમાંથી સુધા વેંકટેશન અને પહેલા માળેથી સિદ્ધાર્થ અરવિંદનો મૃતદેહ મળ્યો. અધિકારીઓએ જણાવ્યું કે બંનેના શરીર પર ગંભીર ઈજાના નિશાન હતા. જોકે, મોતનું કારણ અને ગુનામાં ઉપયોગમાં લેવાયેલા હથિયારની માહિતી હજુ સામે આવી નથી. તેની તપાસ ચાલુ છે. ઘટના બાદ અર્જુન અને તેની માતાની કાર બંને ઘરમાંથી ગુમ હતી. આનાથી પોલીસને શંકા ગઈ કે આરોપી ઘટનાસ્થળેથી કાર લઈને ભાગી ગયો છે. આ પછી પોલીસે તરત જ તેની શોધખોળ શરૂ કરી અને આસપાસના તમામ શહેરોની પોલીસને એલર્ટ જાહેર કરી દીધું.

બુધવારે સવારે મેસેચ્યુસેટ્સના વેઈલેન્ડ વિસ્તારમાં એક પાર્કિંગમાં પોલીસને શંકાસ્પદ કાર ઉભેલી મળી. અધિકારીઓએ કારને ઘેરી લીધી અને તપાસ કરતા અંદર અર્જુન હાજર મળ્યો. પોલીસે તેને કોઈ વિરોધ કે ઝપાઝપી વગર કસ્ટડીમાં લઈ લીધો.

બાદમાં પૂછપરછ અને પ્રાથમિક તપાસના આધારે તેને તેની માતા સુધા વેંકટેશન અને 14 વર્ષીય ભાઈ સિદ્ધાર્થ અરવિંદની હત્યાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. હાલ પોલીસ કેસની તપાસ કરી રહી છે અને એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે ઘટના બાદ અર્જુન ક્યાં-ક્યાં ગયો હતો અને તેનો હેતુ શું હતો.

તપાસમાં જાણવા મળ્યું છે કે અર્જુન છેલ્લા કેટલાક સમયથી ઈન્ટરનેટ અને ChatGPT પર પરિવારની હત્યા જેવા વિષયો પર માહિતી શોધી રહ્યો હતો. તેણે ChatGPT પાસેથી હત્યા અને રહસ્ય સાથે સંબંધિત કાલ્પનિક કહાનીઓ લખવામાં પણ મદદ માંગી હતી. આ કહાનીઓમાં એવા પાત્રો હતા, જે પોતાના જ પરિવારના લોકોની હત્યા કરે છે. તેણે ChatGPT ને આ પ્રકારના ઘણા પ્રશ્નો પણ પૂછ્યા હતા.

જોકે, તપાસ એજન્સીઓએ એવું નથી કહ્યું કે ChatGPT એ તેને હત્યા કરવાની રીત જણાવી કે યોજના બનાવવામાં મદદ કરી. અધિકારીઓનું માત્ર એટલું જ કહેવું છે કે તેની ચેટ હિસ્ટ્રીમાં પરિવારની હત્યા સાથે સંબંધિત કાલ્પનિક વિષયો પર વાતચીત અને સર્ચ મળ્યા છે.

# ટ્રમ્પની વફાદાર કેરોલિન લેવિટે નોકરી છોડી: પત્રકારો પર કટાક્ષ કરવા માટે જાણીતી હતી, કહ્યું- સારી માતા બનવા માંગુ છું

**વોશિંગ્ટન, તા.13**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સૌથી ભરોસાપાત્ર સહયોગીઓમાંના એક ગણાતા વ્હાઈટ હાઉસ પ્રેસ સચિવ કેરોલિન લેવિટે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. 28 વર્ષીય લેવિટ આ મહિનાના અંતમાં વ્હાઈટ હાઉસ છોડી દેશે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર આની જાણકારી આપતા કહ્યું કે લેવિટ હવે પોતાના પરિવાર અને બે નાના બાળકોને વધુ સમય આપવા માંગે છે. જોકે, તે ટ્રમ્પના બાહ્ય સલાહકાર બની રહેશે અને રિપબ્લિકન પાર્ટી માટે કામ કરતી રહેશે. લેવિટ 27 વર્ષની ઉંમરે અમેરિકાના ઈતિહાસના સૌથી નાની ઉંમરના વ્હાઈટ હાઉસ પ્રેસ સચિવ બન્યા હતા. મે મહિનામાં દીકરીના જન્મ પછી તે થોડા સમય માટે મેટરનિટી લિવ પર ગયા હતા અને થોડા દિવસ પહેલા જ કામ પર પાછા ફર્યા હતા. તેમનો એક બે વર્ષનો દીકરો પણ છે. લગભગ 20 મહિના સુધી કેરોલિન લેવિટ વ્હાઈટ હાઉસમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સૌથી ભરોસાપાત્ર પ્રવક્તા રહ્યા હતા. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જ્યારે પણ ટ્રમ્પની નીતિઓ, નિર્ણયો કે વિવાદો પર મુશ્કેલ પ્રશ્નો પૂછવામાં આવતા, ત્યારે તેનો જવાબ આપવાની જવાબદારી અવારનવાર લેવિટ જ સંભાળતા હતા. તેમણે ઘણીવાર ટ્રમ્પનો આક્રમક રીતે બચાવ કર્યો અને મીડિયાના પ્રશ્નોના કડક શબ્દોમાં જવાબ આપ્યા. પ્રેસ બ્રીફિંગ દરમિયાન પત્રકારો સાથે તેમની ઘણીવાર ઉગ્ર



બોલાચાલી થઈ હતી, જે ચર્ચામાં રહી હતી. એક પ્રેસ કોન્ફરન્સમાં તેમણે પ્રશ્ન પૂછનાર એક રિપોર્ટરને 'ડાબેરી વિચારસરણીવાળો' અને 'પત્રકારના નામે કલંક' સુધી કહી દીધું હતું. આ નિવેદન બાદ ઘણો વિવાદ થયો હતો.

લેવિટ ઘણીવાર મેઈનસ્ટ્રીમ મીડિયા પર પક્ષપાતનો આરોપ પણ લગાવતા હતા. તેમનું કહેવું હતું કે કેટલાક મીડિયા સંસ્થાનો ટ્રમ્પ સરકાર વિરુદ્ધ એજન્ડા ચલાવે છે. જ્યારે, તેમના પર આરોપ લાગતો હતો કે તેઓ પત્રકારોના સવાલોથી બચવા માટે તેમના પર વ્યક્તિગત હુમલા કરતી હતી.

લેવિટે વ્હાઈટ હાઉસની પ્રેસ બ્રીફિંગની રીત પણ ઘણી બદલી. તેમના કાર્યકાળમાં પહેલીવાર સોશિયલ મીડિયા ઈન્ફ્લુઅન્સર્સ, પોડકાસ્ટ હોસ્ટ, યુટ્યુબ ક્રિએટર્સ અને ટ્રમ્પ સમર્થક ડિજિટલ મીડિયા પ્લેટફોર્મ્સને પણ પ્રેસ બ્રીફિંગમાં સવાલ પૂછવાની તક મળી.

ટ્રમ્પ સરકારનું કહેવું હતું કે આનાથી એવા લોકો સુધી પણ સરકારની વાત પહોંચશે, જેઓ મેઈન સ્ટ્રીમ મીડિયા જોતા નથી. જોકે, આ નિર્ણયની ઘણી ટીકા પણ થઈ હતી. પત્રકારોનું કહેવું હતું કે સરકાર પોતાની ટીકાથી ડરે છે અને ટ્રમ્પ સમર્થકોને વધુ મહત્વ આપવામાં આવી રહ્યું છે.

લેવિટ તે સમયે પણ વિવાદોમાં આવી ગયા હતા, જ્યારે વ્હાઈટ હાઉસે ન્યૂઝ એજન્સી એસોસિએટેડ પ્રેસ (AP) ને પ્રેસ પૂલમાંથી બહાર કરી દીધું. આ વિવાદ એટલા માટે થયો કારણ કે એજન્સીએ ટ્રમ્પ સરકારની ઈચ્છા છતાં 'ગલ્ફ ઓફ અમેરિકા' નામનો ઉપયોગ કરવાનો ઈનકાર કર્યો હતો અને પોતાના રિપોર્ટ્સમાં પહેલાથી ચાલી રહેલા નામ 'ગલ્ફ ઓફ મેક્સિકો' નો જ ઉપયોગ ચાલુ રાખ્યો. અમેરીકી રાષ્ટ્રપતિ દરેક જગ્યાએ સેંકડો પત્રકારોને સાથે લઈ જઈ શકતા નથી. તેથી કેટલાક પસંદગીના પત્રકારો અને મીડિયા સંસ્થાઓનું એક નાનું જૂથ બનાવવામાં આવે છે. આને પ્રેસ પૂલ કહેવાય છે. આ ટીમ રાષ્ટ્રપતિ સાથે પ્રવાસ કરે છે અને તેમની બેઠકો, કાર્યક્રમો અને નિવેદનોને સૌથી પહેલા કવર કરે છે. આ પછી આ જ માહિતી બાકીના મીડિયા સંસ્થાનો સાથે પણ શેર કરવામાં આવે છે.

# લાલ કિલ્લા પર થયેલો બ્લાસ્ટ અલકાયદાએ કરાવ્યો: UNના રિપોર્ટમાં દાવો, NIAની તપાસમાં પણ આ જ સામે આવ્યું હતું, 11 લોકોનાં મોત થયા હતા

**લંડન, તા.13**

લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટ પાછળ અલ-કાયદા સાથે સંકળાયેલા સંગઠનનો હાથ હતો. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) ના 38મા અહેવાલમાં આ દાવો કરવામાં આવ્યો છે. 10 નવેમ્બર 2025ની સાંજે લાલ કિલ્લા પાસે થયેલા આ વિસ્ફોટમાં 11 લોકોના મોત થયા હતા, જ્યારે અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા.

અહેવાલ મુજબ, અલ-કાયદા ઈન ધ ઈન્ડિયન સબકોન્ટિનેન્ટ (AQIS) એ આ વિસ્ફોટને અંજામ આપ્યો. તેમાં કહેવામાં આવ્યું છે કે AQIS હવે નાના-નાના સેલ દ્વારા કામ કરી રહ્યું છે અને તેણે પોતાનું લોજિસ્ટિક્સ અને ફાઈનાન્સિયલ નેટવર્ક પણ તૈયાર કરી લીધું છે.

આ પહેલા આવેલી UNSCની 37મા રિપોર્ટમાં એક સભ્ય દેશે આ હુમલા પાછળ જૈશ-એ-મોહમ્મદ (JeM) નો હાથ હોવાનું જણાવ્યું હતું. એટલે કે, આ હુમલાને લઈને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના સતત બે અહેવાલોમાં બે અલગ-અલગ આતંકવાદી સંગઠનોના નામ સામે આવ્યા છે. જોકે, NIA ની ચાર્જશીટમાં દાવો કરવામાં આવ્યો હતો કે આરોપીઓ AQIS સાથે સંકળાયેલા હતા.

UNSCની એનાલિટિકલ સપોર્ટ એન્ડ સેંક્શન્સ મોનિટરિંગ



ટીમનો આ રિપોર્ટ સોમવારે જાહેર કરવામાં આવ્યો. તેમાં કહેવામાં આવ્યું છે કે AQIS હવે વિખરાયેલા નાના આતંકી સંગઠન કરતાં એક પ્રાદેશિક આતંકી નેટવર્ક તરીકે વિકસિત થઈ ચૂક્યું છે.

સંગઠને પોતાનું લોજિસ્ટિક્સ અને ફાઈનાન્સિયલ નેટવર્ક તૈયાર કરી લીધું છે અને હવે મોટા જૂથોને બદલે નાના-નાના, અલગ-અલગ સેલ દ્વારા કામ કરી રહ્યું છે.

આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે AQIS બાંગ્લાદેશમાં પણ પોતાના આતંકી સેલ બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. રિપોર્ટમાં તેને પ્રાદેશિક સુરક્ષા માટે ગંભીર ચિંતાનો વિષય ગણાવવામાં આવ્યો છે.

અહેવાલમાં જણાવાયું છે કે અલ-કાયદા અને ઈસ્લામિક સ્ટેટ (ISIL/દાએશ) લાંબા સમયથી ઝેરી રાસાયણિક અને જૈવિક હથિયારો બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેનાથી મોટી સંખ્યામાં લોકોને નુકસાન પહોંચાડી શકાય. જોકે, અત્યાર સુધી તેઓ તેમાં સંપૂર્ણપણે સફળ થયા નથી, કારણ કે આવા હથિયારો બનાવવા અત્યંત મુશ્કેલ કાર્ય છે. અહેવાલ મુજબ, આ આતંકવાદી સંગઠનો સાથે સંકળાયેલા ઓનલાઈન નેટવર્ક પર હજુ પણ આવા ઝેરી પદાર્થો બનાવવાની રીતો અને માહિતી શેર કરવામાં આવી રહી છે. ફેબ્રુઆરીમાં ISILના અંગ્રેજી મેગેઝિન 'ઈનવેડ' માં બોટ્યુલિનમ ટોક્સિન અને સાયનાઈડ જેવા ઝેરી પદાર્થો તૈયાર કરવા સંબંધિત સૂચનાઓ પ્રકાશિત કરવામાં આવી હતી. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ISIL-K એ છેલ્લા 12 મહિના દરમિયાન તેના નેટવર્કમાં 'રાયસિન' નામના અત્યંત ઝેરી વિષને તૈયાર કરવા સંબંધિત માહિતી પણ શેર કરી છે.

NIAએ મે મહિનામાં 11 આરોપીઓ વિરુદ્ધ લગભગ 7,500 પાનાની ચાર્જશીટ દાખલ કરી છે. રાઉઝ એવન્યુ કોર્ટ આ અંગે 27 ઓગસ્ટે સુનાવણી કરશે. ચાર્જશીટમાં 580 થી વધુ સાક્ષીઓના નિવેદનો પણ સામેલ છે.

તેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તમામ આરોપીઓ આતંકવાદી સંગઠન સાર ગઝવત-ઉલ-હિંદ અને અલ-કાયદા ઈન ઈન્ડિયન સબકોન્ટિનેન્ટ (AQIS) સાથે સંકળાયેલા હતા.

NIAની તપાસમાં સામે આવ્યું હતું કે કેટલાક આરોપીઓ કટ્ટરપંથી વિચારધારાથી પ્રભાવિત મેડિકલ પ્રોફેશનલ હતા. 2022 માં શ્રીનગરમાં યોજાયેલી એક ગુપ્ત બેઠકમાં તેમણે "AGuH Interim" નામથી સંગઠનને ફરી સક્રિય કર્યું અને "ઓપરેશન હેવનલી હિંદ" શરૂ કર્યું હતું.

આરોપીઓએ નવા સભ્યોની ભરતી કરી હતી અને મોટા પાયે વિસ્ફોટકો તૈયાર કર્યા હતા. એજન્સીએ જણાવ્યું કે ધમાકામાં ઉપયોગમાં લેવાયેલ TATP વિસ્ફોટક આરોપીઓએ પોતે જ તૈયાર કર્યો હતો. આ માટે કેમિકલ અને ડિવાઈસ ઓનલાઈન અને ઓફલાઈન ભેગા કરવામાં આવ્યા હતા.

તપાસમાં એ પણ સામે આવ્યું હતું કે આરોપીઓ AK-47, ક્રિન્કોવ રાઈફલ અને અન્ય હથિયારો એકત્રિત કરવા ઉપરાંત ડ્રોન અને રોકેટ ઓપરેટેડ IED પર પણ પ્રયોગ કરી રહ્યા હતા. IA એ અત્યાર સુધી આ મામલે 11 લોકોની ધરપકડ કરી છે. ફરાર આરોપીઓની શોધખોળ ચાલુ છે.

દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા વિસ્તારમાં 10 નવેમ્બર 2025 ની સાંજે અચાનક એક જોરદાર બ્લાસ્ટ થયો હતો. બ્લાસ્ટ એટલો ભયાનક હતો કે આસપાસ ઉભેલી ગાડીઓના કાચ તૂટી ગયા હતા. ઘણી દુકાનો અને ઈમારતોને પણ નુકસાન થયું હતું. આ બ્લાસ્ટમાં 11 લોકોના મોત થયા હતા, જ્યારે ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

પ્રારંભિક તપાસમાં જ તપાસ એજન્સીઓને શંકા ગઈ હતી કે આ કોઈ સામાન્ય બ્લાસ્ટ નહીં, પરંતુ હાઈ-ઈન્ટેન્સિટી VBIED હુમલો હતો. ઘટના બાદ સમગ્ર દિલ્હી-NCRમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. દેશની ઘણી સુરક્ષા એજન્સીઓ અને ફોરેન્સિક ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. બાદમાં આ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તપાસ રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) ને સોંપવામાં આવી હતી.

# બાંગ્લાદેશમાં 10-10 કલાક વીજળી કપાઈ રહી છે: સરકારે રાત્રે 8 વાગ્યે બજાર બંધ કરવાનો આદેશ આપ્યો, ભારત પાસેથી ડીઝલ સપ્લાય વધારવાની માગ કરી

**ઢાકા, તા.13**

બાંગ્લાદેશમાં વીજળી સંકટ સતત ગંભીર બની રહ્યું છે. દેશના ઘણા ભાગોમાં દરરોજ 8થી 10 કલાક સુધી વીજળી કપાઈ રહી છે. તેની સૌથી વધુ અસર રાજધાની ઢાકાની બહારના ગ્રામીણ વિસ્તારોમાં જોવા મળી રહી છે. તીવ્ર ગરમી અને હીટવેવે લોકોની મુશ્કેલીમાં વધુ વધારો કર્યો છે.

વીજળીની અછતનો સામનો કરવા માટે સરકારે બુધવારથી દેશભરમાં શોપિંગ મોલ, બજાર અને દુકાનોને રાત્રે 8 વાગ્યા સુધી બંધ કરવાનો આદેશ આપ્યો છે. વીજળી સંકટનો સામનો કરવા માટે બાંગ્લાદેશે હવે ભારત પાસેથી વધારાના ડીઝલની માગ કરી છે.

બાંગ્લાદેશમાં વીજળી સંકટનું સૌથી મોટું કારણ ઈંધણની અછત છે. ખાસ કરીને કુદરતી ગેસની અછતે વીજળી ઉત્પાદનને અસર કરી છે. દેશ પોતાના વપરાશનું 90%થી વધુ તેલ અને લગભગ 30% ગેસ અન્ય દેશો પાસેથી ખરીદે છે.

પ્રથમ કારણ- અમેરિકી કંપની એક્સલરેટ એનર્જીના LNG ટર્મિનલમાં 21 જુલાઈએ આગ લાગી હતી. ત્યારબાદ ટર્મિનલ બંધ થઈ ગયું હતું. આ અઠવાડિયાની શરૂઆતમાં અહીં કેટલાક કામ ફરી શરૂ થયા, પરંતુ ત્યાં સુધીમાં LNGનો પુરવઠો અડધો થઈ ગયો હતો.

બીજું કારણ- સમુદ્રમાં ખરાબ હવામાનને કારણે ઓછામાં ઓછા બે LNG જહાજો ટર્મિનલ સુધી પહોંચી શક્યા નહીં અને પોતાનો માલ ઉતારી શક્યા નહીં. અન્ય દેશોમાંથી આવતી વીજળીનો પુરવઠો પણ ઓછો થયો છે.

આ કારણોસર બાંગ્લાદેશમાં વીજળી ઉત્પાદન લગભગ 1,500 મેગાવોટ ઘટી ગયું છે.

બાંગ્લાદેશમાં વીજળીનો પુરવઠો 6 વિતરણ કંપનીઓ પૂરો પાડે છે. રાજધાની ઢાકાને હાલ તેની જરૂરિયાત મુજબ વીજળી મળી રહી છે. પરંતુ ઢાકાની બહારના ગ્રામીણ વિસ્તારોમાં લગભગ 80 વીજળી સહકારી મંડળીઓ પુરવઠો પૂરો પાડે છે.

મયમનસિંહ, બરિસાલ, રંગપુર, સિલહટ, રાજશાહી અને ખુલનામાં વીજળી સંકટની વધુ અસર છે. મોટાભાગના વિસ્તારોમાં દરરોજ 3થી 5 કલાક વીજળી કપાઈ રહી છે. જ્યારે ખુલનામાં લોકોએ 9થી 10 કલાક સુધી વીજળી ગુલ



રહેવાની ફરિયાદ કરી છે.

સતત વીજળી કાપને કારણે લોકોમાં ગુસ્સો પણ વધી રહ્યો છે. કેટલાક વિસ્તારોમાં ગુસ્સે ભરાયેલા લોકોએ વીજળી સંબંધિત સુવિધાઓ પર હુમલો કર્યો છે. ઘણી જગ્યાએ તોડફોડ અને આગચંપીના પણ અહેવાલો સામે આવ્યા છે. આ પછી વીજળી વિભાગે સુરક્ષા માટે પોલીસની મદદ માંગી છે.

વીજળી કાપની અસર ફક્ત ઘરો સુધી સીમિત નથી. ખેતી, રેસ્ટોરન્ટ અને કારખાનાઓનું કામ પણ પ્રભાવિત થઈ રહ્યું છે. ખેડૂતોને વીજળીને બદલે ડીઝલ જનરેટર ચલાવવા માટે વધુ પૈસા ખર્ચ કરવા પડી રહ્યા છે.

ઝીંગા ઉછેર કરતા ખેડૂતોની મુશ્કેલીઓ વધુ છે. વીજળી જતાં પાણીમાં ઓક્સિજન પહોંચાડતી મશીનો બંધ થઈ જાય છે. આનાથી પાણીમાં ઓક્સિજન ઓછો થવા લાગે છે અને ઝીંગાના મરવાનો ખતરો વધી જાય છે. બાંગ્લાદેશ દુનિયામાં ઝીંગા નિકાસ કરનારો બીજો સૌથી મોટો દેશ છે.

દેશના કાપડ અને ગારમેન્ટ ઉદ્યોગ પર પણ વીજળી સંકટની અસર પડી રહી છે. આ ક્ષેત્ર બાંગ્લાદેશની અર્થવ્યવસ્થા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

સરકારને હાલમાં વીજળી સંકટમાંથી જલ્દી રાહત મળવાની આશા ઓછી છે. તેથી વીજળીનો વપરાશ ઘટાડવા માટે ઘણા પ્રતિબંધો લગાવવામાં આવ્યા છે.

આવું પગલું બાંગ્લાદેશમાં પહેલા પણ લેવામાં આવ્યું છે. થોડા મહિના પહેલા એપ્રિલમાં ઉર્જા સંકટ વધવા દરમિયાન સરકારે દુકાનો અને શોપિંગ મોલને સાંજે 6 વાગ્યા સુધી બંધ કરવાનો આદેશ આપ્યો હતો.

બાંગ્લાદેશના ઉર્જા મંત્રી ઈકબાલ હસન મહમૂદે ગયા અઠવાડિયે ભારતીય હાઈ કમિશનર દિનેશ ત્રિવેદી સાથે મુલાકાત દરમિયાન આ માંગણી કરી હતી.

મહમૂદે પત્રકારોને જણાવ્યું કે ભારત સાથે એક પાઈપલાઈન છે, જેનાથી બાંગ્લાદેશને ડીઝલ મળે છે. તેમણે ભારતને તેની સપ્લાય વધારવા વિનંતી કરી છે.

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ઈન્ડિયા-બાંગ્લાદેશ ફ્રેન્ડશિપ પાઈપલાઈન 2017માં શરૂ થઈ હતી. બંને દેશો વચ્ચે 15 વર્ષનો કરાર છે. આ અંતર્ગત ભારતે દર વર્ષે બાંગ્લાદેશને 1.80 લાખ મેટ્રિક ટન ડીઝલ આપવાનું છે.

પશ્ચિમ એશિયામાં તાજેતરના સંકટ દરમિયાન ભારતે માર્ચ અને એપ્રિલમાં બાંગ્લાદેશને પહેલાથી જ 30 હજાર ટનથી વધુ ડીઝલ મોકલી દીધું છે.

નેતન્યાહૂએ સ્પષ્ટ જણાવ્યું હતું કે, 'ઇઝરાયેલ ૧૫-મુદ્દાના દસ્તાવેજને અસ્વીકાર કરે છે. જ્યાં સુધી હમાસ ખરેખર નિઃશસ્ત્ર ન થાય ત્યાં સુધી IDF કોઈપણ પ્રકારની વાપસી કરશે નહીં. જ્યારે હું હમાસના નિઃશસ્ત્રીકરણની વાત કરું છું, ત્યારે તેનો અર્થ ભારે શસ્ત્રો, હળવા શસ્ત્રો અને તમામ શસ્ત્રા થાય છે. આપણે વાસ્તવિક નિઃશસ્ત્રીકરણની વાત કરી રહ્યા છીએ, કાલ્પનિક નિઃશસ્ત્રીકરણની નહીં. હું વડા પ્રધાન છું, ત્યાં સુધી ગાઝા અથવા વેસ્ટ બેંકમાં કોઈ પેલેસ્ટાઈનનું રાજ્ય બનશે નહીં.'

## તંત્રી લેખ

# ગામડાંની આર્થિક ગતિવિધિને વેગવંતી બનાવતો શ્રાવણોત્સવ

આજથી શ્રાવણોત્સવ. ભગવાન શિ૦વની વંદના કરવાનો આખો મહિનો આજથી શરૂ થઈ રહ્યો છે. દરેક ગામમાં તેમજ વિકસિત નવા શહેરી વિસ્તારોમાં મહાદેવનાં મંદિરો જોવા મળે છે. ભગવાન શિવને ભોળાનાથ કહ્યા છે. આંદોલનમાં જોવા મળતા જેન-ઝી વિદ્યાર્થીઓ અને અન્ય યુવાનો મંદિરોમાં જોવા મળતા નથી. જેન-ઝી આંદોલનમાં ક્યાંય ભક્તિસંગીત કે ભગવાનની આરતી જોવા મળી નથી. આવા લોકોને ક્યાં તો ભગવાન શિવના માર્ગથી દૂર રાખવામાં આવ્યા છે અથવા તો પ્રાચીન કથાઓ એવી રીતે રજૂ કરાઈ છે કે નવી પેઢીને તે જાદુઈ વાર્તા સમાન લાગે છે.

શ્રાવણ માસમાં આવતા વિવિધ તહેવારોના કારણે આખો માસ શ્રાવણોત્સવ સમાન લાગે છે. બુધવારની હરિયાળી અમાસથી શરૂ થતા તહેવારો દેવદીવાળી સુધી ધામક વાતાવરણ ઊભું કરશે. ગુજરાતમાં કાવડ યાત્રાનો બહુ પ્રભાવ નથી, પરંતુ ઉત્તર પ્રદેશમાં કાવડ યાત્રા ગાજી રહી છે. કરોડો લોકો ગંગા નદીનું પવિત્ર જળ ઊંચકીને લાવે છે અને તેમના વિસ્તારોનાં મંદિરોમાં અભિષેક કરે છે. ઉત્તર પ્રદેશના દરેક ગામમાંથી કાવડના સંઘો નીકળે છે. શ્રાવણ માસ દરમિયાન શહેરોનાં અનેક સ્થળો પર અમરનાથના દર્શનની વ્યવસ્થા કરાય છે. તેનું આયોજન વિસ્તારના યુવાનો પાસે હોય છે, જે દર્શાવે છે કે ધામક પરંપરાઓને યુવાનો જીવતી રાખી રહ્યા છે. યુવાનોને પરંપરાગત ધામક માન્યતાઓ તરફ વાળવા અમરનાથ દર્શન જેવા કાર્યક્રમો મહત્ત્વના બને છે, જેમાં તેઓ સ્વૈચ્છિક રીતે ઈન્વોલ્વ થાય છે. પ્રાચીન ધામક કથાઓ અને સંસ્કૃતિ પર ફિલ્મો પણ બની છે, પરંતુ યુવાનોને શિવભક્તિ તરફ વાળી શકાયા નથી. ફિલ્મો ધર્મના પ્રચાર માટે નહીં, પણ પૈસા કમાવવા બનાવાય છે. તેના કારણે ફિલ્મોમાં ઘૂસાડાતા સંવાદો, બિનજરૂરી તેમજ જાદુઈ લાગે તેવાં દ્રશ્યો અને એકાદ ગ્રંથને ટાંકીને વિવાદો ઊભા કરવામાં આવે છે, જેના કારણે નવી પેઢી ધર્મ તરફ ખેંચવાના બદલે તેનાથી દૂર થઈ જાય છે. શિવકથા ઠેર-ઠેર થાય છે. તેમાં ચૂંટણીની સભા જેવો માહોલ જોવા મળે છે. રાજકીય નેતાઓની ચૂંટણી સભાઓમાં જેમ લાખો લોકો આવે છે પરંતુ તેઓ મતદાર બનતા નથી, એવું જ શિવકથા કે રામકથામાં હોય છે. લાખો લોકો કથા સાંભળી ચૂક્યા છે, પરંતુ તેમના કશું પરિવર્તન આવતું નથી, નથી સમાજસુધારણા થતી.

કથાનો સાર લોકો પોતાના રોજિંદા જીવનમાં ઉતારતા નથી. ઘણા યુવાનો સામે ચાલીને ભગવાન શિવને સમજવા ઈચ્છે છે. તેઓ કથામાં અને રોજ શિવલિંગ પર અભિષેક માટે પણ જાય છે, પરંતુ કેટલીક ધામક ક્રિયા પરંપરાગત હોય છે અને મહદ્ અંશે તેઓ યંત્રવત્ તેનું અનુકરણ કરે છે. શ્રાવણ માસમાં દરેક મહાદેવના મંદિરમાં ત્રણ પ્રહરની પૂજા થશે, પરંતુ તેમાં નવી પેઢીના લોકો ભાગ્યે જ જોવા મળશે. જે રીતે સમાજનો એક વર્ગ બળવાખોરીના માર્ગને ઉત્તમ ગણી રહ્યો છે અને બીજો વર્ગ ઝઘડામાં વ્યસ્ત રહે છે, ત્યારે પ્રાચીન કવિ અખા ભગતની વાત યાદ આવે છે. તેમણે કહ્યું હતું કે- શ્રાવણોત્સવ ગ્રામીણ અર્થતંત્રને વેગવંતું બનાવે છે. હવેના દિવસો ગામડાંઓ સાથે સંકળાયેલા વેપાર-વ્યવસાયને ધામક રંગે રંગીને તેમના જીવનમાં ખુશાલી લાવશે. કિસાનોની ખેતી શરૂ થઈ છે, તો બીજી તરફ શ્રાવણ માસ શરૂ થયો છે. શ્રાવણ માસમાં આવતા તહેવારોમાં જન્માષ્ટમી, નાગપંચમી, રક્ષાબંધન જેવા તહેવારો પણ ગામડાનું અર્થતંત્ર વેગવંતું બનાવે છે. ટૂંકમાં, શ્રાવણોત્સવ ગામડાની આથક ગતિવિધિને પણ વેગવંતી બનાવે છે. દરેક ધામક પરંપરા પાછળ એક કથા રહેલી હોય છે. આ કથાને યુવાનોના મન સુધી પહોંચાડવાની જરૂર છે. આ કથાને વર્તમાન જીવન સાથે ઉદાહરણો આપીને સમજાવવાની જરૂર છે. દરેક ધામક ક્રિયા પાછળનો મર્મ સમજાવવા હિન્દુ સંગઠનોએ સેવાભાવીઓની સેના ઊભી કરવી પડશે. શ્રાવણ મહિનામાં એક સમય ખોરાક લઈને ઉપવાસ કરનારાઓની સંખ્યા વધી રહી છે. એવી જ રીતે માત્ર સોમવાર કરનારાઓની સંખ્યા પણ વધી છે, પરંતુ મોટા ભાગની ક્રિયા દેખાદેખી જોવા મળે છે.

# ક્લાઈમેટ ઈમર્જન્સી : શાંઘાઈથી સિડની સુધી ચારે તરફ કુદરતનો કેર!

## વૈશ્વિક મહાવિનાશના સંકેત : કુદરતનું હવે ધ્યાન નહીં રાખીએ તો માણસજાતનું અસ્તિત્વ ખતરામાં આવી જશે

ફ્રાન્સ, જર્મની, પોલેન્ડથી લઈને ઓસ્ટ્રેલિયાના સિડની સુધી ગરમીથી હાહાકાર મચી ગયો. જંગલો સળગી રહ્યા છે અને દુષ્કાળનો ખતરો વધી ગયો છે. બીજી તરફ ચીન, જાપાન, તાઈવાન ખાતે વાવાઝોડાએ કેર મચાવ્યો છે. તાજેતરમાં જ ચીનના શાંઘાઈમાં વરસાદે તબાહી મચાવી હતી. ઉલ્લેખનીય છે કે, 'ડોલ્ફિન' વાવાઝોડું ચીન પહોંચ્યા પછી શાંઘાઈમાં એટલો વરસાદ થયો છે જે છેલ્લાં દોઢસો વર્ષમાં ક્યારેય નથી થયો : ધ્રુવીય વિસ્તારોને છોડીને દુનિયાના મહાસાગરોનું સરેરાશ સપાટીનું તાપમાન જુલાઈમાં ૨૦.૯૬ ડિગ્રી સેલ્સિયસ રહ્યું છે. આ પહેલાં સમુદ્રનું સૌથી વધુ સરેરાશ તાપમાન ૨૦.૮૯ ડિગ્રી સેલ્સિયસ જૂન ૨૦૨૩માં નોંધાયું હતું. ખાસ વાત એ છે કે ૨૦૨૬નો જુલાઈ મહિનો સંયુક્ત રીતે બીજો સૌથી ગરમ જુલાઈ મહિનો રહ્યો છે : મધ્ય અને પૂર્વ પ્રશાંત મહાસાગરમાં દરિયાઈ પાણીનું ગરમ થવું તે 'અલ નીનો' તરીકે ઓળખાય છે. જ્યારે આ કુદરતી ઘટના ગ્લોબલ વોર્મિંગ સાથે ભળે છે, ત્યારે તે વૈશ્વિક હવામાન ચક્રને સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત કરી દે છે. ગરમ સમુદ્ર વાતાવરણમાં વધુ ભેજ અને ઊર્જા છોડે છે, જેના કારણે ડોલ્ફિન જેવા વાવાઝોડાં અતિ વિનાશક બને છે

દુનિયાભરમાં હાલમાં વિવિધ કુદરતી આપત્તીઓ આવી રહી છે. વરસાદ, વાવાઝોડા, ભૂકંપ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, પૂર અને દાવાનળ જેવી સમસ્યાઓ સતત વધી રહી છે. જાણકારો માને છે કે, કુદરત હવે પૃથ્વી પર લોકોને તેમના કર્મોની સજા આપવા લાગી છે. સુવિધાઓના નામે આપણે જે અવિચારી વિકાસ કરીને કુદરતનું તંત્ર રગદોળી કાઢ્યું હતું તે હવે માણસજાતને ચકરાવે ચડાવી રહ્યું છે. કુદરત એ હદે રૂઠી છે કે, ચારેકોરથી માણસોને ભીંસમાં લઈ રહી છે. યુરોપની ક્લાઈમેટ ચેન્જ સવસના જણાવ્યા અનુસાર, જુલાઈમાં મહાસાગરો અત્યાર સુધીના સૌથી ગરમ સ્તરે પહોંચી ગયા છે. આ દરમિયાન સમુદ્રની સપાટીનું તાપમાન ૨૦.૯૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જેણે ૨૦૨૩માં બનેલો પોતાનો જ રેકોર્ડ તોડી નાખ્યો છે. આ અસહ્ય ગરમીએ યુરોપની હાલત ખરાબ કરી નાખી છે.

યુરોપે આ વર્ષે ગરમીના કારણે ભયાનક તબાહી જોઈ. ફ્રાન્સ, જર્મની, પોલેન્ડથી લઈને ઓસ્ટ્રેલિયાના સિડની સુધી ગરમીથી હાહાકાર મચી ગયો. જંગલો સળગી રહ્યા છે અને દુષ્કાળનો ખતરો વધી ગયો છે. બીજી તરફ ચીન, જાપાન, તાઈવાન ખાતે વાવાઝોડાએ કેર મચાવ્યો છે. તાજેતરમાં જ ચીનના શાંઘાઈમાં વરસાદે તબાહી મચાવી હતી. ઉલ્લેખનીય છે કે, 'ડોલ્ફિન' વાવાઝોડું ચીન પહોંચ્યા પછી શાંઘાઈમાં એટલો વરસાદ થયો છે જે છેલ્લાં દોઢસો વર્ષમાં ક્યારેય નથી થયો. આવી સ્થિતિમાં સવાલ એ ઊભો થાય છે કે શું હવે દુનિયાનું હવામાન એવા સ્તરે પહોંચી રહ્યું છે, જ્યાંથી માત્ર ને માત્ર કુદરતનો કેર જ વરસવાનો છે? માણસોએ કુદરતની સાથે જે સ્તરે અને જે પ્રમાણમાં ચેડાં કર્યા છે તેનું પરિણામ હવે ભોગવવા તૈયાર થઈ જવું પડે તેવી સ્થિતિ આવી ગઈ છે.

યુરોપની કોપરનિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસના જણાવ્યા અનુસાર, ધ્રુવીય વિસ્તારોને છોડીને દુનિયાના મહાસાગરોનું સરેરાશ સપાટીનું તાપમાન જુલાઈમાં ૨૦.૯૬ ડિગ્રી સેલ્સિયસ રહ્યું છે. આ પહેલાં સમુદ્રનું સૌથી વધુ સરેરાશ તાપમાન ૨૦.૮૯ ડિગ્રી સેલ્સિયસ જૂન ૨૦૨૩માં નોંધાયું હતું. ખાસ વાત એ છે કે ૨૦૨૬નો જુલાઈ મહિનો સંયુક્ત રીતે બીજો સૌથી ગરમ જુલાઈ મહિનો રહ્યો છે. ક્લાઈમેટ ચેન્જ સર્વિસના જણાવ્યા અનુસાર, સમુદ્રનું તાપમાન વધુ વધવાને કારણે 'અલ નીનો'ની સ્થિતિ સર્જાઈ છે. આ એક કુદરતી હવામાન પેટર્ન છે, જેમાં પેસેફિક મહાસાગરના એક મોટા હિસ્સાનું દરિયાઈ તાપમાન સામાન્ય કરતાં વધુ ગરમ થઈ જાય છે. હકિકતે તેનું પરિણામ એ આવ્યું



છે કે, પશ્ચિમી યુરોપ હાલમાં ભીષણ ગરમી અને દુષ્કાળનો બેવડો માર સહન કરી રહ્યું હતું. જૂન અને જુલાઈ દરમિયાન પશ્ચિમી યુરોપનું સરેરાશ તાપમાન ૨૧.૬૨ ડિગ્રી સેલ્સિયસ રહ્યું, જે સામાન્ય સરેરાશ કરતાં અંદાજે ૩ ડિગ્રી સેલ્સિયસ વધુ હતું. પરિસ્થિતિ એ થઈ ગઈ હતી કે ફ્રાન્સ, સ્પેન, જર્મનીના કેટલાક ભાગો અને બ્રિટનમાં વરસાદ અને માટીનો ભેજ ખૂબ જ ઓછો રહ્યો. ઘણા વિસ્તારોમાં માટીનો ભેજ ૨૦૨૨માં આવેલા ગંભીર દુષ્કાળ કરતાં પણ નીચલા સ્તરે પહોંચી ગયો હતો. ગરમી અને દુષ્કાળની અસર માત્ર જમીન સુધી સીમિત નથી. યુરોપની મુખ્ય નદીઓમાં પણ પાણીનું સ્તર સામાન્ય કરતાં ઘણું નીચે પહોંચી ગયું છે. આ ઉપરાંત ગરમ અને સૂકી જમીન જંગલોમાં આગ લાગવા માટે ખૂબ જ અનુકૂળ પરિસ્થિતિઓ ઊભી કરે છે. પશ્ચિમી યુરોપમાં ગયા મહિને મોટા પાયે જંગલમાં આગ જોવા મળી હતી. નિષ્ણાતોના મતે, આબોહવા પરિવર્તનને કારણે દક્ષિણ યુરોપમાં આવી પરિસ્થિતિઓ વધુ ઝડપથી બની રહી છે, જે મોટી અને અત્યંત ખતરનાક જંગલની આગને સતત આગળ વધારે છે. આ સાથે જ, આગની ગતિ ધીમે ધીમે ઉત્તર તરફ પણ વધી રહી છે. જંગલની મોટી આગ માત્ર સ્થાનિક સમસ્યા નથી હોતી. તેનો ધુમાડો હવાની સાથે સેંકડો-હજારો કિલોમીટર દૂર સુધી ફેલાઈ શકે છે. સ્પેન અને ફ્રાન્સમાં જે અઠવાડિયાઓથી આગ લાગી છે તેને સંપૂર્ણ કાબુ તો હજી કરી શકાઈ નથી. જો દર વર્ષે આવો જ ભીષણ ઉનાળો આવશે અને ગરમી પડતી રહેશે તો લોકો માટે જીવવું દુષ્કર થવા લાગશે.

બીજી તરફ બ્રિટન પણ ગરમી અને દુષ્કાળથી પરેશાન છે. આ અઠવાડિયે દેશમાં વર્ષની પાંચમી હીટવેવ આવવાની આશંકા છે. ઈંગ્લેન્ડ અને વેલ્સે રેકોર્ડ શરૂ થયા પછીની સૌથી સૂકી જુલાઈ નોંધાવી છે. ઈંગ્લેન્ડના મોટા ભાગને અને સમગ્ર વેલ્સને પહેલાથી જ દુષ્કાળગ્રસ્ત જાહેર કરી દેવામાં આવ્યા છે.

જો વરસાદ નહીં થાય તો બ્રિટનના વધુ વિસ્તારોમાં પણ દુષ્કાળની સત્તાવાર જાહેરાત થઈ શકે છે. બ્રિટનના હવામાન વિભાગના તાજા રિપોર્ટ સૌથી વધુ ચિંતા આ જ બાબતને લઈને વ્યક્ત કરી છે. રિપોર્ટ અનુસાર, જે પ્રકારના હવામાનને પહેલા અસાધારણ કે અસહ્ય માનવામાં આવતું હતું, તે હવે ધીમે ધીમે સામાન્ય બનતું જઈ રહ્યું છે.

ક્લાઈમેટ ચેન્જની જે વિપરિત અસર થઈ છે તેમાં હવા, જમીન જ નહીં પાણીને પણ વ્યાપક નુકસાન થયું છે. દુનિયાભરમાં નદીઓને નુકસાન થયું છે અને થઈ રહ્યું છે. બીજી તરફ હવે સમુદ્રો પણ તેનો ભોગ બની રહ્યા છે. સમુદ્ર માત્ર પાણીનો વિશાળ ભંડાર નથી. તે પૃથ્વીના તાપમાનને નિયંત્રિત કરનારી સૌથી મોટી કુદરતી વ્યવસ્થાઓમાંથી એક છે. ખરેખર, મહાસાગરો ગ્રીનહાઉસ ગેસોના કારણે પેદા થતી વધારાની ગરમીનો મોટો ભાગ શોષી લે છે. પરંતુ જેમ જેમ સમુદ્ર ગરમ થાય છે, તેના ઘણા ગંભીર પરિણામો સામે આવી રહ્યા છે. સમુદ્રો ગરમ થવાના કારણે મરીન ઈકોસિસ્ટમને વ્યાપક નુકસાન થઈ રહ્યું છે. દરિયાઈ જીવોને અને કોરલ રીફને નકારાત્મક અસરો થઈ રહી છે. આ ઉપરાંત દરિયાઈ તાપમાન વધવાથી હવામાન ચક્ર પર અસર પડી રહી છે. સમુદ્ર જ્યારે વધુ ગરમ થાય છે ત્યારે ખતરનાક વાવાઝોડા બને છે, એટલે કે ક્યાંક ભયાનક વરસાદ થશે તો ક્યાંક દુષ્કાળ પડશે.

મહાસાગરોના અસાધારણ ગરમ થવા પાછળ અલ નીનો જેવી કુદરતી ઘટના અને માનવસર્જિત ગ્લોબલ વોર્મિંગનું જોડાણ છે. મધ્ય અને પૂર્વ પ્રશાંત મહાસાગરમાં દરિયાઈ પાણીનું ગરમ થવું તે 'અલ નીનો' તરીકે ઓળખાય છે. જ્યારે આ કુદરતી ઘટના ગ્લોબલ વોર્મિંગ સાથે ભળે છે, ત્યારે તે વૈશ્વિક હવામાન ચક્રને સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત કરી દે છે. ગરમ સમુદ્ર વાતાવરણમાં વધુ ભેજ અને ઊર્જા છોડે છે, જેના કારણે ડોલ્ફિન જેવા વાવાઝોડાં અતિ વિનાશક બને છે. શાંઘાઈમાં તાજેતરમાં પડેલો ૧૫૦ વર્ષનો રેકોર્ડતોડ વરસાદ આ જ દરિયાઈ ગરમીનું સીધું પરિણામ છે. આ ઉપરાંત સમુદ્રમાં વારંવાર આવતી હીટવેવ્સને કારણે કોરલ રીફ્સ (પ્રવાળ ખડકો) નાશ પામી રહ્યા છે. જો કોરલ રીફ્સ નષ્ટ થશે, તો ૨૫% દરિયાઈ જીવોનું અસ્તિત્વ ખતરામાં મુકાશે.

જાણકારો માને છે કે, હવે કેટલીક બાબતે તાકીદે નક્કર અને મજબૂત પગલાં લેવાની જરૂર ઊભી થઈ છે. ખાસ કરીને કોલસો, પેટ્રોલ અને ડીઝલ જેવા અશ્મિભૂત બળતણનો વપરાશ તાત્કાલિક ઘટાડીને સૌર અને પવન ઊર્જા તરફ ઝડપથી વળવું પડશે. આ ઉપરાંત જંગલોનું રક્ષણ અને વ્યાપક વનીકરણ પણ કરવું પડશે. વૃક્ષો કાર્બન શોષક તરીકે કામ કરે છે. જંગલોનું નિકંદન અટકાવવું એ પ્રાથમિકતા હોવી જોઈએ. તે ઉપરાંત વિશ્વમાં વધારેમાં વધારે વૃક્ષારોપણ કરવામાં આવે અને ગ્રીનબેલ્ટમાં વધારો થાય તે અત્યંત જરૂરી છે. તેનાથી હવા, પાણી અને જમીન ત્રણેયને સુરક્ષિત કરી શકાશે. દરિયાઈ પ્રદૂષણ અટકાવવું અને દરિયાઈ પારિસ્થિતિક તંત્રને પુનર્જીવિત કરવા વૈશ્વિક સ્તરે કડક નીતિઓ લાગુ કરવી પડશે. જો વિશ્વના તમામ દેશો પોતાના રાજકીય અને આર્થિક સ્વાર્થ છોડીને પર્યાવરણ પ્રત્યે ગંભીર નહીં થાય, તો કુદરતનો આ કોપ વધુ ભયાનક સ્વરૂપ ધારણ કરશે.

વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, વિશ્વનું સરેરાશ તાપમાન હવે ૧૯મી સદીના અંતની સરખામણીમાં લગભગ ૧.૪ ડિગ્રી સેલ્સિયસ વધુ છે. આ જ કારણ છે કે આજના સમયે ક્યાંક રેકોર્ડતોડ ગરમી પડી રહી છે, તે બીજી તરફ ક્યાંક જંગલોમાં આગ લાગી રહી છે. સિવાય દુનિયાના ઘણા દેશોમાં ભયાનક દુષ્કાળ પડી રહ્યો છે, તો ભારત સહિત કેટલાક દેશો છે જ્યાં અચાનક ભારે વરસાદ અને પૂર જેવી ઘટનાઓ વધી રહી છે. સંશોધકો માને છે કે, આવનારા મહિનાઓમાં 'અલ નીનો' તાપમાનને હજુ વધુ ઉપર ધકેલી શકે છે. જો તેની અસર વ્યાપક થશે તો આગામી વર્ષે પણ આવી જ વિષમતાઓ અને વિસંગતતાઓના ભય હેઠળ જ પસાર કરવું પડશે. જો ક્લાઈમેટ ચેન્જને કાબુ કરવાના સભાન પ્રયાસ નહીં કરવામાં આવે તો ભવિષ્યમાં તેની ભયાનક અસરો માટે તૈયાર રહેવું પડશે. વૈજ્ઞાનિકોના મતે પૃથ્વીનું સરેરાશ તાપમાન પૂર્વ-ઔદ્યોગિક કાળ (૧૯મી સદીના અંત) ની સરખામણીએ ઘણું વધી ચૂક્યું છે. પેરિસ ક્લાઈમેટ એગ્રીમેન્ટ (૨૦૧૫) હેઠળ વૈશ્વિક તાપમાન વૃદ્ધિને ૧.૫ભ સુધી સીમિત રાખવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું, પરંતુ વર્તમાન આંકડા દર્શાવે છે કે આપણે આ ભયજનક સીમારેખાને વટાવી રહ્યા છીએ. જો તાપમાનમાં આ જ દરે વધારો થતો રહ્યો, તો ૨૧મી સદીના અંત સુધીમાં દરિયાઈ સપાટીમાં ૦.૫ થી ૧ મીટર સુધીનો વધારો થઈ શકે છે, જેનાથી મુંબઈ, શાંઘાઈ, ન્યૂ યોર્ક અને લંડન જેવા મુખ્ય દરિયાકાંઠાના શહેરો જળમગ્ન થવાના આરે આવી જશે. પૃથ્વીને મનુષ્યની જરૂર નથી, પરંતુ મનુષ્યને જીવવા માટે પૃથ્વીની જરૂર છે.

# શ્રાવણ માસમાં શિવ મહિમા : અઢાર નામોમાં સમાયેલ શ્રાવણની શિવ-ધારા



વિશેષ

યશપાલસિંહ ટી. વાઘેલા

શ્રાવણ આવે એટલે આકાશમાં વાદળોની ગર્જના અને ભક્તોના હૃદયમાં 'હર હર મહાદેવ'નો નાદ એકસાથે સંભળાય.હિન્દુ કેલેન્ડરનો સૌથી પવિત્ર મહિનો માનવામાં આવતો શ્રાવણ માસ ભગવાન શિવને સમર્પિત છે. કહેવાય છે કે આ જ મહિનામાં સમુદ્રમંથનથી નીકળેલું વિષ પીને ભોળાનાથે સૃષ્ટિને બચાવી હતી. ત્યારથી જ શ્રાવણમાં જળાભિષેક,ઉપવાસ અને રુદ્રાભિષેકનું મહત્વ અનેક ગણું વધી જાય છે.ભગવાન શિવ કોઈ એક રૂપમાં બંધાયેલા નથી. તેઓ ક્યારેક કલ્યાણકારી છે, ક્યારેક રુદ્ર છે, ક્યારેક વૈદ્ય છે. તેમના દરેક નામની પાછળ એક કથા છે, એક ગુણ છે અને એક ઉપદેશ છે.શ્રાવણમાં જ્યારે આપણે બિલીપત્ર ચડાવીએ છીએ ત્યારે જો એ નામોના અર્થને સમજી એ તો પૂજા માત્ર ક્રિયા ન રહેતા સાધના બની જાય.ભક્તોના કલ્યાણ માટે શાસ્ત્રોમાં વર્ણવેલા શિવના અઢાર મુખ્ય નામો આ મહિનાની ભક્તિમાં દીવો બની શકે છે. ચાલો,એ અઢાર નામો દ્વારા શિવમહિમાને સમજીએ.

*૧. શિવ:કલ્યાણના ખજાના'શિવ શબ્દનો અર્થ જ કલ્યાણ છે.જે ભક્તોના તમામ પાપો અને ત્રિવિધ તાપ દૈહિક, દૈવિક અને ભૌતિકનો નાશ કરે તે શિવ.શ્રાવણના સોમવારે આપણે જે જળ ચડાવીએ છીએ તે તેમની શીતળતા અને કૃપાનું પ્રતીક છે. જીવનમાં જ્યારે અશાંતિ આવે ત્યારે'શિવ'નામનો જપ મનને શાંતિ આપે છે.

*૨.પશુપતિ:જીવોના નાથ અજ્ઞાન ની અવસ્થામાં જીવ પશુ સમાન છે. બ્રહ્માથી માંડીને તૃણ સુધીના સૌ જીવોના સ્વામી હોવાથી શિવને પશુ પતિ કહેવાય.શ્રાવણમાં આપણે જ્યારે પશુ-પક્ષીઓને ચારો પાણી આપીએ છીએ, ત્યારે વાસ્તવમાં પશુપતિની જ સેવા કરીએ છીએ. તેઓ જ્ઞાન આપીને આપણને અજ્ઞાનના બંધનમાંથી મુક્ત કરે છે.

*૩.મૃત્યુંજય:મૃત્યુને જીતનારામૃત્યુ અટળ છે, બ્રહ્મા પણ યુગના અંતે લીન થાય છે. પરંતુ શિવ મૃત્યુને પણ જીતી ચૂક્યા છે. મહામૃત્યુંજય મંત્રનો જપ શ્રાવણમાં વિશેષ ફળ દાયી માનવામાં આવે છે.ભય,રોગ અને અકાળ મૃત્યુથી રક્ષા માટે ભક્તો આ મહિને તેમની આરાધના કરે છે.

*૪.ત્રિનેત્ર:ત્રણ આંખોવાળા એક પૌરાણિક કથા મુજબ પાર્વતીજીએ રમતમાં શિવની આંખો બંધ કરી તો ત્રણેય લોકમાં અંધકાર છવાયો. ત્યારે શિવના લલાટમાંથી ત્રીજી આંખ પ્રગટી અને જગતમાં ફરી પ્રકાશ થયો. ત્રીજી આંખ જ્ઞાન અને વિનાશ બંનેનું પ્રતીક છે. શ્રાવણમાં આપણે પણ અજ્ઞાન રૂપી અંધકાર દૂર કરીને જ્ઞાનની ત્રીજી આંખ ખોલવાનો સંકલ્પ લઈએ છીએ.

*૫.કૃતિવાસ:ગજચર્મધારી

ગજાસુરના વધ બાદ શિવે તેની ચામડી વસ્ત્ર તરીકે ધારણ કરી અને 'કૃતિવાસ'નામ પામ્યા.આ કથા આપણને અહંકારના નાશનો સંદેશ આપે છે. ગજાસુર અહંકારથી મદોન્મત્ત હતો. શ્રાવણમાં ઉપવાસ અને સંયમ દ્વારા આપણે પણ આપણા અહંકારને ત્યાગીને શિવને પ્રસન્ન કરી શકીએ છીએ.

*૬.પંચવક્ત્ર: પાંચ મુખવાળા

ભગવાન વિષ્ણુના મોહક સ્વરૂપને સંપૂર્ણ રીતે જોવાની ઈચ્છાથી શિવ પંચમુખી બન્યા. પાંચ મુખ પાંચ તત્વો અને પાંચ જ્ઞાનેંદ્રિયોનું પ્રતીક છે. શ્રાવણમાં પંચાક્ષર મંત્ર 'નમઃ શિવાય' નો જપ કરવાથી પાંચેય તત્વોની શુદ્ધિ થાય છે.

*૭.શિતિકંઠ નીલકંઠ સમુદ્રમંથનનું વિષ પીને જેમણે જગતને બચાવ્યું અને પોતાનો કંઠ નીલો કર્યો તે નીલકંઠ. શ્રાવણ એટલે ત્યાગનો મહિનો. જેમ શિવે સૃષ્ટિ માટે વિષ પીધું, તેમ આપણે પણ સમાજના દુઃખને હળવા કરવા નાનો ત્યાગ કરીએ તો એ જ સાચી શિવભક્તિ.

*૮.ખંડપરાશુ: તૂટેલી કુહાડીવાળા નર ઋષિએ ઈશિકા શસ્ત્રથી પ્રહાર કર્યો ત્યારે શિવે પોતાની શક્તિથી તેના ટુકડા કરી દીધા. આ નામ આપણને શીખવે છે કે ભગવાનની સામે કોઈ પણ આયુધ ટકી શકતું નથી. શ્રાવણમાં આપણે હથિયાર નહીં, પણ શ્રદ્ધા અને ધૈર્યનું કવચ ધારણ કરીએ.

*૯. પ્રમથધિપ:ગણોના સ્વામી

૩૬ કરોડ પ્રમથગણ શિવની સેવામાં રહે છે. તેમાંથી કેટલાક તપસ્વી છે તો કેટલાક લીલા કરનારા. આનો અર્થ એ કે શિવની દુનિયામાં તપ અને આનંદ બંનેનું સ્થાન છે. શ્રાવણના મેળા,જાત્રા અને ભજન એ જ પ્રમથગણોની લીલાનું પ્રતિબિંબ છે.

*૧૦. ગંગાધર:ગંગાને ધારણ કરનારા ભગીરથની તપસ્યાથી પ્રસન્ન થઈને શિવે આકાશમાંથી આવતી ગંગાને પોતાની જટામાં ધારણ કરી. નહીંતર પૃથ્વીનો નાશ થાત. શ્રાવણમાં નદીઓમાં પૂર આવે છે,પણ ગંગાજળથી શિવાભિષેક કરવાથી તે પૂર કલ્યાણકારી બને છે. જીવનમાં આવતી સમસ્યાઓને પણ શિવની જેમ ધારણ કરીને શાંત કરવાની આ જ પ્રેરણા છે.

*૧૧. મહેશ્વર: સૌથી મહાન ઈશ્વર વેદોના આરંભમાં ઓમકાર સ્વરૂપે અને વેદાંતમાં નિર્ગુણ સ્વરૂપેરહેનારા મહેશ્વર જ સૌ દેવોમાં શ્રેષ્ઠ છે. શ્રાવણમાં કરાતી રુદ્રી પાઠ અને વેદ મંત્રોનો પાઠ મહેશ્વરને અત્યંત પ્રિય છે.

*૧૨.રુદ્ર: દુઃખનો નાશ કરનારા જે દુઃખ અને તેના કારણોનો નાશ કરે તે રુદ્ર. ક્યારેક કઠોર લાગે, પણ તેમની કઠોરતા આપણા વિકારોને બાળવા માટે છે. શ્રાવણના ઉપવાસ એ આપણા અંદરના રુદ્રને જગાડવાની પ્રક્રિયા છે.

*૧૩.વિષ્ણુ:સર્વવ્યાપી આશ્ચર્યથાય પણ શિવને 'વિષ્ણુ' કહેવાયા છે. કારણ કે પંચમહાભૂત અને ચરાચર સૃષ્ટિમાં જે વ્યાપક છે તે જ વિષ્ણુ ત્વ છે.શિવ અને વિષ્ણુ અલગ નથી શ્રાવણમાં વિષ્ણુની પૂજા અને શિવ ની પૂજા સાથે થાય એનું આ જ રહસ્ય છે.

*૧૪.દાદા:પિતાઓના પિતાઆર્યમા ઈન્દ્ર અને બ્રહ્મા પણ જેની પૂજા કરે તે દાદા. શિવ આપણા સૌના આદિ પિતા છે. શ્રાવણમાં પિતૃઓનું સ્મરણ અને તર્પણ કરવાથી દાદા શિવ પ્રસન્ન થાય છે.

*૧૫. સંસાર વૈદ્ય: બ્રહ્માંડના ચિકિત્સક જેમ વૈદ્ય રોગનું નિદાન કરીને ઔષધ આપે,તેમ શિવ સંસાર ના જન્મ-મરણરૂપી રોગના ચિકિત્સક છે.તેઓ મનુષ્ય જ નહીં, પશુ, પક્ષી અને વનસ્પતિના પણ વૈદ્ય છે.શ્રાવણમાં ઘણા લોકો આરોગ્ય માટે ઉપવાસ અનેઔષધિ યુક્ત જળથી અભિષેક કરે છે.

*૧૬.સર્વજ્ઞ:બધું જાણનારા ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણેય કાળ અને ત્રણેય લોકનું જ્ઞાન ધરાવનારા સર્વજ્ઞ. આપણે જ્યારે શ્રાવણમાં મનની વાત તેમને કહીએ છીએ, ત્યારે તેઓ પહેલેથી જ બધું જાણે છે. ફક્ત આપણા સમર્પણની રાહ જુએ છે.

*૧૭. પરમાત્મા: સર્વોચ્ચ આત્મા બધા જીવોમાં રહેલી ચેતના જ પરમાત્મા છે.શિવ એ જ પરમાત્મા. શ્રાવણમાં ધ્યાન અને મૌન દ્વારા આપણે એ પરમાત્માનો અનુભવ કરવાનો પ્રયાસ કરીએ છીએ.

*૧૮.કપાલી:ખોપરી ધારણ કરનારા બ્રહ્માનું પાંચમું મસ્તક કાપ્યા બાદ શિવે તેને હાથમાં ધારણ કર્યું.આ કપાલ અહંકારના નાશનું પ્રતીક છે. શ્રાવણમાં આપણે પણ આપણા 'હું'ના કપાલને શિવને અર્પણ કરી એ તો મુક્તિનો માર્ગ ખુલે.

# શિવ એવું અહર્નિશ અવિનાશી તત્વ છે, કે જેનું સાકાર અને નિરાકાર બંને સ્વરૂપ લોકપ્રિય છે



સદગુરુ વચનામૃત

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે દેવાધિદેવ મહાદેવ.

સૌનાં હૃદયમાં કરુણા રુપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગઈકાલથી શ્રાવણ માસ શરૂ થઈ ગયો છે, અને લોક હૃદયમાં ઓમ નમઃ શિવાયનાં નાદથી ધ્રુજતી ભીતરી ધરા ભક્તિ ભાવથી ભીંજાઈ રહી છે. શિવ તત્ત્વ વિશે આપણે તો શું લખી શકીએ? કારણકે ગંધર્વરાજ પુષ્પદંત લખે છે કે, મા શારદા શિવ વિશે લખે તોય એનો અંત આવે નહીં એવું અહર્નિશ અવિનાશી તત્વ છે, એનાં સ્મરણ માત્રથી હૃદયની મલિનતા ઓછી થતી જાય છે, અને જીવ શુભ તત્વ પ્રેરિત થતો જાય છે. બ્રહ્મમુરારિ સુરાર્ચિત લિંગં

નિર્મલભાસિત શોભિત લિંગમ્ જન્મજ દુઃખ વિનાશક લિંગં,તત્ પ્રણમામિ સદાશિવ લિંગમ્. લિંગાષ્ટકની શરુઆત જ કહે છે કે આ કોઈ માત્ર પત્થરનાં ટૂકડાની વાત નથી! 'લિંગ એટલે જેનાં દ્વારા કોઈ અગોચર તત્ત્વની ઓળખ થાય, અથવા જેનામાં સમગ્ર સૃષ્ટિનો લય થાય તે. આમ તો શિવલિંગ નિરાકાર પરમ તત્ત્વનું સાકાર પ્રતીક છે, અને જે આદિ છે, મધ્ય છે, અને જેનો કોઈ અંત નથી, પરંતુ નિરાકાર કરતાં નિરામયી સ્વરૂપ છે, કે જેના દર્શન માત્રથી ભીતરે ભક્તિની ગંગા વહે છે. શિવશંકરનું ગુણગાન યુગો યુગોથી દેવ દેવીઓ મહર્ષિઓ, બ્રહ્મર્ષીઓ, મુનિઓ, ગાંધર્વો ,કિન્નરો, તેમજ દાનવો પણ કરતાં આવ્યાં છે.

સાકાર સ્વરૂપની વાત કરીએ તો કૈલાશ પર સ્થિત એવાં ભગવાન શંકરની ધ્યાનસ્થ મુદ્રા દેખાય. જેમાં ભગવાન શંકર મૃગચર્મ પર બિરાજમાન છે, હાથમાં ત્રિશૂળ છે, ભાલમાં બીજનો ચંદ્ર ચમકે છે, જેને ત્રીજી આંખ પણ છે, જટામાંથી ગંગધાર વહે છ, જેના ગળામાં સર્પ અને મુંડ માળ છે, જે દિગંબર છે. સો સો સૂર્ય જેમ જેનાં અંગોની કાંતિ દેદીપ્યમાન છે, એ તેજ કપુર જેમ મહેંકે પણ છે. આ ઉપરાંત આપણે એનાં ત્રિગુણાતિત સ્વધર્મને પણ આદર્શોથી આલેખ્યો છે. જીવ માત્રને પ્રેરણા આપે એવાં નામથી નવાજ્યા પણ છે! પરંતુ એક સીધો પ્રશ્ન થાય કે હકીકતમાં આ શિવશંકર છે કોણ? અને મને એ સ્વરૂપ પ્રત્યે આટલું આકર્ષણ શું કામ છે?

તો શિવ તત્વને ખુદ શિવ એ પોતાના મુખે જ પોતાનાં પ્રધાન ગણ નંદીને આ કથા સંભળાવી, નંદી એ સનત કુમારોને આ શિવ કથા સંભળાવી. સનત કુમારો એ આ શિવ કથા વેદ વ્યાસને સંભળાવી, અને તેમણે આ આખી કથાનું ક્રમમાં આલેખન કર્યું છે. વેદ વ્યાસે આ શિવકથા સૂતજીને આપી અને સૂતજીએ નૈમિષારણ્યમાં આ શિવ કથા 88000 ઋષિમુનિઓને સંભળાવી, જે સૂત શૌનકનાં સંવાદ તરીકે આપણને ઉપલબ્ધ છે.

સનાતન ધર્મમાં અઢાર પુરાણની વાત છે, જેમાં ચોથા સ્થાને રહેલ શિવ પુરાણ સુપ્રસિદ્ધ અને મુખ્ય પુરાણ છે. જેમાં પરાત્પર પરબ્રહ્મ પરમેશ્વરના અત્યંત કલ્યાણકારી સ્વરૂપ તરીકે શિવ સ્વરૂપનું સાત્વિક તાત્વિક વિવેચન કરી, અને કંઈક રહસ્યો ને ઉદ્ઘાટિત કરનારો શિવ મહિમા ગાયો છે! અને તેથી આપણને જ્ઞાત થાય કે શિવશંકર એ માત્ર કોઈ પૌરાણિક દેવ માત્ર નથી, પરંતુ જીવમાત્ર માં રહેલા પંચભૂતની પૃષ્ટિ કરનાર મુખ્ય પંચદેવ માંના એક છે. આ ઉપરાંત ભગવાન શિવ સર્વ કલા ઓમા પ્રવિણ છે, આગમ નિગમ સર્વ શાસ્ત્રમાં જેનો મહિમા ગવાયો છે. ચારે વેદ પણ શિવ નામનાં પરમ તત્વની પુષ્ટિ કરતાં કહ્યું કે, શિવ અવ્યક્ત છે, અજન્મા છે, અને છતાં વિશ્વ પ્રંપચનાં સૃષ્ટા છે, એટલે કે સર્જક છે,પાલક અને સંહારક છે. વેદોની શ્રુતિ એ જીવનાં સાશ્વત સત્ય ને ઉદ્ઘાટિત કરતાં કહ્યું કે શિવ સ્વયંભૂ છે, ત્રિગુણાતિત છે, અથવા પ્રંપચ મુક્ત છે, અને એટલે જ એણે એનાં એક પણ રુપ સ્વરૂપને છુપાવ્યા નથી. યુગો યુગોથી શિવ પરાત્પર પરબ્રહ્મ પરમેશ્વર, કે દેવોના દેવ મહાદેવ તરીકે લોક હૃદયમાં સ્થાન પામ્યા છે.

શિવ પુરાણના 24000 શ્લોકનું સાત સંહિતામાં વિભાજિત કરવામાં આવ્યું છે. (૧) વિદ્યેશ્વર સંહિતા (૨) રુદ્ર સંહિતા (૩) શત રુદ્ર સંહિતા. (૪) કોટી રુદ્ર સંહિતા. (૫) ઉમા સંહિતા (૬) કૈલાસ સંહિતા (૭) વાયુ સંહિતા દરેક ગ્રંથનું મહાત્મય હોય છે, એમ શિવપુરાણનું પણ મહાત્મય છે, અને એમાં શિવ પુરાણ શું કામ સાંભળવું જોઈએ? કેવા કેવા પાપનો નાશ કરે છે? અથવા તો શિવ કેટલાં ઉદાર છે!એ ઉદાહરણ સહિત બતાવ્યું છે.

નૈમિષારણ્યમાં શ્રી શૌનક મુનિ મહાજ્ઞાની સૂતજી ને પુછે છે ,આપ મહાજ્ઞાની છો, અને સર્વ સિદ્ધાંતોનાં જ્ઞાતા છો, આપ અમને પુરાણોની કથાઓનો સાર બતાવો! કામ ક્રોધ લોભ કપટ વગેરે ભીતરનાં માનવીય ભાવોનું નિરાકરણ બતાવો. જ્ઞાન અને વૈરાગ્યનાં આચરણથી પ્રાપ્ત થતી ભક્તિથી વરદાન રુપે પ્રાપ્ત થતાં વિવેકની વૃદ્ધિ કંઈ રીતે થાય છે? એ બતાવો. કળિયુગમાં હવે દાનવ અને માનવ વચ્ચે એવો કોઈ દેખીતો ભેદ રહ્યો નથી, ત્યારે આ પૃથ્વીલોકનાં જન સમુદાયને પવિત્ર અને શુદ્ધ કરનારી દૈવીય સંપત્તિથી તેનું હૃદય છલકાઈ જાય, અથવા તો ગુણોની મહેકથી ગદગદ થઈ જવાય, સકલ સૃષ્ટિ માટે શુભ અને મંગલકારી હોય એવા કોઈ ચરિત્રની કથા સંભળાવો.

સૂતજી શૌનકજી મુનિનો આભાર વ્યક્ત કરતાં કહે છે હે મુનિ શ્રેષ્ઠ! તમે ધન્ય છો! કેમ કે તમારાં હૃદયમાં શિવ કથા સાંભળવા માટેની એટલે કે શુભ મંગલની લાલસા છે, પરમ તત્વ માટે પ્રેમ છે. શિવ પુરાણનું મહાત્મ્ય કહેતાં સૂતજી કહે છે, હે મુનિ શ્રેષ્ઠ, હું શુદ્ધ બુદ્ધિથી તમને પરમ અને ઉત્તમ શાસ્ત્રનું પાન કરાવવા જઈ રહ્યો છુ, જે શાસ્ત્રોનાં સિદ્ધાંતથી પરિપૂર્ણ છે, ભક્તિને વધારનાર અને શંકરને પ્રસન્ન કરનાર છે, અને જેનાં શ્રવણ માત્રથી કાનમાં અમૃત રસાયણ રેલાયું હોય એવી પ્રતીતિ થાય છે. આ શાસ્ત્ર કાળ રૂપી સર્પનાં ત્રાસથી મુક્ત કરનાર, એટલે જ અંતકાળે શિવપુરાણ સાંભળનાર ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ નામનાં ચારેય પુરુષાર્થ કે ફળને પામીને શિવલોકમાં જશે, એવું તેનું મહાત્મ્ય છે. સૂતજી આગળ કહે છે, જે મનુષ્ય પાપી દુરાચારી, કપટી, અને કામ ક્રોધમાં નિરંતર રમમાણ રહેનાર છે,એ પણ શિવ પુરાણનાં પઠન કે શ્રવણથી શુદ્ધ અને પવિત્ર થઈ જાય છે.

# પદાધિકારીઓએ પ્રશ્નો છુપાવ્યા કોંગ્રેસે જાહેર કર્યા!: રાજકોટ મનપામાં આગામી જનરલ બોર્ડમાં આજીનદી સફાઈ

## ડહોળા પાણી અને ખાડાનાં પ્રશ્ને વિપક્ષ તંત્રને ઘેરશે, ભાજપ-કોંગ્રેસના 42 પ્રશ્નોની ચર્ચા થશે

રાજકોટ, તા.13

રાજકોટ મહાપાલિકાની જનરલ બોર્ડની બેઠક આગામી તા. 20ઓગષ્ટે યોજાનાર છે. આ બેકઠમાં ભાજપના 11 કોર્પોરેટરોએ 24 અને કોંગ્રેસના 7 કોર્પોરેટરોએ 18 પ્રશ્નો પુછ્યા છે. ત્યારે કુલ 42 પ્રશ્નોની ચર્ચા થશે. જેમાં ખાડા, ડહોળા પાણી અને આજીનદીની સફાઈના મુદ્દે કોંગ્રેસ શાસકો અને અધિકારીઓને ઘેરશે. પદાધિકારીઓ દ્વારા અગાઉ પ્રશ્નો જાહેર કરી દેવામાં આવતા હતા, જોકે હવે નવી વ્યવસ્થાનાં બહાને પ્રશ્નો જાહેર કરવાનું બંધ કરાયું છે. છતાં કોંગ્રેસ દ્વારા પ્રજાના જે પ્રશ્નોની ચર્ચા થવાની છે તેની પ્રજાને જાણ હોવી જોઈએ તેવો અભિગમ રાખી કોંગ્રેસના તમામ 7 કોર્પોરેટરોએ પૂછેલા 18 પ્રશ્નો જાહેર કરવામાં આવ્યા છે.



આગામી જનરલ બોર્ડમાં વોર્ડ નં.5ના કોર્પોરેટર સંજય ચાવડાનો સિટી બસ સેવા સંબંધિત RRLનાં મેનેજરને પુછાયેલા પ્રશ્ન સહિત 3 પ્રશ્નો પહેલા ક્રમે છે. જ્યારે કોંગ્રેસના કોર્પોરેટર મકબુલભાઈ દાઉદાણીના ત્રણ પ્રશ્ન ફરીથી બીજા ક્રમે છે. કોગ્રેસના વોર્ડ નં.15ના કોર્પોરેટર મકબુલભાઈ દાઉદાણીએ આજી રીવર ફ્રન્ટ, ટીપી શાખા અને આરોગ્ય વિભાગ સંબંધિત પ્રશ્નો કર્યા છે. તેમજ આજી નદીમાંથી ગાંડીવેલ કાઢવા બાબત શું કાર્યવાહી કરી છે. વર્ષ 2012થી આજે રિવર ફ્રન્ટ જાહેર કર્યા ત્યારથી આજ દિન સુધી મહાનગરપાલિકા દ્વારા કેટલા રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા છે તેમજ શું કામગીરી કરવામાં આવી છે શું ખરીદી કરવામાં આવી છે જે ખરીદી કરવામાં આવેલા હોય એ સાધનોને યાદી અને હાલ સ્થિતિની વિગતો માંગી છે.

આ સિવાય તેઓએ મહાનગરપાલિકાની છ માસની તમામ શાખાની કામગીરીની વિગતો અને 1થી18 વોર્ડમાં રાત્રિના સમયે અનેક નાના મોટા રોડમાં કોમ્પ્રેસર મશીન, રોડ સ્વીપર મશીન અથવા સ્ટ્રીટ સ્વીપર દ્વારા રોડને સફાઈ કરવામાં આવે છે તો તે કોન્ટ્રાક્ટ કઈ તારીખથી કઈ તારીખ સુધી કેટલા સમય માટે કોઈ કંપની અથવા એજન્સીને રાજકોટના કેટલા અને કયાં કયાં રોડ માટે આપવામાં આવ્યો છે ? તેની રોડનાં નામ સાથે સંપૂર્ણ વિગતો આપવા અને રાજકોટમાં કેટલા કમ્પ્રેસર વાહનો છે અને રાત્રે કયા સમયથી કેટલા સમય સુધીમાં રોડ સાફ કરવાના હોય તેની સંપૂર્ણ વિગત માગી છે.

આ પછી વોર્ડ નં.5ના રસિલાબેન સાકરીયાએ ત્રણેય ઝોનના સિટી ઈજનેરો સંબંધિત કામગીરીની વિગતો માંગી છે. વોર્ડ નં.15ના કોંગ્રેસના કોર્પોરેટર સુધાબા વાઘેલાએ રાજકોટમાં છેલ્લા બે મહિનામાં પાણીજન્ય રોગના કેટલા કેસ નોંધાયા છે. છેલ્લા બે મહિનામાં વરસાદી સિઝનના કારણે કેટલા રસ્તાઓનું ધોવાણ થયું છે કેટલા રસ્તાઓનો ડામર ઉખડી ગયો છે અને ફરી રીપેર કરવા માટે કેટલો ખર્ચ થશે એના અંદાજિત આંકડાઓ જાહેર કરવા સંબંધિત પ્રશ્ન કર્યો છે.

આ વોર્ડના કોંગ્રેસના કોર્પોરેટર મનિષાબેન રોજાસરાએ મહાનગરપાલિકામાં ઝેરોક્ષ માટે કોન્ટ્રાક્ટ એજન્સીને આપવામાં આવ્યો છે તે એજન્સીને એક ઝેરોક્ષ કોપીના કેટલા રૂપિયા કોર્પોરેશન ચૂકવી રહી છે. એજન્સી પાસે કેટલા વર્ષોથી ઝેરોક્ષ કોપી કાઢવાનો કોન્ટ્રાક્ટ છે અને કેટલા વર્ષ માટે છે મહાનગરપાલિકામાં જુદા જુદા કેટલા વિભાગો છે અને દરેક વિભાગમાં છેલ્લા ત્રણ વર્ષમાં અથવા આ એજન્સીને કોન્ટ્રાક્ટ આપ્યા છે ત્યારથી અત્યાર સુધીમાં દરેક વિભાગોમાં વર્ષે કેટલી કોપી ઝેરોક્ષ થાય છે અને બિલ સહિત એજન્સીને ચૂકવેલા નાણા સહિતનો હિસાબ માંગ્યો છે. દરેક વિભાગ દ્વારા કરવામાં આવેલી ઝેરોક્ષની નકલોની માહિતી માંગી છે. ઉપરાંત હાલ કેટલી સીટી બસ કાર્યશીલ છે કઈ કઈ પ્રકારની તેમાં કેટલા ડ્રાઈવરો વીમા લાઈસન્સ પીયુસી સહિતની તમામ વિગતો માંગી છે.

વોર્ડ નં.8ના કોર્પોરેટર પ્રવિણભાઈ સેગલીયા દ્વારા વોટર મેનેજમેન્ટ યુનિટ સંબંધિત ત્રણેય ઝોનની વિગતો માગી છે. વોર્ડ નં.16ના દિપ્તીબેન સોલંકીએ વોટર મેનેજમેન્ટ યુનિટ સંબંધિત વિગતો માગી છે. તેમજ વોર્ડ નં.16ના રસિલાબેન ગેરૈયાએ સ્માર્ટ સિટી, સોલિડ વેસ્ટ, પાર્કસ એન્ડ ગાર્ડન, ઈબ્રાહિમભાઈ સોરાએ ટાઉન પ્લાનિંગગ અને ઈસ્ટઝોન સંબંધિત પ્રશ્નો કર્યા છે. આ સિવાય વોર્ડ નં.16ના કોંગ્રેસના અર્જુનભાઈ સોરાએ ટીપી શાખા, જન કલ્યાણ યોજના, ડસ્ટબીન વિતરણ, વોર્ડ નં.8ના કિરણબેન માંકડિયાએ વોટર મેનેજમેન્ટ યુનિટ સંબંધિત પ્રશ્ન કર્યો છે.

# જન્મ દિવસે જ યુવકનું ચાકુના ઘા મારી ઘાતકી હત્યા: અગાઉની અદાવતમાં હત્યા થઈ હોવાની આશંકા, પોલીસે હત્યારાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા

વડોદરા, તા.13

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં આવેલા દંતેશ્વર વુડાના આવાસ યોજનાના મકાનો નજીક એક અત્યંત હ્રદયદ્રાવક અને અરેરાટીભરી ઘટના સામે આવી છે. પરિવારનું પેટ ભરવા માટે છૂટક મજૂરીકામ કરીને ગુજરાન ચલાવતા મેહુલ ભરતસિંહ દરબાર નામના આશરે ૨૩ વર્ષીય નિર્દોષ યુવકની ચપ્પુના આડેધડ ઘા ઝીંકીને નિર્મમ અને ઘાતકી હત્યા કરી દેવામાં આવી છે. આ સમગ્ર ઘટનામાં અત્યંત કરુણ અને કાળજું કંપાવી દે તેવી બાબત એ છે કે જે દિવસે આ ક્રૂર હત્યા આચરવામાં આવી, તે જ દિવસે મૃતક મેહુલનો જન્મદિવસ હતો. જે દિવસે ઘરમાં પુત્રના જન્મદિવસની ખુશીઓ, ઉજવણી અને ઉત્સવનો માહોલ હોવો જોઈતો હતો, તે જ દિવસે યુવકની લોહિયાળ લાશ ઘરે પહોંચતાં પિતા સહિત આખા પરિવાર પર જાણે અણધાર્યો દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો.



આ દિલધડક હત્યાકાંડની પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર, આ ક્રૂર ગુના પાછળ જૂની અંગત અદાવત અને બોલાચાલી મુખ્ય કારણ હોવાનું સામે આવ્યું છે. મૃતક મેહુલને આજથી આશરે ત્રણ દિવસ પહેલાં વિસ્તારમાં જ રહેતા વિજય, પદમ અને તેમની સાથેના અન્ય કેટલાક સ્થાનિક અસામાજિક યુવકો સાથે કોઈ બાબતે ઉગ્ર તકરાર અને ઝઘડો થયો હતો. એ જૂની રંજિશ મનમાં રાખીને આરોપીઓએ મેહુલની હત્યા કરવાનું પૂર્વ આયોજિત કાવતરું ઘડી કાઢ્યું હતું. જૂના ઝઘડાનું સુખદ સમાધાન લાવવાના બહાને આરોપીઓએ મેહુલને વિશ્વાસમાં લઈને દંતેશ્વર વુડાના મકાનો પાસે આવવા માટે જણાવ્યું હતું. મેહુલ નિર્દોષ ભાવે સમાધાન થશે તેવા આશાવાદ સાથે ત્યાં પહોંચ્યો હતો, પરંતુ તે સ્થળ પર પહોંચતાં જ ઘાત લગાવીને બેઠેલા આરોપીઓએ તેની સાથે ફરીથી ગાળાગાળી કરી ઉગ્ર બોલાચાલી અને ઝઘડો શરૂ કરી દીધો હતો.

તકરાર ચરમસીમાએ પહોંચતાં જ પૂર્વયોજિત પ્લાન મુજબ ઉશ્કેરાયેલા આરોપીઓએ પોતાની પાસે છુપાવી રાખેલા અતિ તીક્ષ્ણ ચપ્પુ વડે મેહુલના છાતી અને પેટના ભાગે આડેધડ ઘા ઝીંકવાનું શરૂ કરી દીધું હતું. ચપ્પુના ઘા વાગતાની સાથે જ મેહુલ ગંભીર રીતે ઘવાઈને લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો. તેને જમીન પર તરફડતો છોડીને હુમલાખોર આરોપીઓ તાત્કાલિક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. લોહીના ખાબોચિયામાં પડેલા યુવકને જોઈને આસપાસથી એકત્ર થયેલા સ્થાનિક રહીશોએ અને પરિચિતોએ તેને અત્યંત ગંભીર હાલતમાં તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે વધુ સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ (SSG) ખાતે ખસેડ્યો હતો. જોકે, હોસ્પિટલમાં ફરજ પરના તબીબો દ્વારા તેને બચાવવાના ભગીરથ પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ લોહી વધુ પડતું વહી ગયું હોવાથી ટૂંકી સારવાર દરમિયાન જ તેણે દમ તોડી દીધો હતો.

આ કરુણ ઘટનાને પગલે મૃતક મેહુલના પરિવારજનો અને દરબાર સમાજમાં ભારે શોકની કાળી ડિબંગ છવાઈ ગઈ છે અને ભારે આક્રોશનો માહોલ જોવા મળી રહ્યો છે. તરસાલી ખાતે રહેતા અને મૃતકના કાકા બાલસિંગ દરબારે માધ્યમો સમક્ષ રોષ ઠાલવતા જણાવ્યું હતું કે નિર્દોષ યુવકની હત્યા કરનારા તમામ આરોપીઓને વહેલામાં વહેલી તકે ઝડપી પાડીને તેમના સામે કડકમાં કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે અને પરિવારને ન્યાય અપાવવામાં આવે. બીજી તરફ, બનાવ અંગેની જાણ થતાં જ વડોદરા મકરપુરા પોલીસ સ્ટેશનની ટીમ તેમજ ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો સયાજી હોસ્પિટલ અને દંતેશ્વર ખાતેના ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.



તા.13/08/2026 ગુરુવાર ના રોજ અમદાવાદ પૂર્વ વિસ્તારમાં આવેલી આદર્શ વિદ્યાલય પ્રાથમિક શાળામાં વંદે માતરમ્ રાષ્ટ્રગાન ને 150 વર્ષ પૂર્ણ થયા તથા સ્વતંત્રતા દિવસ ઉજવણી માટે તિરંગા યાત્રા કાઢવામાં આવી હતી જે બાળકો દ્વારા યાત્રામાં તિરંગો લહેરાવી આખા ગામમાં રેલી કાઢવામાં આવી જેમાં બાળકોએ રેલી દરમિયાન જીમ્નાસ્ટિક કર્યા હતા આ રેલી દરમ્યાન ગ્રામ જનો દ્વારા બાળકોને ચોકલેટ આપી સન્માનિત કર્યા હતાં

# નવયાર્ડ વિસ્તારમાં મોબાઈલ જોવા ન આપતા યુવક પર છરીથી હુમલો

## મેડિકલ સ્ટોર બહાર 3 શખસોએ માર મારીને છરીના 5થી 6 ઘા માર્યા, યુવકને ગંભીર ઈજા થતા SSG હોસ્પિટલમાં દાખલ

વડોદરા, તા.13

વડોદરા શહેરના નવાયાર્ડ વિસ્તારમાં મેડિકલ સ્ટોરમાંથી દવા લઈને પરત ફરી રહેલા યુવક પર 3 શખસે હુમલો કર્યો હતો. યુવકને પકડી રાખી ગડદા-પાટુનો માર માર્યા બાદ મુખ્ય આરોપીએ ધારદાર ચપ્પુથી શરીર અને પીઠના ભાગે પાંચથી છ ઘા માર્યા હતા. જેથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવકને 108 એમ્બ્યુલન્સ મારફતે SSG હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.




12 ઓગસ્ટના રોજ સાંજે 7.30 વાગ્યે 23 વર્ષીય આરજુખાન ઝમીરઅહેમદ પઠાણે નોકરી પરથી ઘરે પહોંચ્યા બાદ તેની માતાની તબિયત ખરાબ હોવાથી દવા લેવા માટે નવાયાર્ડ વિસ્તારમાં સિદ્ધાર્થ એલીગન્સ પાસે મેડિકલ સ્ટોર પર ગયો હતો. દવા લઈને પરત ફરતી વખતે મેડિકલ સ્ટોર બહાર ઊભો હતો, ત્યારે સફેદ રંગનું મોપેડ લઈને અબ્દુલ પઠાણ તેના બે મિત્રો સાથે ત્યાં આવ્યો હતો.

આ દરમિયાન અબ્દુલે ફરિયાદી યુવક પાસે મોબાઈલ નંબર માંગ્યો હતો. નંબર આપ્યા બાદ અબ્દુલે પોતાના મોબાઈલ નંબર પરથી મિસકોલ કરી યુવકનો મોબાઈલ જોવા માંગ્યો હતો. જો કે, યુવકે મોબાઈલ આપવાનો ઈનકાર કરતાં અબ્દુલ અને તેના બંને મિત્રો ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો બોલ્યા હતા અને ધમકી આપી હતી. યુવક ત્યાંથી જવા લાગતા ત્રણેય આરોપીઓએ તેને પકડી ગડદા-પાટુનો માર માર્યો હતો.

યુવકે માર મારવાનું કારણ પૂછતાં અબ્દુલ પઠાણે કમરમાંથી ધારદાર ચપ્પુ કાઢી શરીર અને પીઠના ભાગે આડેધડ 5થી 6 ઘા માર્યા હતા. આ દરમિયાન તેના બંને સાથીદારોએ ફરિયાદીને પકડી રાખ્યો હતો. યુવક બૂમો પાડતો હતો, ત્યારે તેનો મિત્ર અબ્દુલ તાબીબ પઠાણ ત્યાં આવી પહોંચ્યો હતો અને તેને છોડાવ્યો હતો. બૂમાબૂમ થતાં આસપાસના લોકો એકત્ર થતાં અબ્દુલ પઠાણ તથા તેના બંને મિત્રો મોપેડ લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા.

હુમલામાં યુવકને ગંભીર ઈજાઓ થતાં શરીર તથા પીઠના ભાગેથી લોહી નીકળવા લાગ્યું હતું. જેથી મિત્રે 108 એમ્બ્યુલન્સને જાણ કરતાં તેને સારવાર માટે SSG હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં હાલ તેની સારવાર ચાલી રહી છે. આ મામલે ફતેગંજ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# PGVCL કચેરીએ કોંગ્રેસનો હોબાળો: ઉર્જામંત્રીએ સમય ન આપતા જામનગર રોડની 2 સબ ડિવિઝન ઓફિસનું લોકાર્પણ અટક્યાનો આક્ષેપ

રાજકોટ, તા.13

રાજકોટ શહેરના જામનગર રોડ ઉપર PGVCL દ્વારા 6 કરોડના ખર્ચે નિર્મિત સબ ડિવિઝન કચેરીનું ઉર્જા મંત્રી દ્વારા લોકાર્પણનો સમય આપવામાં ન આવતા ખુલ્લુ ન મૂકવામાં આવી રહ્યાનો કોંગ્રેસ દ્વારા આક્ષેપ કરાયો હતો. જેને લીધે 70 હજાર વીજ ગ્રાહકને મુશ્કેલી પડી રહ્યાનું જણાવાયું હતું. જે મામલે PGVCL ના મટીરીયલ વિભાગના ચીફ એન્જિનિયરે 15 દિવસમાં નવું બિલ્ડિંગ ખૂલ્લું મુકાઈ જશે તેવું બાયેંધરી આપી હતી.



જો કે આ વિરોધ દરમિયાન 'કમળવાળી સરકારના ઉર્જામંત્રી ઉદ્‌ઘાટનનો સમય આપો, 37 કરોડનું લિઝ ભાડું, 10 કરોડનું 66 KV સબ સ્ટેશન, 4 કરોડનું બિલ્ડિંગ, પ્રજાના પૈસાની કમાણી ઉદ્‌ઘાટનમાં અટવાણી' જેવા બેનરો સાથે સૂત્રોચ્ચાર કર્યાં હતા.

શહેરના વોર્ડ નંબર 3ના કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર અતુલ રાજાણીએ જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા સમયથી લોકોને મુશ્કેલીઓ પડતી હતી. જ્યારે લાઈટ જાય, ગામડા જેવી પરિસ્થિતિઓ હાલ થઈ ગઈ હતી. ત્યારે કોંગ્રેસના અમારા પૂર્વ કોર્પોરેટરોએ સરકારમાં રજૂઆત કરી હતી કે, આ GEBના પ્રશ્ન ઉકેલવામાં આવે. લોકોની લાઈટ જાય છે. બિલ ભરવાના જે પ્રશ્ન છે એ વહેલામાં વહેલી તકે ઉકેલવામાં આવે. જો કે 5 કરોડના ખર્ચે બિલ્ડિંગ તૈયાર છે, પણ ઉર્જા મંત્રી લોકાર્પણ પણ માટે સમય આપતા નથી. એટલે અમે આજે MDને રજૂઆત કરવા આવ્યા હતા, કે વહેલામાં વહેલી તકે આ લોકો માટે ઓફિસ ખુલ્લી મુકવામાં આવે. આ મામલે PGVCLના મટિરિયલ વિભાગના ચીફ એન્જિનિયર બી.ડી.પરમારે જણાવ્યું હતું કે, આજે કોંગ્રેસ પક્ષ તરફથી અહીં એક આવેદનપત્ર આપવામાં આવ્યું છે. જેમાં જામનગર રોડ ઉપર માધાપર અને બેડી નાકા સબ ડિવિઝનની જે નવી ઓફિસ બની છે, તો એ ક્યારે ચાલુ કરવામાં આવશે. જેના અનુસંધાને અમે બાકી રહેલું કામ ત્વરિત પૂરું કરીશું. સિવિલ કામ તો કમ્પ્લીટ થયું છે, પણ એમાં IT સેક્શનનું અને બીજું નાનું મોટું કામ હોય એ ત્વરિત કમ્પ્લીટ કરી અને એ આપણે જાહેર જનતા માટે ઉપયોગમાં મૂકીશું. લગભગ 15થી 20 દિવસની અંદર અમે કામ પૂરું કરી દેશું.

આ બંને સબ ડિવિઝનની નવી કચેરી 6 કરોડના ખર્ચે તૈયાર છે. બેડી નાકા અને માધાપર સબ ડિવિઝનના બંને સબ ડિવિઝનના આશરે 60થી 70 હજાર ગ્રાહકોને એનો ફાયદો થશે. કોંગ્રેસ કહે છે કે, છેલ્લા બે મહિનાથી બિલ્ડિંગ કમ્પ્લીટ છે પણ ઊર્જા મંત્રીનો સમય નથી મળ્યો એટલે જનતા માટે ખુલ્લું નથી મૂકવામાં આવ્યું. તે બાબતે તેમણે કહ્યું કે, ના, એવું ખરેખર નથી. અત્યારે બધી ઓફિસ હાઈટેક થઈ ગઈ છે. જેથી ઓનલાઈન પધ્ધતિથી બધી એપ્લિકેશનનું કામ 100 ટકા પૂર્ણ કર્યા પછી જ ઓફિસ ખુલ્લી મુકાતી હોય છે. એટલે બાકી રહેલું જે નાનું મોટું કામ છે તે પૂરું કરી અને અમે આ બંને ઓફિસો જનતાના ઉપયોગ માટે તરત મૂકી દેશું.

# મોરાભાગળ પાસે સિટી બસ ડિવાઈડરમાં ઘૂસી: ફસાયેલી બસને ક્રેનની મદદથી માંડ-માંડ બહાર કઢાઈ, બસમાં માત્ર એક મુસાફર હતો

સુરત, તા.13

સુરત શહેરના મોરાભાગળ વિસ્તારમાં સુભાષ ગાર્ડન સામે એક અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં સિટી બસના ચાલકે અચાનક સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ BRTS ડિવાઈડર વચ્ચે ઘૂસી ગઈ હતી. રૂટ નંબર 706ની આ સિટી બસ પૂરઝડપે આવી રહી હતી ત્યારે આ અકસ્માત થયો હતો. બસ એટલી જોરદાર રીતે ડિવાઈડર સાથે અથડાઈ હતી કે રોડ પરનું ડિવાઈડર તૂટી ગયું હતું અને બસ ફસાઈ ગઈ હતી.



ઘટના બનતા જ આસપાસના સ્થાનિકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. બસના ડ્રાઈવરે એવો દાવો કર્યો હતો કે, અચાનક બસની બ્રેક ન લાગવાને કારણે આ અકસ્માત થયો હતો. જો કે, ત્યાં હાજર રહીશોનું કહેવું હતું કે, બસ અત્યંત ફુલ સ્પીડમાં આવી રહી હતી અને ઓવરસ્પીડના કારણે ડ્રાઈવરે કાબૂ ગુમાવ્યો હતો. ઘટનાની જાણ થતા જ ડિવાઈડરમાં ફસાયેલી બસને બહાર કાઢવા તાત્કાલિક કામગીરી હાથ ધરવામાં આવી હતી.

બસને બહાર ખેંચવા JCB મશીન લાવવામાં આવ્યું હતું. પરંતુ બસ મજબૂત રીતે ફસાયેલી હોવાથી JCBથી પણ બહાર નીકળી શકી ન હતી. આખરે ભારે ક્ષમતા ધરાવતી ક્રેન બોલાવવી પડી હતી અને ક્રેનની મદદથી બસને ડિવાઈડર વચ્ચેથી સુરક્ષિત બહાર કાઢવામાં આવી હતી.

આ અકસ્માત સવારના સમયે બન્યો હતો અને સદનસીબે તે સમયે બસમાં માત્ર એક જ મુસાફર સવાર હતો. બસ ડિવાઈડર સાથે અથડાતા મોટો ધડાકો થયો હતો, પરંતુ આ ઘટનામાં મુસાફર કે ડ્રાઈવર-કંડક્ટર સહિત કોઈ પણ વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી ન હતી.

# પાલ-અડાજણમાં રોડ પર ખોદકામ બાદ પેવર બ્લોકના બદલે ડામરના થીગડા....

સુરત, તા.13

સુરત શહેરના પાલ-અડાજણ વિસ્તારમાં સ્ટાર બજાર પાસે મહાનગરપાલિકાની કામગીરી સામે સ્થાનિકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. પાલિકા દ્વારા કરોડોના ખર્ચે સીસી રોડ બનાવવામાં આવ્યા છે, પરંતુ ખોદકામ કે સમારકામ બાદ તેના પર ડામરના થીગડા મારી દેવામાં આવ્યા હોવાનો સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે. એટલું જ નહીં, રસ્તા પર ખોદકામ બાદ પેવર બ્લોક બેસાડવાને બદલે ડામરના થીગડા મારવામાં આવ્યા છે.



સામાન્ય રીતે પેવર બ્લોકનો મુખ્ય હેતુ એ જ હોય છે કે જરૂર પડે ત્યારે તેને સરળતાથી કાઢીને ખોદકામ કરી શકાય અને બાદમાં તેને ફરીથી યોગ્ય રીતે ગોઠવી શકાય. પરંતુ અહીં પેવર બ્લોક અને સીસી રોડ બંને પર ડામર પાથરી દેવાતા પાલિકાની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.

વહીવટી પક્ષનો બચાવ કરતા ઈન્ચાર્જ સિટી ઈજનેર મહેશ ચાવડાએ જણાવ્યું હતું કે, જ્યાં પેવર બ્લોક કે જંકશનનો ભાગ હોય અને ત્યાં લિકેજ કે ડ્રેનેજનું કામ કરવાનું હોય, ત્યારે ચોમાસા દરમિયાન લોકોને તકલીફ ન પડે તે માટે તાકીદે રસ્તો શરૂ કરવા ડામરનું પેચ વર્ક કરવામાં આવે છે. પેવર બ્લોકની ઉપર ડામર નથી મારતા, પરંતુ બાજુના ખોદકામવાળા ભાગમાં રીપેરિંગ કરવામાં આવે છે. ચોમાસું પૂરું થયા બાદ પેવર બ્લોક રી-ઈન્સ્ટોલ કરી દેવાનું ટેન્ડર પણ બહાર પાડી દેવાયું છે અને ટૂંક સમયમાં તેને પૂર્વવત કરી દેવાશે. મહાનગરપાલિકાના અધિકારીઓ ભલે એવો દાવો કરતા હોય કે, પેવર બ્લોકની ઉપર નહીં પરંતુ બાજુના ભાગમાં કામગીરી કરાઈ છે.

# મેયર નહેલ શુક્લએ ભાંગરો વાટ્યો!: બ્રજેશકુમાર ઝાના બદલે પૂર્વ CP રાજુ ભાર્ગવને વર્તમાન CP ગણાવ્યા

રાજકોટ, તા.13

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાષ્ટ્રીય સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે આજે 13 ઑગસ્ટે સવારે 9 વાગ્યે બહુમાળી ભવન ચોકથી “તિરંગા યાત્રા 2026”નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ તિરંગા યાત્રા બહુમાળી ભવન ચોકથી પ્રસ્થાન કરી જ્યુબિલી ગાર્ડન ખાતે મહાત્મા ગાંધીજીની પ્રતિમા સુધી યોજાઈ હતી. જેમાં 20 હજારથી વધુ લોકો ઉત્સાહભેર જોડાયા હતા. જો કે, આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના એક પણ મંત્રી કે પ્રભારી મંત્રી જીતુ વાઘાણી હાજર નહીં રહેતા રાજકોટની નેતાગીરી સામે સવાલો ઊભા થયા હતા. એ સાથે પ્રદેશ કક્ષાના કોઈ નેતાઓનાં આવવાનું આયોજન પહેલાથી હતું જ નહીં.

રાજકોટ મનપાના પ્રથમ નાગરિક અને મેયર ડો.નેહલ શુક્લએ જાહેર કાર્યક્રમ દરમિયાન સ્પીચ આપતી વખતે નામ બોલવામાં મોટો ભાંગરો વાટ્યો હતો. શહેરના વર્તમાન પોલીસ કમિશનર કોણ છે તે અંગેની યોગ્ય માહિતીના અભાવે તેમણે મોટી ભૂલ કરી હતી. રાજકોટ શહેરના હાલના પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા હોવા છતાં, તેમણે પોતાના સંબોધનમાં પૂર્વ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવના નામનો ઉલ્લેખ કર્યો હતો. એટલું જ નહીં કાયદો-વ્યવસ્થા જાળવવાની જવાબદારી બોલવાને બદલે કાયદો અને વ્યવસ્થા બનાવવાની જવાબદારી તેવું મેયર બોલી ગયા હતા. જવાબદાર પદ પર બેઠેલા પ્રથમ



નાગરિક દ્વારા જાહેર મંચ પરથી વર્તમાન પોલીસ વડાના બદલે પૂર્વ કમિશ્નરનું નામ લેવાતાં જ ઉપસ્થિત લોકો અને રાજકીય વર્તુળોમાં આશ્ચર્ય ફેલાયું હતું. સામાન્ય રીતે આવા સત્તાવાર અને જાહેર કાર્યક્રમોમાં વહીવટી વડા અને સુરક્ષા વડાના નામો અંગે પૂરતી તકેદારી રાખવામાં આવતી હોય છે, પરંતુ મેયરની આ ભૂલના કારણે ભારે ચર્ચા જાગી છે. ઘટના બાદ શહેરના વહીવટી અને રાજકીય ગલીયારામાં મેયરની આ ચૂક અંગે જાતજાતની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. આ તિરંગા યાત્રાના મંચ પર નેતાઓને બદલે અધિકારીઓનો દબદબો જોવા મળ્યો હતો. પ્રથમ હરોળમાં રાજકોટ રેન્જ IG નિર્લિપ્ત રાય, પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, JCP ચૈતન્ય માંડલિક, કલેક્ટર ઓમ પ્રકાશ, મ્યુનિસિપલ કમિશ્નર તુષાર સુમેરા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ઉત્તપલ જોશી ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે ભાજપના પૂર્વ ઉપાધ્યક્ષ ભરત બોઘરાની પણ ગેરહાજરી ચર્ચાનો વિષય બની હતી. રાજકીય અગ્રણીઓમાં માત્ર પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણી, ભાનુબેન બાબરીયા, ગોવિંદ પટેલ અને રાજ્યસભાના પૂર્વ સાંસદ રામભાઈ મોકરિયા જ હાજર રહ્યા હતા. તેમજ પાંચ પૂર્વ મેયર એકસાથે બેઠેલા જોવા મળ્યા હતા. આ તકે સ્ટેજ પરથી મેયર ડો. નેહલ શુક્લે લોકોને પોતાનો કચરો આડેધડ નહીં ફેકવાનાં શપથ લેવડાવ્યા હતા. મંત્રીઓની ગેરહાજરી અંગે સ્પષ્ટતા આપતા મેયર ડો. નેહલ શુક્લે જણાવ્યું હતું કે, પ્રદેશ કક્ષાના નેતાઓનું આવવાનું કોઈ આયોજન પહેલેથી હતું જ નહીં, કારણ કે સમગ્ર ગુજરાતમાં છેલ્લા 3 દિવસથી યાત્રાઓ ચાલતી હોવાથી બધા પોતાના વિસ્તારમાં વ્યસ્ત છે. કન્ટ્રીબ્યુશન અને આમંત્રણ પત્રિકામાં માત્ર પરંપરા મુજબ પ્રભારી મંત્રી જીતુ વાઘાણીનું નામ રાખવામાં આવ્યું હતું, પરંતુ સમયના અભાવે તેઓ આવી શકે તેમ ન હોવાની વાત પહેલેથી જ સ્પષ્ટ હતી.

# એશિયન ગેમ્સમાં ભારત-પાકિસ્તાન વચ્ચે ક્રિકેટ મેચ થવાની કેટલી શક્યતા?

**નવી દિલ્હી, તા.13**

જાપાનના આઈચી-નાગોયામાં યોજાનારી એશિયન ગેમ્સમાં ભારત અને પાકિસ્તાનની ક્રિકેટ ટીમો વચ્ચે શરૂઆતના તબક્કામાં કોઈ મુકાબલો નહીં થાય. બંને ટીમોને અલગ-અલગ ક્વાર્ટર ફાઈનલમાં રાખવામાં આવી છે. જેના કારણે ફેન્સે સંભવિત મહામુકાબલા માટે નોકઆઉટ સ્ટેજ સુધી રાહ જોવી પડશે. એશિયન ગેમ્સનું આયોજન 19 સપ્ટેમ્બરથી 4 ઓક્ટોબર દરમિયાન થવાનું છે. જ્યારે ક્રિકેટની મેચો 17 સપ્ટેમ્બરથી 3 ઓક્ટોબર દરમિયાન રમાશે.



ભારતીય પુરુષ ટીમને પાકિસ્તાન, બાંગ્લાદેશ અને શ્રીલંકા જેવી અન્ય એશિયન દિગ્ગજ ટીમો સાથે સીધી ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન આપવામાં આવ્યું છે. રિપોર્ટ અનુસાર, ભારતને ક્વાર્ટર ફાઈનલ 2માં રાખવામાં આવ્યું છે. જ્યારે પાકિસ્તાન ક્વાર્ટર ફાઈનલ 1માં રમશે. બંને વચ્ચે મેચ 28 સપ્ટેમ્બરે યોજાશે. સેમિફાઈનલ ડ્રો મુજબ બંને પ્રતિદ્વંદ્વીઓ અંતિમ ચારમાં સામસામે નહીં આવી શકે. જો બંને ટીમો પોતપોતાની મેચ જીતી જશે, તો તેમની વચ્ચે માત્ર ફાઈનલ કે બ્રોન્ઝ-મેડલ પ્લે-ઓફમાં જ ટક્કર થઈ શકે છે.

તમામ ક્રિકેટ મેચ નાગોયાના પાલોમા મિઝુહો સ્ટેડિયમમાં ટી-20 ફોર્મેટમાં રમાશે. મહિલાઓની સ્પર્ધા 17 સપ્ટેમ્બરથી શરૂ થઈને 22 સપ્ટેમ્બરે ફાઈનલ સાથે પૂર્ણ થશે, ત્યારબાદ પુરુષોની મેચો શરૂ થશે. પુરુષ ઈવેન્ટમાં 10 ટીમો અને મહિલા ઈવેન્ટમાં આઠ ટીમો ભાગ લઈ રહી છે. બંને સેમિફાઈનલ 1 ઓક્ટોબરે યોજાવાની છે.

આ મહાટૂર્નામેન્ટ માટે ભારતે શ્રેયસ અય્યર અને હરમનપ્રીત કૌરની કેપ્ટનશિપ હેઠળ પોતાની ટીમો પહેલેથી જ જાહેર કરી દીધી છે. પુરુષ ટીમમાં શ્રેયસ અય્યર (કેપ્ટન), અભિષેક શર્મા, સંજુ સેમસન, ઈશાન કિશન, શિવમ દુબે, તિલક વર્મા, નીતીશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, વાશિંગ્ટન સુંદર, વરુણ ચક્રવર્તી, રવિ બિશ્નોઈ, જસપ્રીત બુમરાહ, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ અને વૈભવ સૂર્યવંશીનો સમાવેશ થાય છે.

# બે દાયકા બાદ ઓસ્ટ્રેલિયામાં પરંપરાગત સ્થળ સિવાય ટેસ્ટ યોજાશે

## 2003 બાદ બાંગ્લાદેશ પહેલી વાર ઓસ્ટ્રેલિયન ધરતી પર ટેસ્ટ રમશે. આજથી ડાર્વિનમાં પ્રારંભ

**ડાર્વિન, તા.13**

વર્ષ 2003 પછી પહેલીવાર ઓસ્ટ્રેલિયાના ટ્રોપિકલ ટોપ એન્ડમાં ટેસ્ટ ક્રિકેટનું પુનરાગમન થઈ રહી છે, જ્યાં ગુરુવારથી શરૂ થઈ રહેલી બે મેચની શ્રેણીમાં યજમાન ઓસ્ટ્રેલિયાનો સામનો બાંગ્લાદેશ સામે થશે. ભારતીય સમય મુજબ સવારે 6.00 કલાકે મેચનો પ્રારંભ થશે. ડાર્વિનના મરારા સ્ટેડિયમ ખાતે રમાનારી આ સિરીઝની પ્રથમ મેચ 2003 બાદ બાંગ્લાદેશનો ઓસ્ટ્રેલિયાનો પ્રથમ ટેસ્ટ પ્રવાસ છે. આ સાથે જ ઓસ્ટ્રેલિયન ટીમ માટે આગામી 12 મહિનામાં ઓછામાં ઓછી 20 ટેસ્ટ મેચના વ્યસ્ત શિડ્યુલનો પ્રારંભ થશે, જેમાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયન સાઉથ આફ્રિકા, ભારત અને ઈંગ્લેન્ડના પ્રવાસોનો પણ સમાવેશ થાય છે.



ઓસ્ટ્રેલિયાની પ્રખ્યાત 'બિગ ફોર' બોલિંગ જોડી પેટ કમિન્સ, જોશ હેઝલવુડ અને ઈજામાંથી વાપસી કરતા નાથાન લાયન ડાર્વિનમાં ફરી એક સાથે રમતા જોવા મળશે.ઝડપી બોલરો કમિન્સ, હેઝલવુડ અને મિચેલ સ્ટાર્ક તથા ઓફ સ્પિનર નાથાન લાયન લાંબા સમયથી ઓસ્ટ્રેલિયાના મુખ્ય બોલિંગ આક્રમણનો હિસ્સો રહ્યા છે, પરંતુ વિવિધ ઈજાઓને કારણે તાજેતરમાં આ ચારેય ખેલાડી એક સાથે પ્લેઈંગ ઈલેવનમાં રમી શક્યા ન હતા.

હેઝલવુડની વાપસીથી સદાબહાર સ્કોટ બોલેન્ડને બહાર રહેવું પડ્યું છે, જ્યારે ઓલરાઉન્ડર કેમરૂન ગ્રીન અને બ્યુ વેબસ્ટરને ઓસ્ટ્રેલિયાની પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન આપવામાં આવ્યું છે. બુધવારે સુકાની પેટ કમિન્સે જણાવ્યું હતું કે, "અમે સ્કોટીની ક્ષમતા જાણીએ છીએ, તેથી નિર્ણય હંમેશા મુશ્કેલ હોય છે. સ્કોટીને એ કહેવા સિવાય વધારે કઈ કહેવાનું નથી કે આગળ ઘણી ક્રિકેટ રમાવાની છે. તે પોતાની કિંમત અને પ્રતિભા જાણે છે, અને મને ખાતરી છે કે તે ટૂંક સમયમાં જ મેદાન પર રમતો જોવા મળશે." બોલિંગ યુનિટ ભલે મજબૂત લાગતું હોય, પરંતુ ઓસ્ટ્રેલિયાની બેટિંગ લાઈન અપ હજી પણ સવાલો ઊભા કરે છે.

# ભારત સામેની ટેસ્ટ ટીમમાં ડિકવેલ્લાનો સમાવેશ

## શ્રીલંકાએ ટેસ્ટ ટીમ જાહેર કરી, ઓફ સ્પિનર નુવાંથા પહેલી વાર ટેસ્ટ રમશે

**ગોલ, તા.13**

વિકેટકીપર-બેટ્સમેન નિરોશન ડિકવેલ્લાએ ત્રણ વર્ષ પછી શ્રીલંકાની ટેસ્ટ ટીમમાં પુનરાગમન કર્યું છે. જ્યારે ઓફ સ્પિનર કેશરા નુવાંથાને પ્રથમ વખત શ્રીલંકન ટેસ્ટ સ્થાન મળ્યું છે. યજમાન શ્રીલંકાએ 15મીઓગસ્ટથી શરૂ થનારી ભારત સામેની પ્રથમ ટેસ્ટ માટે 16 સદસ્યની ટીમની બુધવારે જાહેરાત કરી હતી.




શ્રીલંકાના નિયમિત વિકેટકીપર કુસલ મેન્ડીસ ઈજાને કારણે સિરીઝમાંથી બહાર થઈ જતાં ડિકવેલ્લાને આ ફોર્મેટમાં પુનરાગમન કરવા માટે તક મળી છે. તેણે છેલ્લે 2023માં ન્યૂઝીલેન્ડ સામે ટેસ્ટ રમી હતી.નુવાંથા ઉપરાંત નવોદિત બેટ્સમેન પસિન્દુ સૂરિયાબંડારા અને ડાબોડી ઝડપી બોલર દિલશાન મદુશંકાનો પણ શ્રીલંકન ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ટીમમાં ચાર સ્પેશિયાલિસ્ટ ઝડપી બોલર સામેલ છે.

દિલશાન મદુશંકાના પુનરાગમનથી શ્રીલંકાના પેસ આક્રમણને વધુ મજબૂતી મળશે, જેમાં અસિથા ફર્નાન્ડો, લાહિરુ કુમારા અને વિશ્વા ફર્નાન્ડો પણ સામેલ છે. આ ઉપરાંત ઓલરાઉન્ડર મિલન રત્નાયકે પણ ઝડપી બોલિંગનો વધુ એક વિકલ્પ પૂરો પાડે છે.દરમિયાન ડોમેસ્ટિક ક્રિકેટમાં પ્રભાવશાળી રેકોર્ડ બનાવ્યા બાદ નુવાંથા પોતાની ટેસ્ટ મેચમાં ડેબ્યૂ કરી શકે છે. આ ઓફ સ્પિનર સ્પિન વિભાગમાં ડાબોડી સ્પિનર પ્રભાત જયસૂર્યા અને રમેશ મેન્ડીસ સાથે જોડાશે.ટીમમાં અનુભવી ઓલરાઉન્ડર કામિન્દુ મેન્ડીસ અને ધનંજય ડી સિલ્વા પણ સામેલ છે. ધનંજય ડી સિલ્વા ટીમનું નેતૃત્વ કરશે જ્યારે કામિન્દુ મેન્ડીસ વાઈસ કેપ્ટન રીકે ભૂમિકા ભજવશે. ભારત સામેની પ્રથમ ટેસ્ટ શનિવારથી અહીંના ગોલ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે શરૂ થશે.

ભારત સામેની પ્રથમ ટેસ્ટ માટે શ્રીલંકાની ટીમ:ધનંજય ડી સિલ્વા (સુકાની), લાહિરુ ઉદાના, નિશાન મદુશંકા, કામિન્દુ મેન્ડીસ (ઉપ સુકાની), દિનેશ ચંદીમલ, પસિન્દુ સૂરિયાબંડારા, સોનલ દિનુશા, નિરોશન ડિકવેલ્લા, રમેશ મેન્ડીસ, પ્રભાત જયસૂર્યા, કેશરા નુવાંથા, મિલન રત્નાયકે, અસિથા ફર્નાન્ડો, લાહિરુ કુમારા, વિશ્વા ફર્નાન્ડો, દિલશાન મદુશંકા.

# 'કડવું બોલે છે પણ સત્ય...', ગંભીરના બચાવમાં દિગ્ગજ ક્રિકેટર, કેપ્ટન ગિલ અંગે આપ્યું મોટું નિવેદન

**નવી દિલ્હી, તા.13**

ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર સતત ટીકાઓનો સામનો કરી રહ્યા છે. ત્યારે પૂર્વ સ્પિનર હરભજન સિંહે તેના સમર્થનમાં નિવેદન આપ્યું છે. હરભજને સવાલ કર્યો છે કે જ્યારે ટીમ ખરાબ પ્રદર્શન કરે ત્યારે હંમેશા કોચને જ કેમ જવાબદાર ઠેરવવામાં આવે છે? તેમના મતે ગંભીર પોતાની રમતના દિવસોથી જ અત્યંત જુસ્સાદાર રહ્યો છે અને તેના માટે ટીમ હંમેશા વ્યક્તિગત ઉપલબ્ધિઓથી ઉપર રહી છે. ગંભીરના કોચિંગ હેઠળ ભારતે મહત્વપૂર્ણ ટૂર્નામેન્ટોમાં શાનદાર પ્રદર્શન કર્યું છે.



ગંભીરના સ્વભાવ વિશે વાત કરતા હરભજને જણાવ્યું કે તે ખૂબ જ સીધા અને સ્પષ્ટવક્તા છે. ઘણા લોકોને તેમની વાતો કડવી લાગી શકે છે, પરંતુ તે કડવું સત્ય હોય છે જેને ઘણા લોકો પચાવી શકતા નથી. ગંભીરના સાર્વજનિક વ્યક્તિત્વના આધારે તેમના વિશે ખોટી ધારણા બાંધવી યોગ્ય નથી. હરભજનના જણાવ્યા અનુસાર, ગંભીર ક્યારેય જીત માટે પ્રયાસ કર્યા વિના મેદાન પર હાર સ્વીકારવા તૈયાર નથી હોતા અને તેઓ ખેલાડીઓમાં પણ આ જ વિજેતા માનસિકતા જોવા માંગે છે. ગંભીર ઉપરાંત હરભજને ભારત અને નવા ટેસ્ટ તથા વનડે કેપ્ટન શુભમન ગિલનું પણ સમર્થન કર્યું છે. ભલે ગિલની કેપ્ટનશિપમાં વનડે ક્રિકેટમાં પરિણામો અપેક્ષા મુજબ ન આવ્યા હોય, છતાં હરભજને તેના પર પૂરો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. સફળતા રાતોરાત નથી મળતી અને કોઈ પણ યુવા કેપ્ટનને સ્થિર થવા માટે સમય આપવો જરૂરી છે.

ગયા વર્ષે ઈંગ્લેન્ડમાં રમાયેલી ટેસ્ટ સિરીઝનું ઉદાહરણ આપતા હરભજને કહ્યું કે ભારતે ગિલની કેપ્ટનશિપમાં સિરીઝ ૨-૨થી ડ્રો કરાવી હતી, જ્યાં ગિલે સૌથી વધુ રન બનાવીને પોતાની ક્ષમતા સાબિત કરી હતી. ભવિષ્યમાં ગિલના કારકિર્દીમાં ઉતાર-ચઢાવ આવી શકે પરંતુ ક્રિકેટની શાનદાર સમજ અને ઉત્તમ સ્વભાવના કારણે તે આગામી સમયમાં સફળ કેપ્ટન બનશે.

# હૈવાનમાં અંધ સૈફ અલી ખાન હૈવાનની શોધ કરશે, પ્રિયદર્શને જોરદાર ટીઝરથી ઝલક આપી

**મુંબઈ, તા.13**

અક્ષય કુમાર અને સૈફ અલી ખાનની આ ફિલ્મ 'હૈવાન'ની જાહેરાત થઈ ત્યારથી જ ચર્ચા છે. પ્રિયદર્શનની આ ફિલ્મનું ટીઝર બુધવારે રિલીઝ કરવામાં આવ્યું છે. પ્રિયદર્શનના ડિરેક્શનમાં બની રહેલી આ સાયકોલોજિકલ થ્રિલરનું ટીઝર ફિલ્મની રહસ્યમય અને અંધકારમય દુનિયાની ઝલક આપે છે. ફિલ્મનાં ફર્સ્ટ-લૂક પોસ્ટર્સ બાદ ટીઝરે અક્ષય અને સૈફના પાત્રો વચ્ચેના રસપ્રદ મુકાબલાને લઈને ઉત્સુકતા વધુ વધારી છે.




45 સેકન્ડનાં ટીઝરમાં વાર્તાનાં રહસ્યને જાળવી રાખવામાં આવ્યું છે. ટીઝરમાં કોઈ સંવાદ નથી અને બંને મુખ્ય કલાકારોના ચહેરા પણ સ્પષ્ટ રીતે બતાવવામાં આવ્યા નથી. અંધકાર, સિલ્વેટ્સ અને રહસ્યમય સંગીતના માધ્યમથી ફિલ્મનું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે. "હીરો યા હૈવાન?" સવાલ ફિલ્મનાં પાત્રોને લઈને રહસ્ય વધુ ઘેરું બનાવે છે.

ટીઝરની શરૂઆત સૈફ અલી ખાનના સિલ્વેટથી થાય છે. તે દૃષ્ટિહીન હોવાનું જણાય છે અને હાથમાં વૉકિંગ સ્ટિક સાથે જોવા મળે છે. તે બ્લાઈન્ડ લોકો માટેની ખાસ ઘડિયાળ પણ પહેરેલો દેખાય છે. ત્યારબાદ રહસ્યમય અને ભયજનક દેખાવ ધરાવતા અક્ષય કુમારના પાત્રની સિલ્વેટ જોવા મળે છે. એક લોહીથી ખરડાયેલો હાથ કોઈ હિંસક ઘટનાનો સંકેત આપે છે, જ્યારે અક્ષયનું પાત્ર ખતરનાક અંદાજમાં આગળ વધતું અને અંતે ભયાનક અટ્ટહાસ્ય કરતું જોવા મળે છે.

ટીઝરમાં ફિલ્મના અન્ય કોઈ પાત્ર કે વાર્તાની વિગતો પણ જાહેર કરવામાં આવી નથી. જોકે, ટીઝર પરથી એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે 'હૈવાન' અક્ષય કુમારનું પાત્ર હોઈ શકે છે અને દૃષ્ટિહીન સૈફ અલી ખાન તેને શોધી રહ્યો હોઈ શકે છે. આ રહસ્યને જાળવી રાખીને ટીઝર દર્શકોને ફિલ્મની કથાને લઈને અનુમાન લગાવવા મજબૂર કરે છે.

ટીઝર રિલીઝ થયા બાદ ચાહકોએ સોશિયલ મીડિયા પર પ્રિયદર્શનની રજૂઆત અને બંને કલાકારોના પાત્રોનાં પણ વખાણ કર્યા છે. કેટલાક ચાહકોએ ખાસ કરીને અક્ષય કુમારના નેગેટિવ શેડ્સવાળા પાત્રને લઈને ઉત્સાહ વ્યક્ત કર્યો છે. એક ચાહકે લખ્યું, "પ્રિયદર્શન અને અક્ષય કુમાર મળે એટલે બ્લોકબસ્ટર", જ્યારે અન્ય એકે સંવાદ વગરના ટીઝર અંગે લખ્યું, "કોઈ ડાયલોગ નહીં છતાં પણ રુંવાડા ઉભા થઈ જાય છે. અક્ષય કુમારનો વિલન મોડ ચાલુ થઈ ગયો." જોકે, કેટલાક દર્શકોને ટીઝરમાં પાત્રોના ફર્સ્ટ લૂક અથવા ચહેરા ન બતાવવામાં આવ્યા તે થોડું નિરાશાજનક પણ લાગ્યું.

'હૈવાન'માં અક્ષય કુમાર અને સૈફ અલી ખાન ઉપરાંત બોમન ઈરાની, સૈયામી ખેર અને શ્રિયા પિલગાંવકર પણ મહત્વના રોલમાં છે. ફિલ્મનું નિર્માણ કેવીએન પ્રોડક્શન્સ અને થેસ્પિયન ફિલ્મ્સ હેઠળ વેંકટ કે. નારાયણ અને શૈલજા દેસાઈ ફેન દ્વારા કરવામાં આવ્યું છે.

પ્રિયદર્શન અને અક્ષય કુમારની આ વધુ એક સાથેની ફિલ્મ છે અને અક્ષય ફરી એકવાર ડાર્ક થ્રિલર સ્પેસમાં જોવા મળશે. 'હૈવાન' વિશ્વભરમાં 11 સપ્ટેમ્બર, 2026ના રોજ થિએટર્સમાં રિલીઝ થશે. ટીઝરે ફિલ્મની વિગતો જાહેર કરવાને બદલે રહસ્ય જાળવીને દર્શકોમાં સવાલો ઊભા કર્યા છે. હવે ફિલ્મનું ટ્રેલર અક્ષય અને સૈફના પાત્રો, તેમના સંબંધ અને ટીઝરમાં સંકેત આપવામાં આવેલી 'હૈવાનિયત' વિશે કેટલો ખુલાસો કરે છે તેના પર સૌની નજર રહેશે.

# 'હું હંમેશાં સાઈકોનું પાત્ર ભજવવા માગતો હતો' : અક્ષય કુમાર

**મુંબઈ, તા.13**

'હૈવાન'નું ટીઝર રિલીઝ થઈ ગયું છે, જેમાં અક્ષય કુમારના અત્યાર સુધી ન જોયેલા અવતારની ઝલક જોવા મળી રહી છે. આ સાયકોલોજિકલ થ્રિલરમાં અક્ષય પહેલીવાર સંપૂર્ણપણે નેગેટિવ પાત્રમાં જોવા મળશે. ફિલ્મમાં તેનું પાત્ર ડાર્ક અને ખતરનાક છે.



પોતાનાં પાત્ર વિશે વાત કરતા અક્ષય કુમારે જણાવ્યું કે તેના પાત્રમાં ગ્રે શેડ્સ નથી, તે સંપૂર્ણપણે દુષ્ટ છે. અક્ષયે એ પણ સ્વીકાર્યું કે લાંબા સમયથી તે પડદા પર સાઈકોનું પાત્ર ભજવવા માગતો હતો. અક્ષયે કહ્યું, "ટાઈટલ પ્રમાણે હું 'હૈવાન'નું પાત્ર ભજવી રહ્યો છું અને મારા પાત્રમાં કોઈ ગ્રે શેડ્સ નથી; તે સંપૂર્ણપણે દુષ્ટ છે. હું હંમેશાં પડદા પર સાઈકોનું પાત્ર ભજવવા માગતો હતો."

અક્ષયે વધુમાં જણાવ્યું કે આ ફિલ્મ તેના માટે એક અભિનેતા તરીકે પોતાની જાતને પડકારવાની તક છે. તેણે કહ્યું, "મારી છેલ્લી ચાર-પાંચ ફિલ્મોમાં મેં કોમેડી, હોરર, એક્શન અને ડ્રામા જેવાં એકદમ અલગ-અલગ જોનર વચ્ચે કશુંક નવું લાવવાનો પ્રયાસ કર્યો છે. આ પહેલીવાર છે જ્યારે હું સાચા અર્થમાં દુષ્ટ પાત્ર ભજવી રહ્યો છું. મને સતત મારી જાતને પડકારવી ગમે છે અને 'હૈવાન' મારા માટે એ પડકાર છે."

ટીઝરમાં અક્ષયનો લૂક પણ ખાસ ધ્યાન ખેંચી રહ્યો છે. બીની પહેરેલા અને ધારદાર નજરવાળા અક્ષયની ઝલક તેના અસ્વસ્થ કરી નાખે તેવા પાત્રનો સંકેત આપે છે. રસપ્રદ વાત એ છે કે આ લૂકે જ દિગ્દર્શક પ્રિયદર્શનને પાત્ર ઘડવામાં પ્રેરણા આપી હતી.

પ્રિયદર્શને જણાવ્યું કે તેમણે અક્ષયને 'ભૂત બંગલા'નાં સેટ પર બીની પહેરેલો જોયો હતો અને તેમને તેનો લૂક તરત જ ધ્યાનમાં આવી ગયો હતો. જોકે, જ્યારે તેઓ 'હૈવાન'ની વાર્તા સંભળાવી રહ્યા હતા ત્યારે તેમણે શરૂઆતમાં અક્ષયને નેગેટિવ પાત્રમાં લેવાનું વિચાર્યું પણ નહોતું.

પ્રિયદર્શને કહ્યું, "મેં 'ભૂત બંગલા'ના સેટ પર અક્ષયને સહજ રીતે બીની પહેરેલો જોયો અને મને તેનો લુક તરત જ પસંદ આવ્યો. જ્યારે હું 'હૈવાન'ની વાર્તા સંભળાવી રહ્યો હતો ત્યારે મેં ક્યારેય વિચાર્યું નહોતું કે તે નેગેટિવ પાત્ર ભજવશે. જ્યારે તેણે મને પૂછ્યું, 'શું હું આ રોલ કરી શકું?' ત્યારે હું આશ્ચર્યચકિત થઈ ગયો. મને લાગ્યું કે આનાથી મને એક અલગ અક્ષય કુમાર જોવા મળશે અને એક અભિનેતા તરીકે તેની ક્ષમતા જાણવાની તક મળશે."

# 'સી-ગ્રેડ અને અશ્લીલ ફિલ્મો મેં મજબૂરીમાં કરી...', પીઢ અભિનેતા અન્નુ કપૂરની શોકિંગ કબૂલાત

**મુંબઈ, તા.13**

બોલિવૂડના દિગ્ગજ અને અતિ બેબાક એક્ટર અન્નુ કપૂર પોતાના નિવેદનોના કારણે અવારનવાર ચર્ચામાં રહે છે. તાજેતરમાં આપેલા એક પોડકાસ્ટમાં તેમણે પોતાની કારકિર્દીના શરૂઆતી દિવસો, ન્યૂડ ફોટોશૂટ, બોલ્ડ ઈન્ટીમેટ સીન્સ અને C-ગ્રેડ ફિલ્મોમાં કામ કરવા અંગે અત્યંત ચોંકાવનારા ખુલાસા કર્યા છે. 90ના દાયકામાં ન્યૂડ ફોટોશૂટ કરાવવા અને એડલ્ટ ફિલ્મો કરવા અંગે વાત કરતાં અન્નુ કપૂરે સ્પષ્ટ શબ્દોમાં સ્વીકાર્યું કે તેમણે આ બધું કોઈ પેશન માટે નહીં, પરંતુ માત્ર અને માત્ર પોતાની મજબૂરી અને પરિવારના ભરણપોષણ માટે કર્યું હતું.



એક પોડકાસ્ટમાં જ્યારે અન્નુ કપૂરને પૂછવામાં આવ્યું કે શું તેમણે 90ના દાયકામાં ન્યૂડ ફોટોશૂટ કરાવ્યું હતું? તો એક્ટરે કોઈ જ હિચકિચાટ વગર સ્વીકાર્યું, 'હા, મેં ન્યૂડ ફોટોશૂટ કરાવ્યું છે અને મજબૂરીમાં પોર્ન/C-ગ્રેડ ફિલ્મો પણ કરી છે.' આજના સમયમાં જ્યારે મોટાભાગના કલાકારો પોતાના કામને 'પેશન' ગણાવે છે, ત્યારે અન્નુ કપૂરે પોતાની આદત મુજબ કડવું સત્ય વદતાં કહ્યું,

'મારું કોઈ પેશન નથી, મારી મજબૂરી છે આ બધું કરવું. પોતાના બીવી-બાળકોનું ભરણપોષણ કરવા અને ઘર ચલાવવા માટે મારે મજૂરી કરવી જ પડે. ઘર ચલાવવા મારે ઠુમકા પણ લગાવવા પડે, કારણ કે પ્રોડ્યુસર મને એમ જ મફતમાં પૈસા નહીં આપે. જો મારું ભાગ્ય અને નસીબ જ એવું હોય તો હું શું કરું?'

આ પોડકાસ્ટ દરમિયાન જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેમને પોતાના કરિયરની કોઈ બાબતનો પસ્તાવો છે? ત્યારે અન્નુ કપૂરે જણાવ્યું કે, 'મને મારી કારકિર્દીમાં કરેલા કામ માટે કોઈ પસ્તાવો નથી. પરંતુ જો જોવામાં આવે તો જીવનમાં પસ્તાવો બહુ છે. એ પસ્તાવો કદાચ સ્ત્રીઓ સાથે જોડાયેલો છે. હા યાર, અમુક સ્ત્રીઓથી ન મળ્યો હોત તો બહુ સારું થાત બસ એ જ મારો પસ્તાવો છે.' અગાઉ પણ એક ઈન્ટરવ્યુમાં અન્નુ કપૂરે ફિલ્મોમાં ઈન્ટીમેટ સીન્સ અને હોટલ કે સેટ પર એક્ટર્સના વર્તન અંગે મોટો દાવો કર્યો હતો.

# રિષભ શેટ્ટીની 'જય હનુમાન'માં વામિકા ગબ્બી જોવા મળશે

**મુંબઈ, તા.13**

2026નું વર્ષ વામિકા ગબ્બી માટે વ્યસ્ત સાબિત થઈ રહ્યું છે. 'જુબિલી' ફેમ વામિકાએ વર્ષની શરૂઆત અક્ષય કુમાર અને પ્રિયદર્શનની ફિલ્મ 'ભૂત બંગલા'ની બોક્સ ઓફિસ સફળતા સાથે કરી હતી. ત્યારબાદ તે 'પતિ, પત્ની ઔર વો દો'માં જોવા મળી હતી. હવે તાજેતરમાં રિલીઝ થયેલી તેની તમિલ ફિલ્મ 'ડીસી: ધ બ્લડી વેલેન્ટાઈન'માં ચંદ્રાના પાત્ર માટે પણ તેનાં વખાણ થયાં છે. હવે તેની કારકિર્દીમાં વધુ એક મોટો પ્રોજેક્ટ ઉમેરાયો છે. આ અંગેના અહેવાલો મુજબ વામિકા ગબ્બીને રિષભ શેટ્ટીની આગામી પેન-ઈન્ડિયા પૌરાણિક ફિલ્મ 'જય હનુમાન' માટે સાઈન કરવામાં આવી છે. પ્રશાંત વર્મા દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મમાં વામિકા એક મહત્વનું અને શક્તિશાળી પાત્ર ભજવશે. જોકે, તેનાં પાત્ર અંગેની વિગતો હાલ ગુપ્ત રાખવામાં આવી છે. વામિકા પૌરાણિક કથા, એક્શન અને ભક્તિની આ વિશાળ દુનિયામાં પ્રવેશવા માટે ઉત્સાહિત હોવાનું કહેવાય છે અને ટૂંક સમયમાં ફિલ્મનાં હૈદરાબાદ શીડ્યુલમાં જોડાશે. 'જય હનુમાન' પ્રશાંત વર્માની 2024માં આવેલી બ્લોકબસ્ટર ફિલ્મ 'હનુ-મેન'ની સિક્વલ છે. 'હનુ-મેન'માં તેજા સજ્જાએ એક એવા નાના ચોરની ભૂમિકા ભજવી હતી, જેને હનુમાન જેવી શક્તિઓ પ્રાપ્ત થાય છે. 'કાંતારા' ફ્રેન્ચાઈઝીની જબરદસ્ત સફળતા બાદ પેન-ઈન્ડિયા સ્ટાર તરીકે ઉભરી આવેલા રિષભ શેટ્ટી સિક્વલમાં મુખ્ય ભૂમિકા સંભાળશે અને ભગવાન હનુમાનનું પાત્ર ભજવશે. ફિલ્મને કલિયુગ પર આધારિત હાઈ-ઓક્ટેન એક્શન એપિક તરીકે રજૂ કરવામાં આવી રહી છે. ફિલ્મમાં હનુમાનજીની અડગ ભક્તિ, વફાદારી અને શાશ્વત શક્તિને ઉજાગર કરવામાં આવશે અને તેમને અમર આત્મા તરીકે રજૂ કરવામાં આવશે. પ્રશાંત વર્ણા સિનેમેટિક યુનિવર્સ હેઠળની અન્ય આગામી ફિલ્મોમાં દેવી કાલી પર આધારિત 'મહાકાળી' અને ભગવાન ઈન્દ્ર પર આધારિત 'અધિરા'નો સમાવેશ થાય છે. 'જય હનુમાન'નું શૂટિંગ માર્ચમાં શરૂ થઈ ગયું હતું અને ત્યારથી ફિલ્મનું શૂટિંગ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે. ફિલ્મને 2027નાં બીજા ભાગમાં રિલીઝ કરવાની યોજના છે.



# ચાંદી ₹3,414 ઘટીને ₹2.34 લાખ પ્રતિ કિલો પર આવી

## ■ સોનું ₹972 સસ્તું થઈને ₹1.52 લાખનું 10 ગ્રામ થયું



મુંબઈ, તા.13

ભારતીય બુલિયન માર્કેટમાં ૧૩ ઓગસ્ટના રોજ સોના અને ચાંદી બંને કિંમતી ધાતુઓના ભાવમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) ના સત્તાવાર આંકડા અનુસાર, ૧૦ ગ્રામ ૨૪ કેરેટ શુદ્ધ સોનાનો ભાવ ૯૭૨ ના ઘટાડા સાથે ૧.૫૨ લાખના સ્તરે આવી ગયો છે. તે જ સમયે, એક કિલો ચાંદીની કિંમતમાં ૩,૪૧૪ નો મોટો ઘટાડો નોંધાયો છે, જેનાથી ચાંદીનો ભાવ હવે ૨.૩૪ લાખ પ્રતિ કિલોના મથાળે પહોંચી ગયો છે.

શુદ્ધતા અને કેરેટના હિસાબે સોનાના ભાવ અલગ-અલગ જોવા મળે છે, જેમાં ૨૪ કેરેટ સોનું ૧,૫૨,૪૪૭ પ્રતિ ૧૦ ગ્રામ પર કારોબાર કરી રહ્યું છે. દાગીના બનાવવામાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતું ૨૨ કેરેટ સોનું ૧,૩૯,૬૪૧ પ્રતિ ૧૦ ગ્રામ, ૧૮ કેરેટ સોનું ૧,૧૪,૩૩૫ પ્રતિ ૧૦ ગ્રામ અને ૧૪ કેરેટ સોનું ૮૯,૧૮૧ પ્રતિ ૧૦ ગ્રામની સપાટીએ પહોંચ્યું છે. દેશના વિવિધ પ્રમુખ શહેરોમાં ૨૪ કેરેટ સોનાના દર પર નજર કરીએ તો, દિલ્હી, જયપુર અને લખનઉમાં ૧૦ ગ્રામ સોનાનો ભાવ ૧,૫૫,૨૮૦ નોંધાયો છે. મુંબઈ, કોલકાતા અને રાયપુરમાં આ ભાવ ૧,૫૫,૧૩૦ રહ્યો છે, જ્યારે અમદાવાદ, ભોપાલ અને પટનામાં પ્રતિ ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનું ૧,૫૫,૧૮૦ ના મથાળે વિક્રેતા ગુડરિટર્ન્સ અનુસાર નોંધાયું છે.

ચાલુ વર્ષ ૨૦૨૬ માં સોના અને ચાંદીના ભાવમાં અત્યાર સુધી જબરદસ્ત તેજી અને સતત મોટા ઉતાર-ચઢાવ જોવા મળ્યા છે. વર્ષની શરૂઆતથી લઈને અત્યાર સુધીમાં સોનું આશરે ૧૯,૦૦૦ જેટલું મોંઘું થયું છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ ૧૦ ગ્રામ સોનાની કિંમત ૧.૩૩ લાખથી વધુ હતી, જે હવે વધીને ૧.૫૨ લાખ પર પહોંચી ગઈ છે. બીજી તરફ, ચાંદીની કિંમતમાં વર્ષ દરમિયાન ૪,૦૦૦ નો ચોખ્ખો વધારો થયો છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ ચાંદી પ્રતિ કિલો ૨.૩૦ લાખ હતી, જે હાલ ૨.૩૪ લાખ પર કારોબાર કરી રહી છે. નોંધનીય છે કે આ જ વર્ષમાં ૨૯ જાન્યુઆરીના રોજ સોના અને ચાંદીએ પોતાના તમામ જૂના રેકોર્ડ તોડી નાખ્યા હતા, જ્યાં સોનું ૧.૭૬ લાખ પ્રતિ ૧૦ ગ્રામ અને ચાંદી ૩.૮૬ લાખ પ્રતિ કિલોના ઓલ-ટાઈમ હાઈ સ્તરે પહોંચી ગઈ હતી.

મહિનાવાર ધોરણે સોના-ચાંદીની ચાલ પર નજર કરીએ તો ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ સોનું ૧,૬૫,૭૯૫ અને ચાંદી ૩,૩૯,૩૫૦ ના ઊંચા સ્તરે હતા. ફેબ્રુઆરીના અંતે સોનું ૧,૫૦,૯૯૭ અને ચાંદી ૨,૬૬,૭૦૦ રહ્યા, જ્યારે માર્ચમાં ઘટીને સોનું ૧,૪૬,૭૩૩ અને ચાંદી ૨,૩૦,૧૩૫ ની સપાટીએ પહોંચ્યા હતા. એપ્રિલમાં સોનું ૧,૫૦,૨૬૩ અને ચાંદી ૨,૪૦,૩૩૧, જ્યારે મે મહિનામાં સોનું વધીને ૧,૫૬,૪૬૩ અને ચાંદી ૨,૬૩,૩૫૦ પર પહોંચ્યા હતા. જૂન અને જુલાઈ મહિનામાં ફરી ઘટાડો જોવા મળ્યો હતો, જેમાં જૂનના અંતે સોનું ૧,૪૧,૨૮૬ અને ચાંદી ૨,૨૫,૪૨૫ તથા જુલાઈના અંતે સોનું ૧,૪૨,૮૬૦ અને ચાંદી ૨,૧૮,૨૯૫ ના મથાળે આવી ગયા હતા. હાલ ૧૩ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ સોનું ૧,૫૨,૪૪૭ અને ચાંદી ૨,૩૩,૮૦૦ ના સ્તરે કારોબાર કરી રહ્યા છે.

દાગીના કે સોના-ચાંદી ખરીદતી વખતે ગ્રાહકોએ ખાસ સાવધાની રાખવી જરૂરી છે. જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે હંમેશા બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઇડ ગોલ્ડ જ ખરીદવું જોઈએ. આ હોલમાર્ક એક આલ્ફાન્યુમેરિક કોડ હોય છે, જે સોનાની ચોક્કસ શુદ્ધતા અને કેરેટ દર્શાવે છે. આ ઉપરાંત, ખરીદી કરતી વખતે સોનાનું સાચું વજન અને તે દિવસનો વર્તમાન ભાવ ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ જેવા અધિકૃત સ્ત્રોતો પરથી ચકાસી લેવો જોઈએ, કારણ કે ૨૪ કેરેટ, ૨૨ કેરેટ અને ૧૮ કેરેટ સોનાના ભાવમાં તફાવત હોય છે. તે જ રીતે, અસલી ચાંદીની ઓળખ કરવા માટે કેટલીક સરળ હોમ-ટેસ્ટ પદ્ધતિઓ ઉપયોગી નીવડે છે. મેગ્નેટ ટેસ્ટ દ્વારા શુદ્ધ ચાંદીની ચકાસણી કરી શકાય છે કારણ કે અસલી ચાંદી ચુંબક તરફ આકર્ષાતી નથી, જો તે ચોંટી જાય તો તેમાં અન્ય ધાતુઓની ભેળસેળ હોય છે. આઈસ ટેસ્ટ પણ એક ઉત્તમ માધ્યમ છે, જેમાં ચાંદી પર બરફનો ટુકડો મૂકતાં તે ચાંદીની ઉચ્ચ થર્મલ કંડક્ટિવિટીને કારણે ખૂબ ઝડપથી પીગળવા લાગે છે. આ સિવાય અસલી ચાંદીમાં કોઈ દુર્ગંધ હોતી નથી જ્યારે નકલી ચાંદીમાંથી તાંબા કે કોપર જેવી ગંધ આવે છે. છેલ્લે, ક્લોથ ટેસ્ટ દ્વારા ચાંદીને સફેદ સ્વચ્છ કપડાથી ઘસતાં જો કપડા પર કાળા રંગનો ડાઘ પડે તો તે ચાંદી અસલી હોવાની ખાતરી આપે છે.

# ટાટા સન્સના નવા ચેરમેન બની શકે છે ટી.વી નરેન્દ્રન: ચંદ્રશેખરનના રાજીનામા પછી ટાટા સ્ટીલના MDનું નામ સૌથી આગળ

નવી દિલ્હી, તા.13

ટાટા સન્સના ચેરમેન એન ચંદ્રશેખરનના અચાનક રાજીનામા બાદ નવા ઉત્તરાધિકારીની શોધ શરૂ થઈ ગઈ છે. સર દોરાબજી ટાટા ટ્રસ્ટે આજે 13 ઓગસ્ટે એક પ્રસ્તાવ પસાર કરીને વહેલી તકે 5 સભ્યોની સિલેક્શન કમિટી ગઠિત કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. આ પદની રેસમાં ટાટા સ્ટીલના મેનેજિંગ ડિરેક્ટર ટીવી નરેન્દ્રનનું નામ સૌથી આગળ છે. નરેન્દ્રન 1988થી ટાટા ગ્રુપ સાથે જોડાયેલા છે. તેમની સમગ્ર કારકિર્દી ટાટા સ્ટીલમાં જ રહી છે. ચંદ્રશેખરને ભલે રાજીનામું આપી દીધું હોય, પરંતુ તેઓ ફેબ્રુઆરી 2027 સુધી ટાટા સન્સના ચેરમેન પદ પર રહેશે. એટલે કે તેઓ તેમનો કાર્યકાળ પૂરો કરશે. આ કારણે ટાટા સન્સ પાસે નવા પ્રમુખને પસંદ કરવા અને તેમના યોજના બનાવવા માટે લગભગ 6 મહિનાનો સમય છે.

ટાટા ગ્રુપમાં ઉત્તરાધિકારીની પસંદગી કોઈ પ્રમોટર પરિવાર દ્વારા સીધી રીતે કરવામાં આવતી નથી. ટાટા સન્સના નિયમો અનુસાર આ માટે 5 સભ્યોની એક ખાસ કમિટી બનાવવામાં આવે છે: મુશ્કેલ સમયમાં શાનદાર પ્રદર્શન: નરેન્દ્રને જ્યારે પદ સંભાળ્યું, ત્યારે ટાટા સ્ટીલ ભારે દેવું, વૈશ્વિક બજારમાં ઉતાર-ચઢાવ અને મોંઘા વિદેશી અધિગ્રહણોથી ઝઝૂમી રહી હતી. તેમણે દેવું ઘટાડવા, કેશ ફ્લો



સુધારવા અને સ્થાનિક સ્થિતિ મજબૂત કરવા પર કામ કર્યું. યુકે અને નેધરલેન્ડ્સમાં મુશ્કેલ પુનર્ગઠન નિર્ણયોને પણ સંભાળ્યા. ટાટા કલ્ચરની ઊંડી સમજ: 2016ના સાયરસ મિસ્ત્રી વિવાદ પછી, ટાટા ગ્રુપ પોતાની જૂની પરંપરાઓ, મૂલ્યો અને સમૂહ સાથેના જોડાણને જાળવી રાખવા પર સૌથી વધુ ભાર આપી રહ્યું છે. એન. ચંદ્રશેખરનની જેમ, ટીવી નરેન્દ્રન પણ છેલ્લા લગભગ 4 દાયકાથી ટાટા ગ્રુપનો હિસ્સો રહ્યા છે અને તેની કાર્યશૈલી અને સિદ્ધાંતોને ઊંડાણપૂર્વક સમજે છે.

ઓપરેશન્સનો અનુભવ: ચેરમેન પદ ફક્ત રોજિંદા કામ સંભાળવાનું નથી, પરંતુ કેપિટલ એલોકેટર અને રણનીતિકારનું હોય છે. પરંતુ ગ્રુપ ઐતિહાસિક રીતે એવા લીડર્સને પ્રાધાન્ય આપે છે જેઓ મોટા ઓપરેશન્સ, લેબર ઇશ્યૂઝ, રેગ્યુલેશન અને લાંબા ઈન્વેસ્ટમેન્ટ સાયકલને સમજતા હોય. નવા ચેરમેનની પસંદગી પ્રક્રિયામાં વહીવટી અને કાનૂની અડચણ છે. મહારાષ્ટ્ર ચેરિટી કમિશનરના એક નિર્દેશને કારણે સર રતન ટાટા ટ્રસ્ટ (SRTT) હાલમાં તેના ટ્રસ્ટીઓની બેઠક યોજી શકતું નથી. આ કારણે સમિતિમાં ટ્રસ્ટ વતી 3 સભ્યોને નોમિનેટ કરવાની પ્રક્રિયા પ્રભાવિત થઈ શકે છે, જે ચંદ્રશેખરનના ઉત્તરાધિકારીની પસંદગીમાં એક નવી ગૂંચ બની ગઈ છે. 2016માં જ્યારે સાયરસ મિસ્ત્રીને પદ પરથી હટાવવામાં આવ્યા હતા, ત્યારે રતન ટાટાએ 78 વર્ષની ઉંમરે વચગાળાના ચેરમેનની જવાબદારી સંભાળી હતી. આ પછી ચંદ્રશેખરનને ચેરમેન બનાવવામાં આવ્યા હતા. જોકે, નોએલ ટાટા આ વખતે તે રસ્તો અપનાવી શકતા નથી. વર્ષ 2022માં ટાટા સન્સના નિયમોમાં સુધારો કરવામાં આવ્યો હતો, જે અંતર્ગત ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન એકસાથે ટાટા સન્સના ચેરમેન બની શકતા નથી. રતન ટાટા જ અંતિમ વ્યક્તિ હતા જેમણે બંને પદો એકસાથે સંભાળ્યા હતા. નોએલ ટાટા આ વર્ષે નવેમ્બરમાં 70 વર્ષના થઈ રહ્યા છે. ટાટા ગ્રુપની નીતિ અનુસાર નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટર્સ માટે નિવૃત્તિની ઉંમર 70 વર્ષ નક્કી કરવામાં આવી છે. આ અંતર્ગત તેઓ ગ્રુપની અન્ય કંપનીઓના બોર્ડમાંથી નિવૃત્ત થઈ જશે. જોકે, તેઓ ટાટા સન્સના બોર્ડમાં ડિરેક્ટર બની રહેશે, કારણ કે તેઓ ટ્રસ્ટના નોમિની છે અને ટ્રસ્ટના નોમિની પર નિવૃત્તિની ઉંમરની મર્યાદા લાગુ પડતી નથી.

# સેન્સેક્સ 114 પોઈન્ટ વધીને 78080 પર બંધ: નિફ્ટી 40 પોઈન્ટ ગગડીને 24396 પર આવ્યો, બેન્કિંગ અને મેટલ શેર્સમાં વધુ વેચવાલી રહી

મુંબઈ, તા.13

ભારતીય શેરબજારમાં ૧૩ ઓગસ્ટના રોજ મિશ્ર વલણ જોવા મળ્યું હતું. બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE)નો મુખ્ય બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૧૧૪ પોઈન્ટના સાધારણ વધારા સાથે ૭૮,૦૮૦ ના મજબૂત લેવલ પર બંધ થયો હતો. બીજી તરફ, નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE)નો નિફ્ટી ૪૦ પોઈન્ટ ઘટીને ૨૪,૩૯૬ ના મથાળે પહોંચ્યો હતો. દિવસ દરમિયાન બજારમાં ભારે ઉતાર-ચઢાવનો માહોલ રહ્યો હતો, જેમાં મુખ્યત્વે મેટલ, બેન્કિંગ અને એનર્જી ક્ષેત્રના શેરોમાં નફાવસૂલીના કારણે ભારે વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું, જ્યારે FMCG અને રિયલ્ટી ક્ષેત્રના શેરોમાં રોકાણકારોની નોંધપાત્ર ખરીદીને કારણે બજારને સારા પ્રમાણમાં ટેકો મળ્યો હતો.

આજના કારોબારમાં બજારના અન્ય સૂચકાંકો તરફ નજર કરીએ તો મિડકેપ ૫૦ ઈન્ડેક્સ ૪૦ પોઈન્ટ એટલે કે ૦.૨૨ ટકા વધીને ૧૮,૩૯૬ પર પહોંચ્યો હતો, જ્યારે સ્મોલકેપ ૫૦ ઈન્ડેક્સ ૨૯ પોઈન્ટ એટલે કે ૦.૨૯ ટકાના સુધારા સાથે ૯,૯૪૩ ના મથાળે બંધ રહ્યો હતો. નિફ્ટીના ટોપ ગેનર્સ એટલે કે સૌથી વધુ કમાણી કરાવી આપનારા શેરોમાં ટાટા



કન્ઝ્યુમર ૨૮.૬૦ (૨.૬૯%) વધીને ૧,૦૯૦.૫૦, TMPV ૬.૬૦ (૧.૯૨%) વધીને ૩૪૯.૬૦ અને NTPC ૪.૮૦ (૧.૪૧%) વધીને ૩૪૪.૨૫ પર બંધ રહ્યા હતા. આનાથી વિપરીત, નિફ્ટીના ટોપ લૂઝર્સ એટલે કે સૌથી વધુ નુકસાન પહોંચાડનારા શેરોમાં હિન્ડાલ્કો ૩૨.૨૫ (૨.૯૯%) ઘટીને ૧,૦૪૬.૨૫, ICICI બેંક ૨૪.૯૦ (૧.૭૪%) ઘટીને ૧,૪૦૬.૮૦ અને અલ્ટ્રાટેક સિમેન્ટ ૧૮૫.૦૦ (૧.૫૬%) તૂટીને ૧૧,૭૦૬.૦૦ ની સપાટીએ પહોંચ્યા હતા.

એશિયાઈ બજારોમાં આજે મિશ્ર પણ મોટે ભાગે સકારાત્મક કારોબાર જોવા મળ્યો હતો. દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ ૨૭૫ પોઈન્ટ (૪.૧૮%) ના જંગી ઉછાળા સાથે ૬,૮૪૯ પર પહોંચ્યો હતો. જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ ૧,૦૮૬ પોઈન્ટ (૧.૬૧%) ના મજબૂત વધારા સાથે ૬૮,૬૧૦ ની સપાટીએ બંધ થયો હતો, જ્યારે હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ માત્ર ૨ પોઈન્ટ (+૦.૦૨%) ના ફ્લેટ વધારા સાથે ૨૫,૪૪૨ ની સપાટી પર બંધ રહ્યો હતો. આ પહેલા ૧૨ ઓગસ્ટના રોજ અમેરિકી બજારોમાં મિશ્ર સંકેતો સાથે કારોબાર થયો હતો, જેમાં ડાઉ જોન્સ ૨૨ પોઈન્ટ (-૦.૦૪%) ઘટીને ૫૩,૭૭૦ પર બંધ રહ્યો હતો, જ્યારે નેસ્ડેક ૧૪૩ પોઈન્ટ (+૦.૫૪%) વધીને ૨૬,૫૮૮ અને S&P ૫૦૦ ઈન્ડેક્સ ૨૦ પોઈન્ટ (+૦.૨૬%) વધીને ૭,૭૪૯ પર રહ્યો હતો.

રોકાણકારોના પ્રવાહ અંગે વાત કરીએ તો દેશી અને વિદેશી નાણાકીય સંસ્થાઓનું વલણ અલગ-અલગ રહ્યું છે. છેલ્લા ૭ દિવસના કારોબારમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FII/FPI) એ ભારતીય બજારમાં ૧,૪૯૪ કરોડની ચોખ્ખી ખરીદી નોંધાવી છે. લેટેસ્ટ આંકડા મુજબ, ઘરેલુ સંસ્થાકીય રોકાણકારો (DII) એ એક જ દિવસમાં ૫,૮૪૨ કરોડનું જંગી રોકાણ કર્યું છે, જે છેલ્લા ૭ દિવસમાં ૪,૮૧૨ કરોડ અને છેલ્લા ૩૦ દિવસમાં ૩૧,૦૭૮ કરોડનું સકારાત્મક રોકાણ દર્શાવે છે. સામે પક્ષે, વિદેશી રોકાણકારોએ લેટેસ્ટ સેશનમાં ૧,૦૦૩ કરોડની વેચવાલી કરી હતી, પરંતુ છેલ્લા ૭ દિવસમાં ૧,૭૧૧ કરોડની ચોખ્ખી ખરીદી કરી છે.

# મહિને 25000 પગાર હશે તો પણ મળશે પેન્શન!: ATMથી ઉપાડી શકશો PFના પૈસા, EPFOના નિયમોમાં બદલાવ

નવી દિલ્હી, તા.13

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) હેઠળ એક મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. આ ફેરફાર પગાર અને પેન્શનને લઈને થવાનો છે. સમાચાર છે કે સંગઠિત ક્ષેત્રમાં કામ કરતા લાખો કર્મચારીઓને પણ પેન્શનનો લાભ મળી શકે છે, જેમનો મૂળ પગાર 25,000 રૂપિયા છે. કારણ કે EPFOની ફરજિયાત પગાર મર્યાદા 15,000 રૂપિયાથી વધારીને 25,000 કરવામાં આવી છે. સૂત્રો અનુસાર, આ મર્યાદા સપ્ટેમ્બર 2014માં છેલ્લીવાર સંશોધિત થયા પછી યથાવત રહી છે, એટલે કે લગભગ 12 વર્ષ પહેલાં ફેરફાર થયો હતો. રિપોર્ટ અનુસાર, તેમણે આગળ કહ્યું કે નવી મર્યાદાનો ઉદ્દેશ્ય કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનના PF અને પેન્શન કવરેજને વધુ પગારદાર કર્મચારીઓ સુધી ફેલાવવાનો છે.

નાણા મંત્રાલયે કર્મચારી ભવિષ્ય નિધિ (EPF) અને કર્મચારી પેન્શન યોજના (EPS) હેઠળ ફરજિયાત પગાર મર્યાદાને 15000 રૂપિયાથી વધારીને 25,000 રૂપિયા કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. હવે તેને કેન્દ્રીય કેબિનેટ પાસે મોકલવામાં આવશે. આ નિયમ 20 કે તેથી વધુ કર્મચારીઓ ધરાવતી તમામ રજિસ્ટર્ડ કંપનીઓ પર લાગુ પડશે.

ફરજિયાત પગાર મર્યાદા તે મહત્તમ મૂળભૂત પગાર છે, જેના પર પ્રોવિડન્ટ ફંડ (PF) અને પેન્શન (EPS)માં યોગદાન આપવું ફરજિયાત હોય છે. હાલમાં આ મર્યાદા 15,000 રૂપિયા છે, જેને વધારીને દર મહિને 25,000 રૂપિયા કરવાનો વિચાર છે. જોકે, જો તેનાથી વધુ પગાર હોય તો તેમને તેમાંથી બહાર થવાનો વિકલ્પ હતો અને કંપની 15000 રૂપિયા સુધી જ ફરજિયાત યોગદાન આપે છે.

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠને આ વર્ષે ઘણા મોટા બદલાવ કર્યા છે અને આ અપડેટ્સ EPF સભ્યો, પગારદાર કર્મચારીઓને જમા ભંડોળ સુધી પહોંચવા સાથે જ એકાઉન્ટ ટ્રાન્સફર, કાગળ વગર ઝડપથી PF ના પૈસા ઉપાડવાનું સરળ બનાવી રહ્યા છે. 2026 માં EPFO દ્વારા કરવામાં આવી રહેલા આવા જ પાંચ મોટા બદલાવો પર એક નજર કરીએ, જેમાંથી કેટલાક લાગુ થઈ ચૂક્યા છે, તો કેટલાક



જલ્દી લાગુ થઈ શકે છે.

EPFO બદલાવોમાં ઓટો સેટલમેન્ટ લાભનો વિસ્તાર સામેલ છે. ગત મે મહિનામાં EPFO ના કેન્દ્રીય ભવિષ્ય નિધિ આયુક્ત રમેશ કૃષ્ણમૂર્તિ તરફથી જણાવવામાં આવ્યું હતું કે અમે જ્યાં સુધી શક્ય હોય, ઓટો-સેટલમેન્ટની સુવિધા શરૂ કરવા જઈ રહ્યા છીએ, જે પહેલાં ફક્ત એડવાન્સ્ડ વિડ્રોઅલ માટે ઉપલબ્ધ હતી. હવે અમે PF ઓટો સેટલમેન્ટ પ્રક્રિયાનો વિસ્તાર કરતા અંતિમ ઉપાડ માટે પણ તેને શરૂ કરવા જઈ રહ્યા છીએ. જણાવી દઈએ કે ઓટો-સેટલમેન્ટ દ્વારા ફક્ત 5 લાખ રૂપિયા સુધીના PF દાવાઓ પ્રોસેસ કરવામાં આવે છે.

UAN એક્ટિવેશનને હવે Umang App પર ટ્રાન્સફર કરી દેવામાં આવ્યું છે. નવા અથવા હાલના EPFO સભ્યો હવે મેમ્બર પોર્ટલ દ્વારા પોતાનો યુનિવર્સલ એકાઉન્ટ નંબર એક્ટિવેટ અથવા જનરેટ નહીં કરી શકે, કારણ કે બંને સેવાઓ ઉમંગ એપ પર ટ્રાન્સફર કરવામાં આવી છે, જેના માટે હવે આધાર-આધારિત ફેસ ઓથેન્ટિકેશનની જરૂર પડશે. આ બદલાવ એક મોટા ડેટાબેઝ અને સોફ્ટવેર અપગ્રેડ પછી કરવામાં આવ્યો છે, જેનો ઉદ્દેશ્ય EPFO ની ઓનલાઈન સેવાઓને ઝડપી અને વધુ વિશ્વસનીય બનાવવાનો છે.

EPFO એ કર્મચારીઓ માટે એમ્પ્લોયર બદલ્યા પછી પોતાના PF બેલેન્સને ટ્રાન્સફર કરવાનું પણ સરળ બનાવી દીધું છે. કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનની વેબસાઈટ અનુસાર, આધાર સાથે જોડાયેલા અને KYC કરેલાં UAN હોલ્ડર્સ માટે આખી પ્રક્રિયા ઓટોમેટિક હોવાના મોટા ફાયદા છે, કારણ કે તેનાથી અલગ-અલગ ટ્રાન્સફર અરજીઓ જમા કરવાની જરૂરિયાત સમાપ્ત થઈ જાય છે અને કાગળની કાર્યવાહી સહિત અન્ય પરેશાનીઓ પણ ઓછી થઈ જાય છે. પહેલાં PF ખાતાઓના ટ્રાન્સફર માટે પાછલા એમ્પ્લોયર, નવા એમ્પ્લોયર અને EPFO કાર્યાલયને વિનંતી કરવી પડતી હતી.

કેન્દ્રીય ભવિષ્ય નિધિ કમિશનર રમેશ કૃષ્ણમૂર્તિએ એક કાર્યક્રમ દરમિયાન PF ઉપાડના દાવાઓના ઝડપી નિકાલ અંગે પણ એક મોટું અપડેટ આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે EPF સભ્યો દ્વારા દાખલ કરાયેલા મોટાભાગના નવા PF ઉપાડના દાવાઓનો નિકાલ તે જ દિવસે અથવા વધુમાં વધુ બે દિવસમાં કરી દેવામાં આવશે. EPF-2026 પાત્ર પેન્શન દાવાઓના સેટલમેન્ટ માટે 20 દિવસની કડક સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે.

BHIM એપ દ્વારા ભવિષ્ય નિધિ દાવાઓના નિકાલની સુવિધા ટૂંક સમયમાં શરૂ થવાની અપેક્ષા છે, જેનાથી કરવામાં આવેલા ક્લેમને સીધા સભ્યોના UPI સાથે જોડાયેલા બેંક ખાતાઓમાં જમા કરી શકાશે. ગત જુલાઈ મહિનામાં શ્રમ મંત્રી તરફથી કહેવામાં આવ્યું હતું કે BHIM એપ દ્વારા ક્લેમ સેટલમેન્ટ પ્રક્રિયા શરૂ થશે અને તેને એક મહિનામાં લાગુ કરવાની અપેક્ષા હતી. UPI-ATM થી PF માં જમા પૈસા ઉપાડવાની સુવિધા પણ ટૂંક સમયમાં મળી શકે છે, જોકે આ સંબંધમાં હજુ સુધી કોઈ વધુ સ્પષ્ટતા કે અપડેટ આવ્યું નથી.

# બોમ્બે હાઈકોર્ટે કહ્યું- માલ્યા-SBI વિવાદ ખતમ કરો: આનાથી દેશની અર્થવ્યવસ્થા પર ખરાબ અસર પડી રહી છે, ED પાસેથી સંપત્તિઓની વિગતો માગી

મુંબઈ, તા.13

બોમ્બે હાઈકોર્ટે ભાગેડુ ભારતીય ઉદ્યોગપતિ વિજય માલ્યા અને વિવિધ બેંકોના કન્સોર્ટિયમ વચ્ચે છેલ્લા એક દાયકાથી ચાલી રહેલા કોમર્શિયલ વિવાદને હવે વહેલી તકે સમાપ્ત કરવા અંગે અત્યંત મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. જસ્ટિસ મિલિંદ જાધવની સિંગલ જજ બેન્ચે વિજય માલ્યાની અરજી પર સુનાવણી કરતી વખતે મામલાની ગંભીરતા નોંધાવી હતી અને તપાસ એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) પાસેથી આ કેસની વર્તમાન તપાસની સ્થિતિ તથા અત્યાર સુધી જપ્ત કરાયેલી તમામ સંપત્તિઓની વિગતવાર લેખિત માહિતી માગી છે.

સુનાવણી દરમિયાન કોર્ટે ચિંતા વ્યક્ત કરતા સ્પષ્ટ જણાવ્યું હતું કે જો બંને પક્ષો આ વિવાદને વહેલી તકે ઉકેલીને આગળ નહીં વધે, તો તેની સીધી અને નકારાત્મક અસર દેશની અર્થવ્યવસ્થા પર પડી શકે છે. અદાલતે ભારપૂર્વક કહ્યું કે લગભગ દસ વર્ષ જેટલા લાંબા સમયથી ચાલી રહેલા આ હાઈ-પ્રોફાઈલ મામલાને હવે એક તાર્કિક અંત એટલે કે લોજિકલ કન્ક્લુઝન સુધી પહોંચાડવો અનિવાર્ય છે. ૭૦ વર્ષીય વિજય માલ્યાએ હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને તેની જપ્ત સંપત્તિઓને બેંકોને સોંપવાના આદેશને અયોગ્ય અને ગેરકાયદેસર ગણાવ્યો હતો. આ સંદર્ભમાં કોર્ટે ટાંક્યું હતું કે મોટાભાગના વ્યાપારી કે કોમર્શિયલ વિવાદોનો ઉકેલ ઘણીવાર તે વિવાદોની અંદર જ છુપાયેલો હોય છે, તેથી પક્ષકારોએ પરસ્પર કાનૂની ગૂંચવણોમાં અટવાઈ રહેવાને બદલે વ્યવહારિક સમાધાન (પ્રેક્ટિકલ સોલ્યુશન) શોધવાની દિશામાં આગળ વધવું જોઈએ.

ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૦માં વિજય માલ્યાએ વિશેષ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) કોર્ટના તે નિર્ણયને સક્ષમ અદાલતમાં પડકાર્યો હતો, જેમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) ની આગેવાની હેઠળના ભારતીય બેંકોના સમૂહને ED દ્વારા જપ્ત કરવામાં આવેલી માલ્યાની સંપત્તિઓનો ઉપયોગ કરવાની સ્પષ્ટ મંજૂરી આપવામાં આવી હતી. હવે બંધ થઈ ગયેલી કિંગફિશર એરલાઈન્સ (KFA) ના



પ્રમોટર વિજય માલ્યા પર દેશની વિવિધ રાષ્ટ્રીયકૃત અને ખાનગી બેંકો પાસેથી લીધેલી આશરે ૯,૦૦૦ કરોડથી વધુની લોનની રકમ ન ચૂકવવાનો અને લોન ડિફોલ્ટ કરવાનો ગંભીર આરોપ છે.

નાણાકીય ગેરરીતિઓ સામે આવ્યા બાદ વિજય માલ્યા માર્ચ ૨૦૧૬માં કાનૂની કાર્યવાહીથી બચવા માટે ભારત છોડીને યુનાઈટેડ કિંગડમ (UK) ભાગી ગયો હતો. ત્યારબાદ વર્ષ ૨૦૧૯માં ભારતીય અધિકારીઓએ ભાગેડુ આર્થિક અપરાધી અધિનિયમ (FEOA) હેઠળ તેને વિધિવત રીતે 'ભાગેડુ આર્થિક અપરાધી' જાહેર કર્યો હતો. આ કાયદો લાગુ થવાથી તપાસ એજન્સીઓને તેની તમામ ચલ અને અચલ સંપત્તિઓ જપ્ત કરવાનો કાનૂની અધિકાર મળ્યો છે, જ્યારે ભારત સરકાર તેને ભારત પરત લાવવા માટે યુકેની અદાલતોમાં પ્રત્યાર્પણ (Extradition) ની કાનૂની લડાઈ લડી રહી છે.

આ અગાઉ ફેબ્રુઆરી મહિનામાં ચીફ જસ્ટિસ શ્રી ચંદ્રશેખર અને જસ્ટિસ ગૌતમ અનખડની બેન્ચે માલ્યાની અન્ય બે અરજીઓ પર સુનાવણી કરી હતી, જેમાં FEOA હેઠળ પોતાને ભાગેડુ જાહેર કરવાના આદેશને ચુસ્તપણે પડકારવામાં આવ્યો હતો. ૧૨ ફેબ્રુઆરીની સુનાવણી દરમિયાન કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું હતું કે જ્યાં સુધી માલ્યા ભારતમાં રૂબરૂ આવીને અદાલતના અધિકારક્ષેત્ર સામે આત્મસમર્પણ (સરન્ડર) નથી કરતો, ત્યાં સુધી તેની રાહત સંબંધિત કોઈ પણ અરજી પર વિચાર કરવામાં આવશે નહીં.

ત્યારબાદ ૧૮ ફેબ્રુઆરીએ થયેલી આગામી સુનાવણીમાં માલ્યા તરફથી રજૂ થયેલા વકીલે અદાલતને જણાવ્યું હતું કે ઈંગ્લેન્ડની અદાલતો દ્વારા લાદવામાં આવેલા વિવિધ પ્રતિબંધોને કારણે માલ્યા હાલમાં નિશ્ચિતપણે કહી શકતો નથી કે તે ભારત ક્યારે પાછો ફરી શકશે. માલ્યા વતી હાજર રહેલા સિનિયર એડવોકેટ અમિત દેસાઈએ દેશની સર્વોચ્ચ અદાલતના વિવિધ ચુકાદાઓનો હવાલો આપતા વિનંતી કરી હતી કે અરજદારની ભૌતિક ગેરહાજરી હોવા છતાં બંધારણીય અદાલતો રિટ અરજીઓ પર નિર્ણય આપી શકે છે, તેથી બંને અરજીઓ પર અલગથી સુનાવણી હાથ ધરવી જોઈએ.

આ સમગ્ર મામલામાં ભાગેડુ આર્થિક અપરાધી અધિનિયમ (FEOA) ખૂબ જ નિર્ણાયક ભૂમિકા ભજવે છે. આ કાયદો ખાસ કરીને એવા મોટા આર્થિક અપરાધીઓ પર કાનૂની શિકંજો કસવા માટે ઘડવામાં આવ્યો છે જેઓ ભારતીય અદાલતોની કાર્યવાહી અને ધરપકડથી બચવા માટે દેશ છોડીને વિદેશ ભાગી જાય છે. FEOA હેઠળ અદાલતોને કેસની આખરી સુનાવણી કે ટ્રાયલ પૂર્ણ થાય તે પહેલાં જ આરોપીની દેશ અને વિદેશમાં આવેલી તમામ સંપત્તિઓને ટાંચમાં લેવાનો, જપ્ત કરવાનો અને તેની હરાજી કે વેચાણ કરીને બેંકોની કરોડો રૂપિયાની બાકી રકમ વસૂલ કરવાનો આત્યંતિક અધિકાર પ્રાપ્ત થાય છે.

# મુથૂટ ફિનકોર્પ ₹3,000 કરોડનો IPO લાવશે: સેબી પાસે DRHP જમા કરાવ્યો, બધા પૈસો નવા શેર જારી કરીને ભેગા કરવામાં આવશે

મુંબઈ, તા.13

દેશની અગ્રણી નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપની (NBFC) મુથૂટ ફિનકોર્પ લિમિટેડ ભારતીય શેરબજારમાં પોતાનો ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ એટલે કે IPO લાવવાની જોરશોરથી તૈયારી કરી રહી છે. આ સંદર્ભમાં કંપનીએ ૩,૦૦૦ કરોડ મૂલ્યનો પબ્લિક ઈશ્યૂ રજૂ કરવા માટે કેપિટલ માર્કેટ રેગ્યુલેટર સેબી (SEBI) સમક્ષ પોતાના ડ્રાફ્ટ પેપર્સ એટલે કે ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (DRHP) સફળતાપૂર્વક રજૂ કરી દીધા છે. બુધવારે ફાઈલ કરવામાં આવેલા આ ડ્રાફ્ટ દસ્તાવેજો અનુસાર, આ સમગ્ર IPO સંપૂર્ણપણે 'ફ્રેશ ઈશ્યૂ' પ્રકારનો રહેશે. આનો સીધો અર્થ એ થાય છે કે IPO દરમિયાન માત્ર નવા શેર જ જારી કરવામાં આવશે અને તેમાં પ્રમોટર્સ કે જૂના રોકાણકારો દ્વારા કોઈ પણ પ્રકારનો 'ઓફર ફોર સેલ' (OFS) સમાવવામાં આવ્યો નથી. પરિણામે, IPO દ્વારા એકત્રિત કરવામાં આવનારી તમામ ૩,૦૦૦ કરોડની રકમ સીધી કંપનીના ખાતામાં જશે.

બજારમાં 'ફ્રેશ ઈશ્યૂ' અને 'ઓફર ફોર સેલ' વચ્ચેનો તફાવત સમજવો ખૂબ જ જરૂરી છે. જ્યારે કોઈ કંપની ફ્રેશ ઈશ્યૂ રજૂ કરે છે



ત્યારે તે નવા શેરનું સર્જન કરે છે અને તેમાંથી મળેલું તમામ ભંડોળ કંપનીના પોતાના ખાતામાં આવે છે, જેનો ઉપયોગ વ્યવસાયના વિસ્તરણ, નવી યોજનાઓ કે દેવાની ચુકવણી માટે થાય છે. આનાથી વિપરીત, ઓફર ફોર સેલ (OFS) માં કંપનીના વર્તમાન પ્રમોટર્સ અથવા શરૂઆતી રોકાણકારો પોતાના હિસ્સાના જૂના શેર વેચે છે, જેથી તેમાંથી મળતી રકમ કંપનીને બદલે સીધી શેર વેચનાર વ્યક્તિ કે સંસ્થા પાસે જાય છે. મુથૂટ ફિનકોર્પના કિસ્સામાં આ બધી જ રકમ કંપનીના ખાતામાં જવાની હોવાથી તેનો ઉપયોગ ટિયર-૧ કેપિટલ બેઝને વધુ મજબૂત કરવા માટે કરવામાં આવશે, જેથી કંપનીની ભવિષ્યમાં વધુ લોન આપવાની ક્ષમતામાં વધારો થશે અને તેનાથી ધંધાકીય ગ્રોથને નવી પાંખો મળશે.

મુથૂટ ફિનકોર્પ એ ભારતભરમાં જાણીતા 'મુથૂટ પપ્પાચન ગ્રુપ' નો એક મહત્વપૂર્ણ ભાગ છે, જેની સ્થાપના વર્ષ ૧૮૮૭ માં થઈ હતી. આ રીતે ૧૩૯ વર્ષથી પણ વધુ જૂનો સમૃદ્ધ ઈતિહાસ ધરાવતું આ ગ્રુપ છેલ્લા બે દાયકા કરતાં પણ વધુ સમયથી મુખ્યત્વે ગોલ્ડ લોન સેગમેન્ટમાં પોતાનું વર્ચસ્વ ધરાવે છે. અલબત્ત, સમય સાથે કંપનીએ પોતાના પોર્ટફોલિયોમાં વૈવિધ્ય લાવીને માત્ર ગોલ્ડ લોન પૂરતું સીમિત રહેવાને બદલે બિઝનેસ લોન, પ્રોપર્ટી સામે લોન (LAP), સપ્લાય ચેઈન ફાઈનાન્સિંગ, ડિજિટલ ધિરાણ, માઈક્રોફાઈનાન્સ અને હાઉસિંગ લોન જેવી વિવિધ નાણાકીય સેવાઓ પૂરી પાડવાનું પણ શરૂ કર્યું છે. કંપનીના નેટવર્ક અને વ્યાપની વાત કરીએ તો, ૩૧ માર્ચ ૨૦૨૬ સુધીના તાજેતરના અહેવાલો મુજબ મુથૂટ ફિનકોર્પનું કુલ એસેટ્સ અંડર મેનેજમેન્ટ (AUM) ૭૩,૪૪૪.૭૨ કરોડની જંગી સપાટીએ પહોંચી ગયું છે. કંપની સમગ્ર દેશમાં ૫,૬૧૦ થી પણ વધુ સક્રિય શાખાઓનું વિશાળ ભૌતિક નેટવર્ક ધરાવે છે. આ સિવાય, બદલાતા ડિજિટલ યુગ સાથે કદમ મિલાવતા કંપનીના પોતાના ડિજિટલ પ્લેટફોર્મ 'Muthoot FinCorp ONE' નો ઉપયોગ કરનારા રજિસ્ટર્ડ યુઝર્સની સંખ્યા પણ ૪૨.૬ લાખથી વધુ થઈ ચૂકી છે, જે દર્શાવે છે.

# રાજુ ગેંડીના પરિવાર અને કમલ ઉર્ફે સાબરમતી વચ્ચે મારામારી

## સરદારનગરમાં પૈસાની લેતીદેતીમાં બબાલ, યુવકને એટલી હદે માર્યો કે કપડા ફાડી નાખ્યા

**અમદાવાદ, તા.13**

શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેને લઈને રાત્રે પોલીસ દ્વારા નાઈટ ચેકિંગ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. જોકે અસામાજિક તત્વો પોલીસનો કોઈ ડર ન હોય તેમ જાહેર રોડ ઉપર મારામારી કરતા હોવાનો બનાવ શહેરના સરદારનગર વિસ્તારમાં બન્યો છે. પૈસાની લેતીદેતીમાં કુખ્યાત બુટલેગર રાજુ ગેંડીના પરિવારજનો અને કમલ ઉર્ફે સાબરમતીના પરિવારજનો વચ્ચે મારામારીનો બનાવ બન્યો હતો. એરપોર્ટ પોલીસે બંને વિરુદ્ધ સામસામે ફરિયાદ નોંધવા કાર્યવાહી શરૂ કરી છે.



મળતી માહિતી મુજબ શહેરના એસપી રીંગ રોડ પર અગોરા મોલની પાછળ બાલાજી અગોરા રેસીડેન્સીમાં કમલ ઉર્ફે સાબરમતી નંદવાણી તેના પરિવાર સાથે રહે છે અને ઘરેથી પ્લાયવુડનો ધંધો કરે છે. 10 ઓગસ્ટના રોજ રાત્રે તેના મિત્રોનો ફોન આવ્યો હતો કે સરદાર નગર ખાતે રહેતો હરેશ ક્રિષ્નાનીને તારું કંઈ કામ છે જેથી મળવા માંગે છે. આ બાબતે હરેશને ફોન કરતા તેણે કહ્યું હતું કે, સરદારનગર બગીચા પાસે આવો આપણે વાત કરી લઈએ. જેથી તેઓ સરદાર નગર બગીચા પાસે ગયા હતા જ્યાં હરેશ ક્રિષ્નાની મળી આવ્યો નહોતો. ત્યારબાદ તે પોતે ત્યાંથી તેના ઘર બાજુ થઈ અને પરત બગીચા પાસે આવ્યો હતો ત્યારે હરેશ ક્રિષ્નાની અને તેનો દીકરો હર્ષ ક્રિષ્નાની તેમજ બુટલેગર રાજુ ગેંડીનો દીકરો વિક્કી ત્યાં હાજર હતા.

હરેશ ક્રિષ્નાનીનો દીકરો હર્ષ કમલ પાસે આવ્યો હતો અને તેના મોઢા ઉપર મુકો માર્યો હતો. જેથી તેઓ નીચે પડી ગયા હતા ત્યારબાદ હર્ષ, હરેશ અને વિક્કીએ ગડદાપાટુ મારવાનું શરૂ કર્યું હતું અને હરેશ લાકડી લઈને આવ્યો હતો અને માર મારવા લાગ્યો હતો. માર એવો માર્યો હતો કે, જેનાથી કપડાં પણ ફાટી ગયા હતા અને લાકડીઓ પણ તૂટી ગઈ હતી. બૂમાબૂમ બૂમ કરતા આજુબાજુના લોકો ભેગા થઈ ગયા હતા તેટલામાં હરેશ ની પત્ની અને વિકીની મમ્મી ભારતીબેન દોડી આવ્યા હતા અને ગાળો બોલી હતી આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરતા એરપોર્ટ પોલીસ સ્થળ ઉપર આવી હતી.

બીજી તરફ હરેશ ક્રિષ્નાનીની પત્ની સીમરન દ્વારા સરદાર નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે કે, રાત્રે 10:30 વાગ્યાની આસપાસ તેમના ઘરે હાજર હતા ત્યારે કોઈએ હરેશની બૂમ પાડી હતી જેથી તેઓએ જોતા કમલ નંદવાણી આવ્યો હતો અને હરેશ ઘરે નથી તેવું કહ્યું હતું કમલ નંદવાણી એ કહ્યું હતું કે મારે તેની પાસેથી પૈસા લેવાના છે તે અને ગાળો બોલવા લાગ્યો હતો. બાદમાં ત્યાંથી જતો રહ્યો હતો જેથી આ બાબતે તેમણે તેમના પતિને જાણ કરતા થોડીવારમાં ઘરે બહાર નાકા પર જોતા બુમા બૂમ થતી હતી જેથી કમલ નંદવાણી તેમના પતિ હરેશ અને દીકરા હર્ષ ને માર મારતા હતા જેથી વચ્ચે પડી અને તેમને છોડાવ્યા હતા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ આવી પહોંચી હતી. એરપોર્ટ પોલીસ દ્વારા સરદારનગર વિસ્તારમાં બગીચા પાસે મારામારીનો વીડિયો પણ વાયરલ થયો હતો. માર એટલી હદે મારવામાં આવ્યો હતો કે કપડાં પણ ફાડી નાખવામાં આવ્યા હતા મુક્કા અને લાતોથી માર મારવાની ઘટનાનો વિડીયો આ વાયરલ થયો હતો. ઉલ્લેખનીય છે કે શહેરના સરદાર નગર વિસ્તારમાં કમલ ઉર્ફે નંદવાણી અને રાજુ ગેંડી વચ્ચે અવારનવાર બોલા ચાલીના બનાવો બની ચૂકેલા છે તેમજ રાજુ ગેંડી અને તેના ભાઈ સહિતના વિરુદ્ધ પણ ગુના નોંધાયેલા છે.

# કાલુપુરમાં આંગડિયા પેઢીમાંથી 75 લાખની છેતરપિંડી કરતી ગેંગના બે સાગરીત ઝડપાયા

**અમદાવાદ, તા.13**



અમદાવાદમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ ઝોન-3 દ્વારા કાલુપુરમાં થયેલી એક છેતરપિંડીનો ભેદ ઉકેલવામાં આવ્યો છે. પૃથ્વીરાજ કોઠારીના નામે ખોટી ઓળખ આપીને આંગડિયા પેઢીમાંથી 75 લાખ રૂપિયાની રકમ પડાવી લેનાર ગેંગના મુખ્ય સુત્રધાર સહિત 2 આરોપીઓની પોલીસે ધરપકડ કરી છે. આ મુખ્ય આરોપી પર ભૂતકાળમાં પણ 20 જેટલા ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. પોલીસે તેમની પાસેથી લાખો રૂપિયાની રોકડ રકમ અને મોબાઈલ ફોન જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, તેલંગાણાના હૈદરાબાદ ખાતે રહેતા રોહિતકુમાર જૈન નામના ફરિયાદીને આઠમી જુલાઈના રોજ એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ પૃથ્વીરાજ કોઠારી તરીકે આપીને રોહિતકુમારને વિશ્વાસમાં લીધો હતો અને હૈદરાબાદથી અમદાવાદના કાલુપુર ખાતે 75,00,000 રૂપિયાનું આંગડિયું કરવા જણાવ્યું હતું. ત્યારબાદ આરોપીએ પોતાના મિત્ર તરીકે અશોક જૈન અને બાબુ નામની ખોટી ઓળખ આપીને પૈસા લેવાની વ્યવસ્થા કરી હતી. રોહિતકુમારે કાલુપુરની આર. ગણેશ આંગડિયા પેઢીમાં આ રકમ મોકલાવી હતી, જે રકમ બાબુ તરીકે ગયેલા આરોપીએ મેળવી લીધી હતી અને ત્યારબાદ ત્રણેયે પોતાના ફોન બંધ કરી દીધા હતા.

બાતમીના આધારે પોલીસે 12મી ઓગસ્ટના રોજ રાજસ્થાનના વતની મોડસિંગ ઉર્ફે વિક્રમસિંગ રાજપુરોહિત અને બનાસકાંઠાના ભરતગીરી ગોસ્વામીને ઝડપી પાડ્યા હતા. પોલીસ પૂછપરછમાં સામે આવ્યું છે કે બાબુ તરીકે પૈસા લેવા જનાર ભરતગીરી હતો અને અશોક જૈન તરીકે દિલીપ વૈષ્ણવ નામનો શખસ હતો. પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી 25,00,000 રૂપિયા રોકડા અને 5 મોબાઈલ ફોન મળીને કુલ 25,52,000 રૂપિયાનો મુદ્દામાલ રિકવર કર્યો છે. મુખ્ય આરોપી મોડસિંગનો મોટો ગુનાઈત ઈતિહાસ છે અને તેની સામે અગાઉ કાલુપુર, ગુજરાત યુનિવર્સિટી, સેટેલાઈટ અને વસ્ત્રાપુર સહિતના વિવિધ પોલીસ સ્ટેશનમાં 18 ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસ ચોપડે નોંધાયા છે.

# 'હું એના વગર નહીં જીવી શકું...' પતિએ તરછોડતા પેટલાદની દીકરીએ સાબરમતીમાં ઝંપલાવી જીવ ટૂંકાવ્યો

**અમદાવાદ, તા.13**

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ (પૂર્વ) ખાતે પેટલાદની એક 17 વર્ષીય સગીરાએ નદીમાં ઝંપલાવીને આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. પતિના સતત શારીરિક-માનસિક ત્રાસ અને ઘરમાંથી કાઢી મૂકવાના વર્તનથી કંટાળીને સગીરાએ આ આત્યંતિક પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.



મળતી માહિતી મુજબ, મૃતક સગીરાએ ફરદીન શેખ નામના યુવક સાથે પ્રેમલગ્ન કર્યા હતા. પરંતુ લગ્નના થોડા સમય બાદ જ પતિ ફરદીન શેખ દ્વારા તેને સતત શારીરિક અને માનસિક યાતનાઓ આપવામાં આવતી હતી. ત્રાસની હદ ત્યારે વટાવી ગઈ જ્યારે પતિએ તેણીને ઘરની બહાર કાઢી મૂકી હતી. સતત મળતા ત્રાસ અને ઘરબાર વિનાની થઈ ગયેલી સગીરાએ અત્યંત હતાશ થઈને સાબરમતી નદીમાં કૂદી પોતાની જીવનલીલા સંકેલી લીધી હતી.

સગીરાએ વીડિયો બનાવી સાબરમતી નદીમાં કૂદીને આપઘાત કર્યો હતો. અંતિમ વીડિયોમાં સગીરાએ કહ્યું કે, 'હું મારી પોતાની મરજીથી આ દુનિયા છોડી રહી છું. મને મારી અમ્મી, મારા ભાઈઓ અને મારા પપ્પાએ બહુ સારી રીતે રાખ્યા હતા, મારી દરેક ખુશીઓ પૂરી કરી હતી અને મારી પોતાની પસંદગીથી જ મારા લગ્ન પણ કરાવ્યા હતા. પરંતુ ખબર નહીં કેમ પણ તેમણે મને છોડી દીધી અને ડિવોર્સ આપી દીધા અને હવે હું તેના વગર બિલકુલ જીવી શકતી નથી. આજ સાત દિવસ થઈ ગયા છે, મેં તેની પાસે ઘણી માફી માંગી અને હું તેના પગે પડવા પણ તૈયાર થઈ ગઈ, પણ તેને મારા પર સહેજ પણ દયા ન આવી અને મને અપનાવવાની ચોખ્ખી ના પાડી દીધી. તેણે મારી જિંદગી બરબાદ કરી નાખી છે અને મેરી રૂહ પહલે મર ગઈ, આજ શરીર માર રહી હું, અમ્મી તું તારું પોતાનું ધ્યાન રાખજે.'

ઘટના અંગે જાણ થતાં જ પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. સગીરાને આપઘાત કરવા મજબૂર કરવાના ગંભીર મામલે પોલીસે કડક કાર્યવાહી કરી છે. મૃતકના આરોપી પતિ ફરદીન શેખ સામે આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને આગળની વધુ કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# વેજલપુરમાં દુબઈથી વ્યાજખોરનો ધમકીભર્યો કોલ: વાડજમાં સરકારી મકાન અપાવવાની લાલચે છેતરપિંડી

**અમદાવાદ, તા.13**

અમદાવાદ શહેરમાં ગુનાહિત પ્રવૃત્તિઓની બે જુદી જુદી ઘટનાઓ સામે આવી છે. વાડજ વિસ્તારમાં રહેતી મહિલા પાસેથી સરકારી આવાસ યોજનામાં મકાન અપાવવાના નામે રૂ. 2.05 લાખની છેતરપિંડી આચરાઈ છે. જ્યારે બીજી ઘટનામાં વેજલપુરના કાપડના વેપારીને તેમના જમાઈની વ્યાજ-મુદ્દલની લેતીદેતી મામલે દુબઈથી જાનથી મારી નાખવાની ધમકી મળતાં બંને મામલે સંબંધિત પોલીસ સ્ટેશનોમાં ફરિયાદો નોંધાઈ છે. વાડજ વિસ્તારમાં શાકભાજીનો વેપાર કરતી ધનીબેન સોલંકી નામની મહિલાનો સંપર્ક છગનભાઈ ચૌહાણ અને મહેબૂબ ઉર્ફે બાબુભાઈ હુસેન સાથે થયો હતો. થોડા મહિના અગાઉ તેઓ વાસણામાં એક પ્રસંગમાં ગયા હતા, જ્યાં ચંડોળા તળાવ પાસે રહેતા છગન ચૌહાણ સાથે મુલાકાત થઈ હતી. તેમણે વાસણા વિસ્તારમાં



મ્યુનિસિપલ કોર્પોરેશનના સરકારી આવાસ યોજનામાં મકાન અપાવવાની વાત કરી હતી, જેના માટે મહેબૂબ ઉર્ફે બાબુભાઈ નામના વ્યક્તિને મળ્યા હતા. મકાન અપાવવાની વાત કરવા માટે ઘરે આવ્યા હતા.

વાસણા વિસ્તારમાં મકાન બતાવ્યું હતું અને બાદમાં ઈન્કમટેક્સ બ્રિજના છેડે ઔડાની ઓફિસ જે ફરિયાદ મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશનની ઓફિસનો ઉલ્લેખ કરવામાં આવ્યો, ત્યાં લઈ ગયા હતા. બાદમાં થોડીવાર બેસાડીને તેમની બેન પાસેથી 1.90 લાખ રૂપિયા લઈ લીધા હતા. બાદમાં પાંચ લાખ રૂપિયાની લોન કરાવવાની વાત કરી હતી. પૈસા લીધા બાદ તેમને દસ્તાવેજના બીજા 15,000 ભર્યા હતા અને બીજા પૈસા લઈને તેમણે કોઈ જવાબ આપ્યો નહીં. જે ફાઈલમાં મકાન નંબર લખ્યા હતા, ત્યાં જઈને તપાસ કરતા બીજા લોકો રહેતા હોવાનું સામે આવ્યું હતું, જેથી મકાન અપાવવાના બહાને લોકો સાથે છેતરપિંડી કરનાર મહેબૂબ અને અગાઉ ઈસનપુર પોલીસ સ્ટેશનમાં સરકારી આવાસ યોજનાના નામે પૈસાની છેતરપિંડીના ભોગ બનેલા છગન ચૌહાણ વિરુદ્ધ પણ તેમણે ફરિયાદ નોંધાવી છે. બીજા બનાવમાં જુહાપુરામાં કોહેતુર રેસીડેન્સીમાં રહેતા અને બહેરામપુરામાં નંદા ડાઈથી કાપડનું કારખાનું ધરાવતા ઈરફાન હવેલીવાલા નામના વ્યક્તિએ વેજલપુર પોલીસ સ્ટેશનમાં મુસા, શાનુ અને અતિક મંડલી સામે ફરિયાદ નોંધાવી છે કે 10 દિવસ પહેલા બે અજાણ્યા વ્યક્તિ તેમના ઘરે મળવા માટે આવ્યા હતા. તમારા જમાઈ આરીફ રંગરેજ પાસેથી વ્યાજ અને મુદ્દલના પૈસાની લેવાના નીકળે છે, જેથી તેમણે કહ્યું હતું કે તેનો વ્યવહાર તમે અંદરો અંદર સમજી લો, હું આરીફ વતી પૈસા નહીં આપું. જેથી તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો બોલ્યા હતા. બાદમાં નંબર લઈને મિસ કોલ કરી તમારા જમાઈ પૈસા નહીં આપે તો જોઈ લઈશ, તેવી ધમકી આપી હતી.

રાત્રે અજાણ્યા નંબરો ઉપરથી વોટ્સએપ કોલ આવ્યો હતો અને સામેવાળી વ્યક્તિએ કહ્યું કે, હું દુબઈથી અતિક મંડલી વાત કરું છું. તમને મળવા આવેલા માણસોએ તમારા જમાઈ પાસે પૈસા માંગ્યા હતા, જે પૈસા કેમ આપતા નથી? જો પૈસા નહીં આપો તો આખા પરિવારને જાનથી મારી નાખીશું. તમે અમારું કશું નહીં બગાડી શકો કહી ધમકી આપી હતી. જમાઈના પૈસાની લેતી દેતીમાં ધમકીઓ મળતા તેમણે વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# ઘરમાં પત્તા રમવા ગુનો નથી, જ્યાં સુધી તેમાં 'નફાનું તત્ત્વ' સાબિત ન થાય: ગુજરાત હાઈકોર્ટનો મહત્ત્વનો ચુકાદો

**અમદાવાદ, તા.13**

કોઈ વ્યક્તિગત ઘરમાં પત્તા રમવા એ 'ગુજરાત પ્રિવેન્શન ઓફ ગેમ્બલિંગ એક્ટ, 1887' (જુગાર ધારો) હેઠળ ગુનો બનતો નથી. સિવાય કે તે સ્થળ 'કોમન ગેમિંગ હાઉસ' તરીકે ચલાવાતી હોય અને તેમાંથી કોઈ આર્થિક લાભ કે નફો મેળવવામાં આવતો હોય.

વર્ષ 2018માં અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં આવેલા એક ફ્લેટમાં પોલીસ દ્વારા દરોડો પડાયો હતો. પોલીસને બાતમી મળી હતી કે ત્યાં જુગાર રમાઈ રહ્યો છે. આ દરોડામાં પોલીસે 5 વ્યક્તિને પત્તા રમતા પકડી પાડી હતી અને તેમની પાસેથી રોકડ રકમ તેમજ પત્તા કબજે કર્યા હતા. આ મામલે આનંદનગર પોલીસ સ્ટેશનમાં જુગારધારાની કલમ 4 અને 5 હેઠળ ગુનો દાખલ કરાયો હતો. આ કેસમાં આરોપીઓએ હાઈકોર્ટમાં FIR રદ કરવા માટે અરજી કરી હતી. અરજદારોના વકીલે દલીલ કરી હતી કે, કોઈના ખાનગી ઘરમાં પત્તા રમવા માત્રથી તે 'કોમન ગેમિંગ હાઉસ' (જુગારધામ) ગણાઈ જતું નથી.

આ અંગે ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ પી. એમ. રાવલની કોર્ટે મહત્ત્વપૂર્ણ અવલોકન કરતા જણાવ્યું કે, આ પ્રકારની બાબતને ગુનો સાબિત કરવા તેમાં નફાનું



તત્ત્વ જરૂરી છે. કાયદા હેઠળ કોઈ સ્થળને 'કોમન ગેમિંગ હાઉસ' (જુગારનો અડ્ડો) ત્યારે જ કહી શકાય, જ્યારે તેનો માલિક કે કબજેદાર ત્યાં પત્તા રમવા માટે કોઈ ચાર્જ વસૂલતો હોય અથવા તેમાંથી આર્થિક નફો કે લાભ મેળવતો હોય. પોલીસની ફરિયાદમાં આવી કોઈ સ્પષ્ટતા કે પુરાવા નહોતા કે જે સાબિત કરી શકે કે તે ઘરને નફાના હેતુથી જુગારના એક અડ્ડા તરીકે ચલાવાતું હતું.

કોર્ટે પોલીસ દ્વારા જે રીતે સર્ચ વોરન્ટ મેળવાયું હતું, તેના પર પણ સવાલ ઉઠાવ્યા હતા. પોલીસને બાતમી મળી અને માત્ર 23 મિનિટમાં વોરન્ટ મેળવીને દરોડો પડાયું. કોર્ટે કહ્યું કે આ ઉતાવળ દર્શાવે છે કે સક્ષમ અધિકારીએ પૂરતી તપાસ કર્યા વગર અને મગજ વાપર્યા વગર જ વોરન્ટ ઈસ્યૂ કર્યું હતું. એટલું જ નહીં, FIRમાં ક્યાંય 'જુગાર ખાના' શબ્દનો ઉલ્લેખ નથી અને માત્ર ઘરમાં પત્તા અને રોકડ મળી આવવાથી તેને જુગારનો અડ્ડો માની શકાય નહીં.

આ અંગે ગુજરાત હાઈકોર્ટે કાયદાકીય જોગવાઈઓને ટાંકીને જણાવ્યું હતું કે, જો ફરિયાદમાં તે જગ્યા 'કોમન ગેમિંગ હાઉસ' હોવાનો પુરાવો કે દલીલ ન હોય, તો માત્ર ખાનગી ઘરમાં પત્તા રમવાને કારણે જુગાર ધારાની કલમો લાગુ કરી શકાય નહીં. આ સાથે જ કોર્ટે આરોપીઓ સામેની FIR અને તેની કાર્યવાહી રદ કરવાનો આદેશ આપ્યો છે.

નોંધનીય છે કે, આ ચુકાદાથી સ્પષ્ટ થાય છે કે, ખાનગી મિલકતમાં મિત્રો કે પરિવાર સાથે પત્તા રમવા જેવી પ્રવૃત્તિઓ કાયદાની નજરમાં ત્યાં સુધી ગુનો નથી જ્યાં સુધી તેમાં નફો મેળવવાનો ઈરાદો ન હોય.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599

